
OFFICE OF THE DIRECTOR GENERAL OF ARCHAEOLOGY
Library Regn No
INDIA


OFFICE OF THE DIRECTOR GENERAL OF ARCH
Library Regr No
INDIA.

THE

DINKARD.

THE ORIGINAL PEHLWI TEXT; THE SAME TRANSLITERATED IN ZEND CHARACTERS; TRANSLATIONS OF THE TEXT IN THE GUJRATI AND ENGLISH LANGUAGES; A COMMENTARY AND A GLOSSARY OF SELECT TERMS.

BY

PESHOTUN DUSTOOR BEHRAMJEE SUNJANA.

VOL. I.



PUBLISHED UNDER THE PATRONAGE

OF THE

SIR JAMSEDJI JIJIBHAI TRANSLATION FUND.



Bombay:
PRINTED AT THE DUFTUR ASHKARA PRESS
BY BEHRAMJEE FURDOONJEE & Co.
6 & 11 BEHRAMJI HORMASJI STREET, FORT.

IN THE YEAR 1243 OF YEJDAJARD AND 1874 OF CHRIST.

To,

The Honorable Sir Jamsetji Jijeebhoy Bart., C.S.I.,
Hirjibhoy Hormasji Sett Esquire,
Mehrwanji Framji Panday Esquire,
Cursetji Furdoonji Parakh Esquire,
Dinshawji Maneckji Petit Esquire,
Trustees of the Sir Jamsetji Jijeebhoy Translation Fund.

Gentlemen,

The Dinkard is an ancient and valuable work intimately connected with our holy religion; and I feel, I am doing myself honour in dedicating it to you in recognition of your religious zeal, and your praiseworthy desire to place the benefits of a translation thereof within the reach of the Zoroastrian public.

I remain,
Gentlemen,
Your well-wisher for ever

PESHOTUN DUSTOOR BEHRAMJEE SUNJANA.

દીનકર્દ કેતાબ

તેહની

અસલ પેહલવી એબારત, ઉચ્ચાર, ગુજરાતી તથા ઈંગરેજી તરજુમો, શરેહ, અને અગતજોગ પેહલવી શબ્દોની ફરહંગ સાથે.

બનાવનાર,

પેશોતન દસતુર બેહરામજી સંજાણા.

દફતર પેહલલું.

સર જમશેદજી જીજીભાઈ ટરાંસલેશન ફંડના આસરા હેઠલ
છપાવી પરગટ કરીઊંછે.



મુંબઈ,

દફતર આશકારા છાપાખાંનાંમાં

બેહરાંમજી ફરદુનજીની કુંપનીએ છાપીઉંછે.

કોટ—બેહરામજી હોરમજજી સ્ટ્રીટ, નાં૦ ૬ તથા ૧૧.

સને ૧૨૪૩ ઇઝદજરદી.

સને ૧૮૭૪ ઈસવી.

નેકનાંમ ધી આનરએબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ
સી. એસ. આઈ.

શેઠજી સાહેબ હીરજીભાઈ હોરમજજી શેઠના,

શેઠજી સાહેબ મેહરવાંનજી ફરાંમજી પાંડે,

શેઠજી સાહેબ ખોરશેદજી ફરેદુનજી પારખ,

શેઠજી સાહેબ દીનશાહજી માંણેકજી પીટીટ,

સર જમશેદજી જીજીભાઈ ટરાંસલેશનં ફંડના તરસ્ટી સાહેબો જોગ.


માંનવન્ત સાહેબો,

આપણા પવીતર મજહબ સાથે સંબંધ રાખનારાં આએ કદીમ અને મોતેબર 'દીનકર્દ' નાંમનાં પુસતકનો તરજુમો કરાવીને તેહનો ફાએદો જરતોશતી આલમને પોંહચાડવાની તમો સાહેબોની ભલી ધારણા અને દીનદારીને લગતી નેક સોચનાની એક નોંધ તરીકે, આએ દફતર તમો સાહેબોને અરપણ કરવાને હું પોતાને ઈજ્જત ભરેલું સહમજું છેઊં.

નેકનાંમ સાહેબો,

હું છેઉં તમારો હમેશનો દુઆગો,

પેશોતન દસતુર બેહરાંમજી સંજાણાં.



بنام ایزد بخشاینده بخشایشگر مهربان

'દીનકર્દ' કેતાબ તેહના તરજુમા સાથે છાપવા વીશેનો ખોલાસો.

સરવે સકતીવાન પાક દાદારનાં મોબારેક નાંમની મદદથી, અને પેગમબર અશો જરતોશતનાં પાક રૂહની ઈઆરોથી, આએ 'દીનકર્દ' નાંમની ભલી મજદીઅસની દીનને લગતી મોતેબર અને કદીમ પેહલવી કેતાબ તેહના તરજુમા સાથે છાપી પરગટ કરવા વીશેનો ટુક ખોલાસો આએ પુસ્તક વાંચનારા ઘરસ્થીઓની જાંણુને સારૂં હમો અતરે કરવાની રજા લઈએછ.

પેહલવી 'દીનકર્દ' કેતાબ હાલમાં જરતોશતીઓ પાસે બચી રહેલાં પેહલવી પુસ્તકોની અંદર એક સરવેથી કદીમ, બરોસો રાખવાજોગ અને માબારત કેતાબછે, અને તેહની અંદર મજદીઅસની દીનનાં મોતેબર ફરમાંનો, પેગમબર અશો જરતોશતના જનમારાનો એહવાલ, મજદીઅસની જરતોશતી દીનની તવારીખ, તથા આએ ફાંની અને આવતી મીનોઈ દુનીઆંને લગતી ઘણીએક સારી અને ઉમદા સહમજો આપેઆમાં આવેલીછે. આએ પુસ્તકમાં સમાવેલી એકથી એક બાબત જરતોશતીઓને જાંણવા અને વાકેફ થવા જોગછે, પણ તેહતું લખાંણ બીજાં પેહલવી પુસ્તકોની માફક સલીસ અને સાદી એબારતમાં કરેલું નથી, તેમજ તેહમાં આવેલી બીનાબી સહમજવા અને જાંણવાને સારૂં તદન નવી હોવાને લીધે, તેહને જાતી અભિયાશથી ઉકલાવી તેહની મતલબ સહમજવાનું કાંમ ઘણું સખ્ત હોવાથી, જોકે આએ કેતાબને ઈરાંનથી આવેઆને નજદીક એક સદી થવા આવીછે, તોએપણ તેહમાંની એક બે બાબત શેવાએ બીજી સઘલી બાબતોનો તરજુમો કરવાની હીમત હમણાં શુધી કોઈબી પેહલવી ભાષાના અભિયાશીએ કરી નથી; એજ વાત આએ કેતાબનો તરજુમો કરવાનું કામ કેટલું મુશકેલછે તે જાંણવાને આપણને બસછે. આએ કારણ ઉપર દુરઅંદેશીથી પેઆંન આપેઆ પછી, આપણી જરતોશતી અનજુમનનાં ધરમખાતાંઓના હાલના માંનવન્ત તરસ્ટી સા-

હેમોને ઉપલાં પુસ્તકનો તરજુમો કરાવ્વા વીશેની સોચના અને ખાહેશ ઉતપન થાઈ, તે ઉપરથી એ દીનદાર સાહેબોએ 'સર જમશેદજી જીજીભાઈ તરાંસલેશન ફંડ'ના આસરા હેઠલ મજકુર કેતાબનો તરજુમો કરવાનું કાંમ હમોને સોંફીઉંછે, તે હમોએ માંન ભરેલું સહમજીને કબુલ રાખીઉંછે, અને તરસટી સાહેબોની ફરમાશ પરમાંણે નીચે લખી જણાવેલી વીગત મુજબ 'દીનકર્દ' કેતાબના તરજુમાનું આએ પેહલ્લું દફતર હમોએ છપાવી પરગટ કીધુંછે.

૧ લું—અસલ પેહલવી એબારતના ૪૦ થી ૫૦ સફા.

૨ જું—તે એબારતનો જેમ બને તેમ જંદ અખ્શરે સુધ ઉચ્ચાર.

૩ જું—તેહનો ગુજરાતી તથા ઈંગરેજી તરજુમો.

૪ થું—તેહમાં આવેલા અગતજોગ પેહલવી શબદોનો કોષ.

ઉપલી વીગત મુજબ 'દીનકર્દ' કેતાબના તરજુમાનું આએ પેહલ્લું દફતર હમોએ તઈઆર કરી વાંચનારી આલમની હજુરમાં મેલીઉંછે, અને તેહના બીજા બાગો હવે પછી પરસીધ કરવાની ઉમેદ રાખીછે. હમારીથી બનતી તપાસ રાખવા અને મેહનત લેવા છતાં આએ કેતાબની ભાષાનાં બીકટ ઉકલાંમણને લીધે આએ હમારૂં પુસ્તક તદન ખાંમી વગરનુંછે હેવું હમારીથી કેહવાઈ સકાતું નથી.

માહરે જણાવ્વું જોઈએછે કે 'દીનકર્દ' કેતાબનું અસલ પેહલવી પુસ્તક સઘલું એક વખતે અને એકજ લખનારની તરફથી લખાએલું દીશતું નથી, પણ તેહના જુદા જુદા બાગો જુદે જુદે વખતે લખાએલા જોવામાં આવેછે; તેહમાં આએ કેતાબ પરથમમાં ઉપલાં નાંમથી કયાની પાદશાહ ગુશતાસ્પ એબને લોહરાસ્પના વખતમાં આપણા પેગમબર અશો જરતોશતના મુખ્ય શાગેરદે અશો જરતોશતના ખાસ વીચારથી લખી હતી, તેહની નકલો પાદશાહ ગુશતાસ્પના હોકમથી લોકોમાં ફેલાવી હતી, અને અસલ કેતાબને પાદશાહી દફતરખાંનાંમાં અને તેહની એક નકલને 'દેજે નપેશતે'* માં બીજાં પુસ્તકોની સાથે જાલવીને રાખી હતી. તેહમાંથી પાદશાહી પુસ્તકખાંનાંમાં રાખેલી નકલ સેકંદર રૂમી ઈરાંનનાં પાએતખ્ત ઉપર આવેઓ તે વેલા તેહને મલી હતી, અને તેવાર પછી સાસાની ઓલાદના પાદશાહ અરદેશેર બાબકાંને ઈરાંનનું રાજ પોતાનાં સવાધીનમાં લીધું તે વેલા ઉપલી કેતાબ તેહને જુદા પડેલા જુજો-

---

* 'દેજે નપેશતે' એ કયાની પાદશાહ ગુશતાસ્પે જરતોશતી મજહબને લગતાં પુસ્તકોને જાલવણીથી રાખવા સારૂ એસ્તખરમાં એક મારફેજત ભરેલું મકાંન બંધાવીઉં હતું તેહને કેહછે.

ના આકારમાં મલી હતી, તેહને તે પાદશાહે બીજાં દીનનાં પુસ્તકોની સાથે તોસરે નાંમના એક કાબેલ દસતુરની મારફતે કેટલીએક તપાસ અને ચોકસાઈથી તેહની અસલ હાલત પરમાણે એક જલદમાં કરાવી હતી, અને તેહની બીજી નકલોનો લોકોમાં ફેલાવો કરેઓ હતો. તેઆર પછી દસતુરાંન દસતુર આદરફરોબગ એબને ફરોખજાદે બીજાં દીનનાં દફતરોને આધારે પોતાની તરફથી દીનને લગતું કેટલુંએક લખાંણ કરીને તેહમાં વધારો કીધો હતો.*

હાલમાં માહરે 'દીનકર્દ' કેતાબની સેવટે લખાએલાં લખાંણને આધારે આટલું જણાવવું જોઈએછે કે 'દીનકર્દ' કેતાબની દસતુરાંન દસતુર આદરફરોબગ ફરોખજાદ વાલી અસલ નકલ તે દસતુરની ઓલાદથી ઉતરતા આવેલા એક પેશવાની પાસેથી જરતોશતીઓ ઉપર પડેલા હાદેસાના વખતમાં (ઈઆને જરતોશતીઓની હકુમત ગીઆ પછી) ઘણી પુરાંણી હાલતમાં તે વખતના દસતુર આદરબાદ એબને આદમીતને મલી હતી, અને દસતુર આદરબાદ આદમીતે તે ઉપરથી ઘણો સંભાલ રાખીને એકનકલ કરી હતી તે નકલ ઉપરથી ઈઅનજદજરદી શને ૩૫૯ માં દસતુર માહવંન્દાદ રમીઆંને બેહરાંમે કરેલી 'દીનકર્દ' ની નકલ ઉપરથી એક પછી એક થતી આવેલી નકલો મધેની દસતુર રૂસતમ ગુશતાસ્પ અરદેશેરને હાથની છેલ્લી એક નકલ આસરે એકસો વરસની મુદત ઉપર યજદ શેહરનો રેહવાસી મુલ્લાં બેહમન એબને મુલ્લાં બેહરાંમ નાંમનો એક જરતોશતી સુરત ખાતે લાવેઓ હતો, અને તેણે તે પુસ્તક સુરત ખાતે મરહુમ શેઠ અસ્પંદીઆરશાહ એબને રતનજીશાહને ભેટ દાખલ આપીઉં હતું.† તે ઉપરથી મરહુમ શેઠ અસ્પંદીઆરશાહે શને ૧૧૫૬ ઈઅનજદજરદીનાં સાલમાં એક નકલ કરાવીને મુંબઈ ખાતેંના તે વખતના શેઠીઆઓ મરહુમ શેઠ નાંનાંભાઈ

---

* આએ એહવાલ 'દીનકર્દ' કેતાબના મધ્ય ભાગમાં આએ કેતાબ વીશે જાહેર કરેલાં વરણન ઉપરથી હમોએ આપેઓછે.

† આએ ઈરાંનથી આવેલું પુસ્તક હમારા મરહુમ મીત્તર દસતુર અરદેશેરજી રૂસતમજી મુલાં ફીરોજજીનાની મેહરબાંનગીથી આસરે એક વરસ સુધી હમારી પાસે રહીઉં હતું, તે અસલ પુસ્તક સાથે હમોએ હમારી પાસની હાલની દસતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાંણાંનાં પુસ્તકખાંનાં ખાતેની 'દીનકર્દ' ની નકલને મેલવીછે. આએ કેતાબ શુરત ખાતે આવેઆ પછી તેહમાંથી જુદે જુદે ઠેકાણેથી કેટલાએક જુજો કોઈ શખ્સે કાંઈ મતલબથી કાહડી લીધા હતા, તે અસલ જુજો મધેના પાંચ જુજો તથા હમોએ નીચે જણાવેલી તરીજા નંબર વાલી 'દીનકર્દ' ની નકલ હમોને નોસારીના વડા દસતુરજી સાહેબ કેકોબાદજી રૂસતમજી મેહરજીરાંણાંવાલાનાં પુસ્તકખાંનાં ખાતેથી હમારા મીત્તર દસતુર રૂસતમજી કેકોબાદજીએ મેહરબાંનગીની રાહે આએ કાંમમાં વાપરવા સારૂં મોકલીછે, તેમજ બીજા જુજોની નકલ હમારા બીજા એક બે મેહરબાંન દોસ્તોની તરફથી હમોને મલીછે.

બેહરાંમજી, વાડીઆજી શેઠ માંણેકજી નવરોજજી તથા વાડીઆજી શેઠ બેહમનજી નવરોજજી અને શેઠ દાદાભાઈ નોશેરવાંનજી જોગ મોકલી હતી, તે અસલ નકલ હમણાં હમારા મરહુમ મુરબી દસતુરજી સાહેબ એદલજી દારાબજી શંજાંણાંનાં પુસતકખાંનાંમાં હમારી પાસેછે.

આએ દફતરમાં હમોએ 'દીનકર્દ' કેતાબનું અસલ લખાંણ આએ નીચે જણાવેલી ચેઆર નકલોના આધાર ઉપરથી ચોકસ કરીને આપીઉંછે.

૧ લી—મુંબઈના શેહનશાહી જરતોશતીઓના વડા દસતુરજી સાહેબ એદલજી દારાબજી શંજાંણાંનાં પુસતકખાંનાં મધેની નકલ.

૨ જી—મરહુમ દસતુરજી સાહેબ પેહમુલજી નવરોજજી શંજાંણાંને હાથની સુરત ખાતે કરેલી નકલ.

૩ જી—નોસારીના વડા દસતુરજી સાહેબ રૂસતમજી નોશેરવાંનજી મેહરજીરાંણાવાલાને હાથની લખેલી નકલ.

૪ થી—મોબદ મીનોચેહરજી જામાસ્પજી વાછાનાં પુસ્તકખાંનાં મધેની નકલ.*

આએ ઉપર જણાવેલી નકલોમાંની જેબી નકલમાં કોઈ ફેરફાર લખાંણ અથવા એમલો હમોને મલેઓછે તે વીશે નીચે નોટમાં પેહલીને સારૂ દ. એ; બીજીને સારૂ દ. તે; તરીજીને સારૂ દ. રૂ; અને ચોથીને સારૂ મ. મ; ઈત્યાદી સંખ્શેપ નાંમોથી હમોએ ખોલાસો કરેઓછે.

વલી આએ દફતરમાં હમારી તરફથી પેહલવી શબદોના ઉચ્ચાર આપેઆમાં આવેઆછે, તેહમાં દરીએક સેમીટીક બોલનો ઉચ્ચાર તેહનાં અસલ ધાતુની સાથે સરખાવીને તેહને આધારે આપેઆમાં આવેઓછે, તે ઉચ્ચાર 'માલીકનાંમે અસુરી' માં પેહલવી અખશરે લખાએલા પેહલવી શબદોને મલતા આવેછે, પણ તેહની નીચે જંદ અખશરે લખાએલા ઉચ્ચારને તે મલતા આવતા નથી, અને તેહનું કારણ હમારી કરેલી હાલની શોધ ઉપરથી હમોને હેવું જણાએછે કે, આગલા વખતમાં આપણા લોકો પેહલવી લખાંણમાં સેમીટીક બોલો

* આએ નકલ હમારા માસ્તર મોબદ મીનોચેહરજી જમાસ્પજી વાછાએ મેહરબાંનગીની રાહે હમોને વાપરવા સારૂં આપીછે, હમારી પોતાની તપાસ મુજબ આએ છેલ્લી નકલ મરહુમ મોબદ જમાસ્પજી ફરેદુનજી વાછાએ અસલ ઈરાંનથી આવેલી દસતુર રૂસ્તમ-ગુશતાસ્પવાલી નકલ ઉપરથી ઘણા સંભાલથી ચોકસ તપાસ રાખીને કરેલીછે. આએ અને બીજા તથા તરીજા નંબર વાલી 'દીનકર્દ' ની નકલ આસરે અરધી સદી અથવા તેથી વધારે વરસ ઉપર કરેઆમાં આવેલીછે.

લખવા છતાં તેહને તેહના અસલ ઉચ્ચારે વાંચતા નહી હતા, પણ તેહના એક-સરખા અર્થવાલા બીજા ઇરાંની પેહલવી શબ્દથી તેહનો ઉચ્ચાર કરતા હતા; જેહની સાબેતી દસતુર નેરીઓસંગ ધવલે અને તેહની આગમમના બીજા પેહલવી વીદીયાર્થીઓએ હાલ શુધીમાં જેજે પેહલવી પુસ્તકો તથા રેસાલાઓનો જંદ અખ્શરે ઉચ્ચાર આપવા સાથે તેહનો તરજુમો કરેઓછે, તે ઉપરથી આપણને મલેછે. આએ રીતે સેમીટીક શબ્દોને તેહના અસલ ઉચ્ચારથી વાંચવાનો મોહાવેરો આપણામાં ચાલુ નહી રેહવાના સબબથી, હાએસ્તે હાએસ્તે તે બોલોના અસલ ઉચ્ચારની યાદદાશત આપણા લોકો પાસેથી જતી રેહી હતી, અને 'માલીકનાંમે અસુરી' ના બનાવનારે પેહલવી ભાષામાં વપરાતા સેમીટીક બોલોની જેઆરે શબ્દકોષ આપી હતી તેવારેતો તેણે અસલ બોલોને પેહલવી અખ્શરે લખેઆ હતા અને તેહનો ફારસી અર્થ તેહની નીચે જંદ અખ્શરે લખેઓ હતો; પણ ઉપર જણાવેઆ પરમાંણે સેમીટીક બોલોનું વંચાંણ તેહનોથી તદન જુદા બોલોએ કરવાનું કાંમ લાંમબી મુદતવેર એકસરખી રીતે ચાલુ રેહવાને લીધે તેહના અસલ ઉચ્ચારોની યાદદાસત આપણા લોકોમાંથી ધણીખરી નીકલી ગીઆ પછી, ઉપલી કેતાબમાં છેક પછવાડેથી તેહના પેહલવી એમલાઓ પેહલવી અખ્શરની એકસરખી વલાંણને આધારે જેમ વંચાઇ સકેઆ તેમ વાંચીને તેહના ઉચ્ચારો આપેઆમાં આવેઆછે, અને તેહને આધારે હમણાં શુધી આપણા લોકો પેહલવી પુસ્તકમાં વપરાએલા સેમીટીક બોલોને વાંચતા આવેઆ છઈએ. મારે આએ વેલા તે ચાલતો આવેલી રીતીમાં ફેરફાર કરવાનું હમોએ ઘટતું જોયુંછે, અને તેહના શુધ ઉચ્ચાર આપવાની આએ પુસ્તકમાં હમોને જરૂર જણાઇછે.

યુરોપખંડના કાબેલ વીદવાંન ડાકટરો ફરેડરીક સ્પીગલ, મારટીન હાઉગ, યુસ્ટી અને બીજાઓએ પેહલવી પુસ્તકોમાં વપરાએલા સેમીટીક બોલોના ઉચ્ચાર પોતાની તરફની જાતી સોધથી ઘણી મેહનત લેઇને આપેઆછે, પણ તેઓ તે ઉચ્ચારો આપવામાં એકબીજાને મલતા ઉતરેઆ નથી; તેહમાં આપણી ટાપુમાં જાંણીતા વીદવાંન મારટીન હાઉગે આએ સેમીટીક બોલોના સુધ ઉચ્ચારો આપવાની તારીફ લાએક શોધ અને કુશેશ કરીછે, અને તેણે આપેલા ઉચ્ચારો ઘણેએક દરજજે સુધ અને સહીછે; તે છતાં હમોએ આએ વીદવાંનોની સોધને આધારે ઉચ્ચારો આપવાની હીમત કરી નથી, પણ આએ પુસ્તકમાં આવેલા દરએક સેમીટીક બોલને હમારી તરફથી જાતી મેહનત લેઇને તેહને લગતાં હીબરૂ, ચેઆલડી, સેમીરીટન, સીરીયાક, અને અરબી ધાતુઓ

તથા શબ્દોની સાથે તેહના એકમલતા અર્થ અને ઉચ્ચારમાં સરખાવીને તેહનો ઉચ્ચાર તથા અર્થ કરેઓછે, અને જે બોલનું ખાતેરી ભરેલું ધાતુ હમોને ઉપલી ભાષાઓમાં મલીઉં નથી, તેહનો ઉચ્ચાર ચાલુ ઉચ્ચારને આધારે મેલેઓછે. તેમજ કેટલાએક સેમીટીક ચોકસ અખ્શરોની પેહલવી લખાંણમાં તબદીલ થાએલીછે, તેહનો ઉચ્ચાર હમોએ તેજ હાલતમાં કરેલોછે. એ સેવાએ પેહલવી ભાષામાં વપરાએલા ઈરાંની શબ્દોની અંદર લખાએલા [illegible] નો ઉચ્ચાર [illegible], [illegible], [illegible] અને [illegible] ઈત્યાદી થાએછે, તેહમાં [illegible] ને બદલે હમોએ તેહનો ઉચ્ચાર [illegible] નોજ કરેઓછે. [illegible] નો ઉચ્ચાર જાંહાં ૩-૩ લખાએલોછે તાંહાંજ કરેઓછે. એ ઉપરાંત પેહલવી લખાંણની અંદરથી નકલ કરનારની ગફલતીને લીધે કોઈ બોલ અથવા અખ્શર હમોને નીકલી ગએલો જણાઓછે તેહને ( ) આએ આકારના વલાએઆની અંદર હમોએ મેલેઓછે. એ સેવાએ ઈરાંની શબ્દોના ઉચ્ચારમાં અખ્શરના એકસરખા આકારને લીધે કેટલાએક જંદ શબ્દો ઉપરથી નીકલેલા પેહલવી લોગતોના ફેરવાએલા ઉચ્ચારને તેહના અસલ જંદ બોલની સાથે સરખાવીને તેહને ઘટતી હાલતમાં મેલેઆછે. આએ પુસ્તકને લગતી સેવટની તપાસ કરતાં હમોને જણાઈઉંછે કે શબ્દકોષની અંદર કાંઈએક સાધારણ સેમીટીક ભ્રોલો નજર ચુકને લીધે આપવાના રેહી ગીઆછે, તે હવે પછીનાં બીજાં દફતરમાં તેહની ઘટતી જગોએ આપીશું.

'દીનકર્દ' કેતાબની શરૂઆતના આંગલા તરણ સફાઓ અસલ પુસ્તકમાંથી નીકલી જવાને લીધે ચોથા સફાથી તેહનું લખાંણ રહેલુંછે, તેજ મુજબ હમોએ આએ દફતરની શરૂઆત કરેલીછે, અને તેવાર પછીનાં નવ સફાનાં લખાંણની અંદર ઉધઈથી ખવાઈ ગએલી એબારતની જગોએ ઈરાંનથી શુરત ખાતે આવેલી નકલમાં તે વીગેની તેહનાં પરમાંણ મુજબ લખનારે જગા મેલેલી છે, અને તેજ પરમાંણે અતરેની સઘલી નકલનું લખાંણ થાએલુંછે, તે મુજબ હમોએ પણ અસલ એબારતનું લખાંણ આપીઉંછે. 'દીનકર્દ' કેતાબની શરૂઆતમાં આવેલા તરીજા સવાલથી દરીએક બાબતને મથાલે એકથી ચહડતા ફારસી આંક મેલીને આએ પુસ્તકમાં આવેલી બાબતોની ચહડતી સંખ્યા હમોએ આપીછે, અને તેજ ફારસી આંક તે બાબતના ઉચ્ચાર અને તરજુમાને મથાલે પણ મેલેઆછે, કે તેથી આએ પુસ્તકના અભિયાસીઓને તે અસલ બાબતને લગતા ઉચ્ચાર અને તરજુમાનો અભિયાસ કરવાને સવલ પડે અને બની આવે. આએ કેતાબનો તરજુમો હમોએ 'દીનકર્દ'ની સાતમી બાબતથી આપેઓછે, કારણ કે આગલી બાબતો મધેથી જગો જગોએથી ગએલી એબાર-

તને લીધે તેહનો તરજુમો સહુમજ પડે તેહવી એબારતમાં થાઈ સકેઓ નથી. આએ પુસ્તકમાં દરએક બાબતને લગતા ફકરાઓ ઉપર એકથી ચહડતા ગુજરાતી તેમજ ઈંગરેજી આંક મેલેઆમાં આવેલાછે, તેજ પરમાંણે તેહના ઉચ્ચાર અને તરજુમાની અંદર ફકરો શરૂ થતી લીટીનો સાંહાંમણે હાંથીઆ ઉપર તે આંકો મેલેઆમાં આવેલાછે. આએ દફતરમાં આવેલા શબ્દકોષની અંદર હમોએ દરએક સેમીટીક બોલનો અર્થ આપેઓછે, અને ઈરાંની બોલોમાંનાં અગતજોગ અને ઘણા કમ વપરાતા શબ્દોનોજ અર્થ આપેઓછે.

'દીનકર્દ' કેતાબનો ગુજરાતી તરજુમો હમોએ અસલ પેહલવી લખાંણની રચના ઉપરથી કરેઓછે, અને તેહમાં દરએક ફકરાનું લખાંણ જેમ અસલ એબારતમાં થએલુંછે તે મુજબનો તેહનો તરજુમો હમોએ આપેઓછે; તેથી આએ તરજુમો સાધારણ વાંચનારને તુરતં ધેયાનમાં આવે હેવો સેહલો દેખાસે નહી; પણ તેમ કરવામાં હમારી તરફથી પેહલવી ભાષાના અભિયાસીઓને તેઓના અભિયાશની અનદર આએ તરજુમો ઉપીયોગી થાએ હેવી ધારણા વધારે રાખેઆમાં આવેલીછે. હમારા ગુજરાતી તરજુમાં ઉપરથી મી૦ રતનશાહ એરચશાહ કોહિયારે તેહેનો ઈંગ્રેજી તરજુમો કરેઓછે.

આએ ખોલાસો પુરો કરતાં હમારા જે મેહરબાંન મીતુરોએ આએ પુસ્તકને લગતાં આસપાસનાં કાંમમાં હમોને સાહેતા કીછે, તથા જે ભલા ધરસ્યોએ આએ પુસ્તક ખરીદ કરીને તેહને ઘટતો આસરો આપેઓછે તે સાહેબોનો હમો ઘટતાં માંન સાથે અતરે ઉપકાર માંણીએછ.

મુંબઈ, રોજ ૧૯ મો માહ ૯ મો સને ૧૨૪૩ ઇઅજદજરદી.

પેશોતન દસતુર બેહરાંમજી સંજાંણા.



સાંકલીઉં.

દીનકર્દ કેતાબનો તરજુમો.

૯ મો સવાલ. (V)

વલી આશમોઘે* પુછીઉં કે: જે કાંઈ 'માથ્રે'† (ઇઆને અવ- ૧
સ્તામાં લખાએલી એબાદત અથવા બંદગી) છે તે શું વારતા તરીકેછે ? (કા-
રણ કે) તે સઘલી ફરશોસ્તર,‡ જામાસ્પ,‡ હોમ, અને ઇજદો, તથા જરતો- ૨

---

* આશમોગ—એ ખોલ અવસ્તામાં વપરાએલા [illegible] અશેમઓઘ: શબ્દ ઉપરથી નીકલેલોછે, જેહનો અર્થ 'પવીતરાઇને ખલલ કરનાર' નો થાએછે, અને તે ઉપરથી આપણા લોકોમાં જે કોઈ દીનમાં ખલલ કરનાર, તથા ટોલામાં ફેસાદ ઉપજાવનાર અને એક બીજામાં અથરાંમણી કરાવનારે હોએ તેહવા શખસને એ નાંમ આપેઆમાં આવેલુછે. જે શખસે ઉપલો અને તે પછીના બીજા સવાલો કરેઆછે તે સવાલ કરનાર તેહના જવાબ આપનાર ધરમગુરૂને ઉપલી કેસમનો જણાવાથી તેણે પોતાની તરફથી તેહને 'આશમોઘ' ને નાંમે જણાવેલોછે.

† માથ્રે—એ આપણાં જરતોશતી ધરમ પુસ્તકને લગતા કુલે અવસ્તા 'ગાથા', 'દાતે' અને 'માથ્રે' ઇતીઆદી તરણ ભાગમાં રચાએલાછે, તે સવેના છેલ્લા ભાગને લગતા અવસ્તાછે. ગાથા—એ કવિતાની અંદર લખાએલા અવસ્તાછે, અને તેહની અંદર સઘલી મીનોઇ દુનીઆને લગતી સમજ તથા તેહને લગતાં કાંમનું વરણન કરેલુ છે. 'દાતે'—એ ચાલુ એબારતમાં લખાએલા અવસ્તાછે, અને તેહની અંદર આએ દુનીઆમાં માંણસે કાએદાસર કેમ ચાલવું અને શું કરવું તે વીશેની સમજ આપેલીછે. અને અવસ્તાનો છેહલો ભાગ જે 'માથ્રે' નોછે, તે બંને જેહાંનની વચ્ચે માંણસનો સંબંધ પાક ખોદાએતાલાની તરફ જોડેલો રાખનારા વસીલા તરીકેછે; કારણ કે તે ગમેતા વાલી ઇબાદત અને બંદગી કરવાને લગતો ભાગછે, અને તેહની અંદર પાક ખોદાએતાલા અને તેહની પેદા કરેલી કુદરતવાલી સકતી તથા ગુણોને લગતું બએઆંન અને શિકાંમણ આવેલીછે.

‡ ફરશોસ્તર અને જામાસ્પ, એ બંને 'હવુબ' ના બેટા અને પેગમબર અશો જરતોશતના શાગેરદ તથા જમાઇ હતા; એવોમાંનો બીજો ભાઇ જામાસ્પ, કયાંની પાદશાહ ગુશતાસ્પનો વજીર હતો, અને ફરશોસ્તર, પાદશાહ ગુશતાસ્પના હોકમથી તે વખતના અથોરનાનોને ધરમી કેલવણી આપનારા વડા ઉસ્તાદ તરીકે ધરમની મદરેસાનો ગુરૂ હતો.

શતની આગમચના અને દાયુન* પછી પેદા થનારાઓની વાંનીમાં અહુરમજદે જરતોશતને કહેલીછે; (અને) તે ઉપરથી હમારૂં એ મતછે કે, અહુરમજદનું જરતોશતને કેહવું એ ગાથાના સરોદછે, અને બીજું જરતોશત અને તેહના શાગેરદોએ દુનીઆઇ કેહેવત ઉપરથી બનાવેલુંછે; પણ તે સારો વીસવાસ રાખવાથી (લોકોમાં) ધરમને લગતું ગણાએલુંછે.

જવાબ.

૩ જાંણવું કે: (ગાથા સેવાએ) બીજી 'માથ્રે' (જેમ તેહની ભાષાની રચનામાં) ગાથાથી જુદીછે, તેમજ તે ચહડતે દરજેની ગવાહીની અંદરબી (ગાથાથી) જુદીછે, તોએપણ તેહની ઉતપન્તી 'યથા અહૂ વએરીયો' ની કવિતા ઉપરથી થાએલીછે†, અને તેહની અંદર ખુદ અહુરમજદની હરવેસ્પ આગાહી વાલી સકતી તથા (પેદાએશને) પેદા કરવા વીશેની ગવાહીછે. માટે આદમીની દાંનાઇથી તેહનાં પ્રકરણમાંનું કોઈ પ્રકરણ ખચીત (બનેલું) નથી, અને ઘણીએક ફેલાવો પાંમેલી વારતા ઉપરથી તે બની સકે નહી. જો એ પરકારે વાતચીતના આકારમાં જરતોશતને કેહવાએલી 'માથ્રે' સઘલી અહુરમજદની નહી હોએ, તથા જુદા જુદા શખસોના આવાજમાં તે (માથ્રે) ને કેહવાથી તેહનો જાહેર કરનાર અહુરમજદ નહી થકેતો, આએ 'માથ્રે' ની અંદર જરતોશત તથા બીજા ભલા અને બુરા લોકો, તેમજ દેવો અને ગનાહમીનો લગીની જે કાંઈ ભવિષ્યવાંની અહુરમજદની તરફથી જરતોશતને કેહામાં આવેલીછે, તેબી ગનાહમીનો અને દેવોની

---

* દાયુન—આએ નાંમીચા ધરસ્થ વીશે આએ 'દીનકર્દ' કેતાબના પાછલા ભાગમાં વરણન આવેલુંછે, તેહમાં જણાવીઉંછે કે પેગમબર જરતોશત પછી ૨૦૦) વરસની મુદતે તેહનો જનમ થયો હતો અને ૧૦૦) વરસ તેણે આએ દુનીઆંમાં જીનદગી ગુજારી હતી.

† માથ્રે, ની ઉતપન્તી 'યથા અહૂ વએરીઓ' ની કવિતા ઉપરથી થાએલીછે—તેહની મતલબ એછેકે: આપણી જરતોશતી દીનનાં ફરમાંન મુજબ પાક દાદારે પરથમ 'અહુનવર' ઇઆને 'યથા અહૂ વએરીઓ' ના અવસ્તાની ઉતપન્તી કીધી, કે જે અવસ્તાની રચના 'ગાથા' ઇઆને કવિતાનાં રૂપની અંદર થાએલીછે, અને 'અહુનવર'ના તરણ ફકરા ઉપરથી 'ગાથા' 'દાતે' અને 'માથ્રે' ને લગતા અવસ્તાના તરણ ભાગની તથા 'અહુનવર' ના દરએક ફકરાના એકેક શબ્દ ઉપરથી આએ તરંણે ભાગને લગતા સાત સાતને હેસાબે ૨૧ નુસ્કની રાચના કરેલીછે; તે ઉપરથી ઉપલી એબારતમાં 'માથ્રે' ની ઉતપન્તી 'યથા અહૂ વએરીઓ' ની કવિતા ઉપરથી થાએલીછે કરી જણાવેલુંછે.

થકે અને 'માથ્રે' તથા 'દાતે' જે દેવને દુર કરનારાં (હથીઆર) છે,* તે
દેવની તરફથી કેહવાએલાં ગણાએ. માંટે (જાંણવું કે) અહુરમજદે જર-
તોશતને ઘણા (જુદા જુદા શખ્સો) ના આવાજમાં 'માથ્રે' કહેલીછે તે,
જરતોશતને અહુરમજદની તરફથી પુરતી સહમજ આપવા સારૂંછે, અને
તે (કોઈબી પરકારે) વાંધો લેવાજોગ નથી. (કારણ કે) જેમ 'ગાથા' સઘલા
અહુરમજદે જરતોશતને કહેલાછે, તે જરતોશત, અમેશાસ્પન્દો, ગોશોરૂન
અને બીજા ઈજદોના આવાજમાંછે, અને તે સઘલા અહુરમજદે જરતોશતને
કહેલાછે, તે વીસે તમોને મુતલક વાંધો નથી, (તેમ 'માથ્રે' વીસેબી વાંધો
લેવો નહી જોઈએ. પણ તે અહુરમજદની પાસબાંનીને લગતા (માથ્રેના) ૪
કલામ વીસે તેહને ખરાબ વીચાર આવ્યો અને ઉલટુ દેખાવું, (એ માતરે)
આશમોગના (જાતી) ખવાસથીછે.

સવાલ ૧૦ મો. (A)

આશમોગે (દસમો) સવાલ (એ) કીધો કે: આતશની ઉપર લીલી કા- ૧
ઠી બાલવી તેહને તમો ગુનાહ તરીકે કેમ કેહવોચ ? તે (કાંઈ ગુનાહ ત-
રીકે) નથી ?

જવાબ.

જાંણવું કે: આતશની ઉપર લીલી કાઠી મુકવાથી તેના બિનાસને ૨
લીધે આતશને બુજાવા તથા તે કાઠીને સુકવ્વાની અનઘટતી રીતે આતશ-
ને જેહમત પોહચવાના કારણને લીધે હમો તે (કાંમ)ને ગુનાહ તરીકે ક-
હીએ છઈએ. પણ આશમોગોને તેનું કારંણ નકાંમુ અને ધુવ જેવું
દેખાવું તેઓની આદતથીછે.

* 'માથ્રે' અને 'દાતે' દેવને દુર કરનારૂં (હથીઆર) છે—તેહની મતલબ એછેકે 'માથ્રે' અને 'દાતે'ને લગતા અવસ્તાના ભાગની અંદર જે કાંઈ બદીને દુર કરવાની, બુરાં કાંમો જે દેવને લગતાછે તેથી પરહેજ કરવાની અને બુરાઈને ઉતપન કરનારાં મુલ (જે દેવ દરૂજને નાંમે જાંણીતાં થએલાછે તેહ)ને દુર કરવાની સહમજ અને સકતીછે.


સવાલ ૧૧ મો. (૧)



૧ આશમોગે (અગીઆરમો) સવાલ (એ) કીધો કે: બેહદ દારૂ (પીવા)ને તમો ગુનાહ તરીકે સા માટે કેહવો છેઓ ? કેમકે દારૂ કાંઈ હદસર પીવાતો નથી.

જવાબ.

૨ જાણવું કે: બેહદ દારૂ પીવાને હમો ગુનાહ તરીકે કહીએ છઈએ તે વાજબીછે. કારણ કે (હમારી) દીનમાં ફરમાવેલુંછે કે જે કોઈ પુષ્કલ દારૂ પીએચ તે પુષ્કલ ખોરાક ખાએછે અને તેથી ગાથાનું ગાએન કાએદાસર
૩ નહી ગાવાને લીધે તે તકસીરવાર થાએછે. પણ આશમોગોની આદત બીજાઓનો આવાજ તેઓનું ગલું સુકવીને ફેરવ્વાની તથા તેહને લગતી એબને પસંદ કરવાનીછે તેથી (તેઓને તેહની મતલબ ઉલટી દેખાએછે.)



સવાલ ૧૨ મો. (૧°)



૧ આશમોગે (બારમો) સવાલ (એ) કીધો કે: આએ 'માથ્રે' જે અહુરમજદના કલાંમછે, તેહને હમેશાં પઢવાએ તમોને (આએ દુનીઆમાં) ઘણી ચોકસી સાથે રેહવુંછે, પણ તેમ (હમેશાં) પઢવાએ (માંણસને) ઉદીઓગ કરવાથી અટકાવ્વા માટેનો તે (એક) સબબછે; તેઆરે રવાંનને (આવતી દુનીઆમાં દોજખથી) છુટકારો મેલવ્વા સારૂ 'માથ્રે' અને 'ગાથા'ને પસંદ કરવા બાબેનું અહુરમજદનું કેહવું વાજબી કેમ ગણાએ ?

જવાબ.

૨ જાંણવું કે હમારાં હમેશનાં 'માથ્રે'ને લગતાં પઢાંણની મતલબ (હમારી તરફથી) અહુરમજદના મજહબને લગતું, આવતી દુનીઆંનો સંબંધ અને રવાંનને (દોજખથી) છુટકારો મલવા વીસે (આદમીઓને) કેહવાનીછે; કારણ કે આએ દુનીઆંનાં લોકોને (પોતાના) પેદા કરનારને પીછાંણવાંની તથા તે સાહેબની મરજી મુજબનું કાંમ કરનાર થવાની સહમજ સક્તી આપવાથી, તેઓને મીનો ઈજદો અને તેમજ દેવોને લગતી સહમ-

જતું મલવું, ઇજદોની ઇઆદ કરનાર તથા તેઓની મોહબત મેલવનાર થવું, અને દેવોની નહી ઇઆદ કરનાર તથા તેઓને ઇજા દેનાર તરીકે રેહવુંછે, અને જે કાંઈ 'દાતે', 'માંત્રે' અને 'ગાથા' (ના અવસ્તા) ને લગતી સહમજ અને (તેહને લગતાં) કાંમોછે, તે કાંમને તેહના વખત ઉપર ઘણું કરી શકવુંછે. તેથી (માંણસને) વખતને લગતી હકુમત, સરદારી, અને ઇનસાફને ચલાવ્વાની, પોતાની જાતમાં પેવસ થાએલા દરૂઝને હાંકી કાહડવાની, પેદાએશમાંથી તેહને દુર કરવાની, ખલકને છુટાપણાંએ ચલાવ્વાની, અને દુનીઆંનાં ઘણાંએક આદમીઓને સુખ આપવાની વારેઘડીએ મદદ તથા વકુફ મલતી રેહછે. અને વલી એથી જેભી ઠેકાંણે અને જેભી વખતે આશમોઘ લોકો દીનને વાસ્તેનો ઝગડો કરવા સારૂ આવે તે વેલા તેહને લગતી દાંનાઇ, દાહપણ અને કઉઅતની મારફતે સઘલા ઇજા દેનારા આશમોઘોને તોડવા, ખોદાઇ દીનથી રદ કરવા અને દુનીઆનાં લોકોથી (તેઓનાં) નોકસાનને પાછું રાખવાનો ઉપાએ થાઇ સકેછે.



એક વિદયાર્થીએ પુછેલા ૧૬ સવાલ. (૧૧)



સવાલ ૧ લો.

પેહલ્લો સવાલ એ કીધો કે : જેહારે તે ઇશવરી ગાયન કરેલા ગા- ૧
થાને લીધે, સવાબનું ચાલુ થવુંછે, તથા તે સવાબને રક્ષણ કરનારી કઉઅતને લીધે (તે કાંમને લગતા) ભલા (શખશ)ને આવતી દુનીઆને લગતી સકતીનું મલવું, અને ઓતમ બેહશતનાં મકાંનમાં પોહચવુંછે; તેઆરે તેહવી કઉઅત અને કાએદાથી મલેલા સવાબને, ભલી દીનની બદગોઇ કરવાથી તથા બીજા મરગરજાનો (ઇઆને મોતની સજાને લાએકના ગુનાહો)થી રદ થવાનું અને તેહનો બદલો નહી મલવાનું (દીનમાં) સાસારૂ જણાવેલુંછે ?

જવાબ.

જાંણવું કેઃ જે સવાબ સરંજાંમ પોહચેલો અને કઉઅતદાર થાએ- ૨
લો હોએથ, તે વગર હસ્તીનો અને રદ થતો નથી; પણ 'તંનેપસીન'

ચે

(ઈઆને હેસાબ શુમારના વખત)માં (તેહના સવાબનો ગુનાહની સા તોલ કરતાં) બલી દીનની બદગોઈ કરવાના તથા બીજા અંરગરજાન ગુનાહો- થી તે સવાબનો બદલો (તેહના ગુનાહની અંદર) ઢંકાઈ જવાને લીધે તે સવાબનું પુરવાઈ રેહવુંછે. બાકી બલી દીનની રાહે કરેલા સવાબને રદ થવું નથી. કારંણ કે, જે સવાબ આરાધનાની અંદર રદ થાયા વગર રહેલો હોએય તેહનું નાબુદ થવું, તે સવાબનાં ચહડતાં વજનને (તેહના ગુનાહના તોલની અંદર) સમાપ્ત થવાથીછે.

સવાલ ૨ જો. (૧૪)

૧ બીજો સવાલ એ કીધો કે: જો અહુરમજદનું (દીનને સારૂ) કહેલું (પરથમ) પેદા થાએલા 'મશી' અને મશીઆંનેને * જાહેર કરવા મારે હોએ, તો (દીનને વાસ્તેની અહુરમજદ અને જમશેદ વચ્ચે થાએલી) † એકબીજા સાથની પુછપરછ, મશી અને મશીઆંને પછીની કેટલીએક ઓલાદે થાએ- લીછે, તેહને(અવસ્તામાં) પેહલવેહલ્લી (પુછપરછ) તરીકે કાંએ જાહેર કરેલીછે?

જવાબ.

૨ એમછે કે: આદમીઓની અંદર પેહલવેહલાં જમશેદની સાથે (અહુર- મજદને દીનને લગતી) પુછપરછ થવા સારૂ (દીનમાં) જાહેર કરેલુંછે, તે જે-

---

* મશી-અને મશીઆને-એ ગયોમરદ પછી આએ દુનીઆંમાં પરથમ જ- ણમ પાંમેલા મરદ, તથા ઓરતને કેહછે, આએ મરદ તથા ઓરતનાં એક જોડાંથી પુરથવીપરનાં સઘલાં આદમીઓની ઉતપનતી થાઇછે. પાક અવસ્તામાં [illegible] મશ્ય, એ પુરૂષ, અને [illegible] મશ્યાનિ, એ સ્ત્રિને કેહછે. 'બુન્દેહેશને' નાંમની પેહલવી કેતાબની અંદર આદમીની ઉતપનતીનું બયાંન કરેલુ છે, તેહમાં લખેછે કે:—"મશ્ય અને મશ્યાનેને અહુરમજદે આએ પરમાંણે કહીઉં હતું કે: દુનીઆંનાં માબાપ તરીકે તમો આદમીઓ જનમેઆં છેઓ, હું એ તમોને સરવેથી ચહડતી સંપુરંણ મનસકતી આપીછે, તેથી ઇનસાફને લગતું કાંમ સંપુરંણ વીચારથી કરજો, સારાં મતને લગતું વીચારજો, સારા વચનને લગતું બોલજો અને સારી કરણીને લગતાં કાંમ કરજો. દેવોની ઇઆદ માં કરતાં."

† વંદીદાદની બીજી પરગરદમાં જણાવેલુ છે કે પેગમબર અશો જરતોશતની આગમચ દાદાર અહુરમજદે પેહલાં પાદશાહ જમશેદને મજદીઅસની દીન જાહેર કરી હતી, અને દુનીઆંનાં આદમીઓમાં તે દીનનો રેવાજ આપવા સારૂ તેહને ફરમાવીઉં હતું, અને તે મુજબ મજદીઅસની દીનનો રેવાજ આદમીઓમાં પેહ- લ્લાં પાદશાહ જમશેદે આપેઓ હતો.

ઓ વીસે વાંધોછે કે આગલાં ‘ મશી ’ અને ‘ મશીઆંને’ ની પછીનાં આદમીઓને માટે (જમશેદની મારફતે) મશહુર થાએલા મજહબ વીસેછે. (દીનની અંદર) અહુરમજદનું કહેલું ‘ મશી ’ અને ‘ મશીઆંને ’ ને જાહેર કરવા સારૂ જણાવેલુંછે તેહની મતલબ અસલ ‘ મશી ’ અને ‘ મશીઆંને ’ ને લગતી નથી; પણ જે ઓરત અને મરદો તથા જમશેદ પોતે (તે આગલાં) ‘ મશી ’ અને ‘ મશીઆંને ’ ની ઓલાદથી હતો તેઓને સારૂછે. અને તેહનો સબબ એછે કે, જો એક બીજા સાથે સવાલ જવાબ થાએતો તે, કમમાં કમ બે જણના બોલવામાં થાએ, (તે પરમાંણે) તે સવાલ જવાબના આકારનું બોલવું જેમ આપણે સારૂ અહુરમજદની તરફથી પેહલ્લાં જમશેદની સાથે થાએલું જણાવેલુંછે, તેમ (અહુરમજદની તરફથી) ‘ મશી ’ અને ‘ મશીઆંને ’ ની સાથે બોલવા તથા બતલાવ્વામાં થાએલું નથી.



સવાલ ૩ જો. (૧૪)



તરીજો સવાલ એ કીધો કે : (દીનની અંદર) જે ફરમાવેલુંછે કે, જો (ઈઓનદાથરેગર મોબેદ) ગાઉશહુદાઉ* (સાથની બાજ) ઈંજેતો (તેથી) સઘલો ખોરાક ખવાએ, તથા તે સેવાએ બીજું (નાહલી બાજ ધરીને) ઈંજે તેજ ખવાએ અને પાંણી(બી) ઈંજે તે પીવાએ તેહનું કારણ શું ! ૧

જવાબ.

જાંણવું કે : ‘ ગાઉશહુદાઉ ’ (સાથની બાજ ઈંજવા)ની અંદર વનસ્પતી તથા પાંણી રાખેઆમાં આવેછે, તેહને લીધે જેહારે આપણ ‘ ગાઉશહુદાઉ ’ ની બાજ ઈંછએ છઇએ તેઆરે (તેહમાં) વનસ્પતી અને પાં- ૨

* ગાઉશહુદાઉ–એ બોલ પાક અવસ્તાનોછે, અને એનો અર્થ ‘ ખુબી આપનારી ગાએ ’ હેવો થાએછે; પંણ એ શબ્દો અગત કરીને બરશ્નુમવાલા મોહદી ખુબ સાથના ઇઓજદાથરેગર મોબદો પાવમેહલની અંદર બરસમ બાંધીને ખાંનું ખાવાની આગમચ મોહટી બાજ ધરેછે તે બાજ ઈંજવાના અવસ્તાની અંદર પઢવામાં આવેછે, તે ઉપરથી આએ નાંમ આગલા વખતથી તે હમણાં શુધીના ઇઓજદાથરેગર મોબદોનાં વપરાંણમાં કોઇબી ઇજદ અમેશાસ્પંદ અથવા અશોફ્રોહરની બાજ ઇંજવાને લાગુ પડીઉંછે; માટે એ બોલનો અર્થ આએ જગોએ બરસમ બાંધીને મોહટી બાજ ઈંજવાનો સહમજવો, અને તેથી ઉતરતી ખાંનાંની બાજમાં ‘ અમશેસપન્તે ’ તથા ‘ યથાદીયજમેદે ’ ની બાજને સહમજવી.

ણીનું ઈજાણુ થાએછે, અને તેથી તે (બાજ) ઈજનાર (ઈઓજદાથરેગર) સઘલો ખોરાક ખાવા તથા પાંણી પીવા સારૂ યોગીઅ થાએછે. માટે (જો કોઈ) દરૂન ઈજે તેણે તે દરૂન (ઈજતી વખતે તેહ) ની સાથે ચોખ્ખી વનસ્પતી (ઈઆને ફલફુલ) રાખવાં, કે તે દરૂન (ઈજવા)ની કીરીઆમાં ઝાહડનાં ફલ તથા (બીજી) વનસ્પતીની સાથે પાંણી એકઠું હોવાને લીધે તે સઘલી વનસ્પતી તથા ઝાડનાં ફલ અને પાંણી ઈજેલું થાએ, (અને) તેથી (તે) આરાધના કરનારો (ઈઓજદાથરેગર) સઘલી વનસ્પતી તથા ઝાડનાં ફલ ખાવાને તથા પાંણી પીવાને યોગીઅ થાએ; પણ જો (તે ઈઓજદાથરેગર) દરૂન (ગાહશાહુદાકની બાજ સાથે) નહી ઈજે અને તે વનસ્પતીને લગતી ચીજને ઈજવાની બીજી વસ્તુથી (ઈઆને નાહલી બાજ ધરીને) ઈજે કે જેહમાં વનસ્પતી તથા પાણીનું ઈજાણુ થાએલું હોએતો તે(હવી કીરીઆ)થી તે ઈજનારો (ઈઓજદાથરેગર) તેજ એોરવરનો ખોરાક ખાવાને તથા પાંણી પીવાને ઈઓગીઅ થાએછે. જો પાંણીને (બાજ ધરવામાં) ઈજે અને (તે) બાજ બાગેતો તે ઈજાએલું પાંણી તે (બાજ) ઈજનાર (ઈઓજદાથરેગર)ને (પીવા) લાએકનું નથી, પણ તે (પાંણી ફરીને ઈજેલી) બાજ સાથે વગર બાજે પીવા જેવુંછે.



સવાલ ૪ થો. (૧૪)



૧ (ચોથો) સવાલ (એ) કીધો કે: (દીનની અંદર) ફરમાવેલુંછે કે (ગુનાહનો) પસ્તાવો (ઈઆને પતેત) કરવાથી દોજખને માટેનો મારગ તદન રેહતો નથી તેહનું કારણ શું ?

જવાબ.

૨ જાંણવું કે: ગુનાહથી રવાંન અપવીતર થવાએ, (તેહનો) મારગ દોજખને માટેનોછે; અને (તે) ગુનાહનું નીવારણુ તથા પવીતરાઈ મેલવ્વાના ઉપાએ બલી દીનને લગતી સહમજ ધરાવનારો દસતુર જે રવાંનની દવા કરી જાણનાર તથા રવાંનને ગુનાહથી ઘણું પાક કરનાર હોએ તેથીછે. કારણ કે (જેમ) હકીમાંનાં ધંધાની અંદર દવાઈ અને (તેહને લગતી) બીજી વસ્તુ, દરએક મરજ (નો ઉપાએ કરવા) ને સારૂં સમર્થવાનછે, અને તેહની

સહુમજ બતલાવનારો શરીરનો હકીમ છે, અને તે દુખી કાયા તથા ખોડખાંપણુ વાલાં શરીરની બીમારીનો એલાજ બતલાવનાર તથા (ઉપાએ) કરનાર હકીમ તથા હાડ વઈદની મારફતે તે બીમાર શરીરને આરાંમ થવો તથા તેહને પાછુ સુધરવું છે, તેમ ગુનાહે કરી અપવીતર તથા નજીસ થાએલાં રવાંનને, જો તે (રવાંન) પોતે બલી દીનના દસતુરનાં ફરમાંનથી, (પોતાના) ગુનાહનો અન્તકરંણુથી પસ્તાવો કરનાર, બોલવાથી (તેહની) માફી ચાહનાર અને કાંમથી પચાતાપ કરનાર હોએતો, તે રવાંનના હકીમ તરીકિના બલી દીનના દશતુરથી (તેહના) કરેલા ગુનાહનું નીવારંણુ થાએછે, તથા રવાંન ગુનાહની અપવીતરાઈ અને નજીસીથી પાક થાઈ સકેછે; અને તેથી દોજખનો રસ્તો કપાએછે.

સવાલ ૫ મો. (૧૦)

પાંચમો સવાલ એ કીધો કે: આદમીઓનાં કામો મધેનુ કીહું કામ ૧
દુનીઆને ઘણો ફાએદો કરનારૂં, ઈજદોને વધારે ખુશી ઉપજાવનારૂં, દેવોને
ઘણું દુ:ખ પોહચાડનારૂં, અને સરવેથી વહડતે દરજેનું છે!

જવાબ.

જાણવું કે: આદમીનાં કામો મધેનુ દુનીઆને વધારે ફાએદો પોહ- ૨
ચાડનારૂં કામ, પોતાના ખુબીવન્તા માલેક તથા ઈનસાફી અને આલમના
સુધારાને લગતું ફરમાન આપનાર પાદશાહની તાબેદારીમાં રેહવાનું છે.
ઈજદોને વધારે ખુશી ઉપજાવનારૂં (અને દેવોને વધારે ઈજા દેનારૂં કાંમ)
મજદીઅસની દીન ઉપર ચુસ્ત રેહવાનું તથા લોકોને સવાબકાર રાખ-
વાનું છે. અને સરવેથી વહડતે દરજેનું કામ, સઘલાં "પુનવન્તાં કામોને ૩
જનમ આપનારા લાએક વિદીઆર્થીઓને વીદીઆ સીખવ્વાનું છે.

સવાલ ૬ ઠો. (૧૩)



૧ (છઠો) સવાલ (એ) કીધો કે : આગલા (બલી દીનની સહમજ ધરાવનારા) લોકો તથા દીનના દશતુરોની તરફથી જે કાંઈ (દીનનાં) ફરમાંનો જાહેર કરેલાંછે, તે મધેનાં કોઈ ફરમાંનની અંદર તે આગલા લોકો તથા બલી દીનના દશતુરોનું મતફેર હોવાને લીધે, કોઈ બેહદીન (પોતાના) કામ અને વીચારમાં આગલ વધવા સારૂ તે ફરમાંનને નહી માંનેતો, તેણે કીહા દશતુરનાં ફરમાંનને સાંભલવું અને (તે મુજબ) કાંમ કરવું ?

જવાબ.

૨ જાંણવું કે : (તે વખતે) લોકોમાં જે બલી દીનનો પેશવા (ઇઆને વડો દશતુર) હોએ, અને બીજા બલી દીનના લોકો તેહના તાએબામાં હોએ, તેહના હોકમને તે બલી દીનવાળા શખસે માંનવો અને તેહનાં ફરમાંન મુજબ કાંમ કરવું સજાવારછે; કારણકે તે ફરમાંન વીસે (તે) બલી દીનના શખસને વગર મોહતાજનો અને સંપુરણ વીચારનો બનાવ્વા સારૂ તે એક (દશતુર) નો ફતવોછે. (એ સેવાએ) તે આગલા દીનના આગેવાંનો તથા દીનના દશતુરોની તરફના જે બીજા ખોલાસાઓ રહેલા હોએ, તે દીનના દશતુરો તથા દીનના આગેવાંનોના ખોલાસાઓને ધીકારની નજરે જોએઆ વગર અંતકરણથી ચાહવા, માંનવા અને તે મુજબ લોકોએ અમલ કરવા સારૂ તેહને તાએબે રેહવું સારૂંછે.



સવાલ ૭ મો. (૧૪)



૧ (સાતમો) સવાલ (એ) કીધો કે: દીનના તાબેદારને દીનથી, હાકમને હકુમતથી, અને વીદવાંનને વીદીઆથી મોહટાઈનું કારણ શું ?

જવાબ.

૨ જાંણવું કે : દીનનું ચાલુ રેહવું એ દીનના તાબેદારની દાનાઈની મારફતેછે, (તેથી તે) દીનદારને દીનથી મોહટાઈ મેળવ્વાનો એક સબબછે.

હાકમને હકુમતથી * *. † (વીદવાંનને વીદીઆથી મોહટાઈ મળવાનું) એક કારણ વીદયાને લગતાઓને દરએક બાબતમાં જેબ આપવા જોગ દાનાઈથી જાતે સુધારવા, અને પોતાને લગતાઓના ફાએદાને સારૂ ફાએદા સાથની દાનાઈથી (તેઓને) લાએક બનાવ્વાએછે.



સવાલ ૮ મો. (૧૮)



(આઠમો) સવાલ (એ) કીધો કે: બરસમને લગતો જે ડાબો હાથછે, ૧
તે હાથમાં (ઈજશને, વંદીદાદ કરતી વખતે તથા બાજ ધરતી વખતે) તે
(બરસમ) ને પકડવાનું દીનમાં નસીહત તરીકે જણાવેલુંછે ‡ તેહનું કારણ
શું? અને જે આદમીઓ (તેહને) ડાબાં હાથમાં રાખે, તે સો (આધાર) ૨
ઉપરથી રાખે?

જવાબ.

જાંણવું કે: (જેમ) બરસમને ડાબા હાથમાં રાખવાની તથા તેથી ૪
યજદાંની આરાધના કરવાની ભલી દીનની નસીહતછે, તેમ જે આદમીઓ હમેશાં તેહને (પોતાના) હાથમાં રાખેછે તેઓ તે અહુરમજદને લગતા વીચારથી રેહવાએ બીજા લોકોમા સારા મારગ વાલી (બુરાઈની ઉપર) ફતેહ મેલવ્વાથી બુલંદ દરજે પોહચનારી એક સારી પેદાએશ તરીકે કેહવાએછે. (અને તેહને ડાબા હાથમાં રાખવાની સહમજ એ ઉપરથી ૩
માલુમ પડેછે કે) ખોરશેદ ઉગમન દસાએથી તલુ થતી વખતે આદમીઓને
તે હેવી રીતે દેખાએછે કે (તેહની) મુગટ પસચમ દસાની સાંહાંમણે તથા
(તેહની) જમની કોશંને ઉત્તર અને ડાબી કોશને દક્ષિણ હોએછે, તે ઉ-

† આએ જગોએ નકલ કરનારની ભુલથી અસલ 'દીનકર્દ' કેતાબ મધેથી નકલ કરતાં એબારત નીકલી ગએલીછે, તેથી સઘલી નકલમાં એકસરખી રીતે હકુમતને લગતા ઓલાસા વાળી એબારત મલતી નથી.

‡ બરસમ ડાબા હાથમાં પકડવાનું ફરમાન વંદીદાદની ૧૯ મી ફરગરદની અંદર ૧૯ મા ફેકરામાં આવેલુંછે.
જુઓ વેસ્ટર ગેઆરડે છપાવેલાં જેન્દ અવસ્તાનાં પુસ્તકને સફે ૪૭૦ મે ફ૦ ૧૯ મો.

પરથી જાંહાં તે (આદમી)ઓનું મોહડું પસ્ચિમ તરફ અને જમની બાજુની તરફ ઉત્તર અને ડાબી બાજુની તરફ દક્ષિણ હોએછે તાંહાં યજદાંની આરાધનાને માટે જે (હાથ)માં બરસમ પકડવાની ભલી દીનની નસીહતછે, તે ડાબો હાથ કીહો તે તેઓને જણાઈ આવેછે.



સવાલ ૯ મો. (૧)



૧ (નવમો) સવાલ (એ) કીધો કે: (દીનમાં) જાહેર કરેલુંછે કે ખલકની બોહલી પેદાએશ વાલી (પુરથવી) ની અંદર ખોરશેદની સાંહાંમણે જે ૭ા કેશવર* (ઇઆને પુરથવીના હરધા ગોલાનો ભાગ) છે, તેહને રોશની આપવા સારૂ તે (ખોરશેદ)નું પરકાશવુંછે, તેહની મતલબ શું ?

જવાબ.

૨ જાંણવું કે: પુરથવી (તેહની) આસપાસના ઉનચા પાહડ અને જગતના સંબંધ સાથનીછે, (તે) પુરથવીનો આકાર ગોલ હોવાને લીધે તે સાત કેશવરની પુરથવીનો જે હરધ ભાગછે તેહને દીનની અંદર ૭ા કેશવરનો (ભાગ કરીને) જણાવેલોછે; અને પુરથવી ગોલ હોવાને લીધે ખોરશેદની ગતિને હમેશાં પુરથવીના અરધા ભાગની રોનક, ચલકાટ અને તેઝને સારૂ પરકાશવુંછે.

---

* કેશવર—એ બોલ અવસ્તાના [illegible] કેરેશવર અથવા [illegible] કર્શવર—શબદ ઉપરથી બનેલોછે અને તેહનો અર્થ 'હદવાળું' હેવો થાએછે. પાક અવસ્તામાં આપણી પુરથવી ઉપરની મશ્હલી વસતીને સાત 'કેશવર' અથવા સાત ખંડની અંદર વેહચી નાંખેલીછે, અને તે દરએક ખંડને અરેજહ—સવેહ—ફ્રદદફ્શ—વિદદફ્શ—વઉરૂબરેશત—વઉરૂજરેશત અને ખનેરથ-બામી, ઇત્યાદી નાંમો આપેલાંછે. અને તે ઉપરથી પાક અવસ્તામાં [illegible] હપ્ત-કર્શવએરી જેમ—એ એબારત 'સાત કેશવરવાળી પુરથવી' ના અર્થને સારૂં વપરાએલીછે; જે ઉપરથી પેહલવીમાં [illegible] અને ફારસીમાં هفت کشور زمین હેવી એબારત ઉપલી મતલબને સારૂં વપરાએલીછે. પાછલથી کشور બોલની જગોએ અરબી اقلیم બોલ વપરાઇને هفت اقلیم હેવા શબદો પુરથવીના અર્થને સારૂં વપરાએઆછે.

સવાલ ૧૦ મો. (१०)



(દસમો) સવાલ (એ) કીધો કે: જો કોઈ શખસ એક ઝાડનાં થડને નીચેથી પાંણીએ કરી ધોતો હોએ અને તે ઝાડનાં માથાં ઉપર આદમી ઈઆ સગનો નસો (પડેલો) નજર આવેતો, તે ઝાડની ઉપર જયા વગર તે નસાનો સંબંધ તથા (તેથી) રીમન થવાની ધાસતી અને (તે) નસાને હીલવાથી ગરગરજાંન (ગુનેહગાર) થવું તે પાંણીએ ધોનાર (શખસ)ને છે કે કેમ ? (અને જો તેમ હોએતો) તેહનો એલાજ શું ? ૧

જવાબ.

જાંણવું કે: તેહને લગતો સારો ઉપાએ આએ પરકારનો છે કે, વગર વાદલની (યાને ખોલ્લી) હવાના દેખાવે કરી તે (ઝાડ)ના ઉપલા ભાગને પાક થવુંછે, અને તેહનાં લાકડાંના સોટાનો (યાને તે ઝાડનાં મથાલાં પછીનાં તેહેનાં આખાં શરીરનો) આપણી સાથનો સંબંધ આંખની ઈનદરી (યાને દરસ્ટી) તરીકેછે.* ૨



સવાલ ૧૧ મો. (११)



(અગીઆરમો) સવાલ (એ) કીધો કે: આદમીઓ પોતાનાં કાંમની મારફતે અહુરમજદનો સંબંધ ધરાવનારાં તથા અહુરમજદનો સંબંધ ધરાવનારાઓ પુરતી શોભાવન્તા અને ઈજદોની બરોબરના કેમ થાઈ સકે ? તથા તેઓ અહુરમજદના સંબંધથી દુર, વધારે વેગલા અને દેવની બરોબરના કેમ થાઈ સકે ? ૧

* આએ જવાબને લગતી મતલબનો ઓહો સાર એછે કે, જેમ જમીન ઉપર આફતાબની ખોલ્લી રોશનીમાં પડેલો નશો ઉંચકી લઈ ગીઆ પછી તે જગો રીમન ગણાતી નથી, તેમ તે ઝાડનાં મથાલાં ઉપરનો નશો ઉંચકાએઆ પછી તે ઝાડનાં મથાલાંને પાક ગણવું; અને જેમ નસા ઉપર તરણ કદમ દુરથી આપણી નજર પડવાએ આપણને કસ્સી રીમની પોહચતી નથી, તેમ તે ઝાડનાં થડને નીચેથી ધોનારને તે ઝાડના મથાલાં ઉપર નસા હોવા છતાં તે નસાની રીમની તેહને પોહચતી નથી.

જવાબ.

૨ જાંણવું કે: આદમીઓ ચહડતે દરજેની અકલ†ની મારફતે બલી દીન ઉપર ચુસ્ત રેહવાએ અહુરમજદનો સંબંધ મેલવનારાં, બલી દીન ઉપર વધારે (ચુસ્ત) રેહવાએ અહુરમજદના સંબંધને માટે પુરતો સીનગાર પાંમેલાં અને બલી દીન ઉપર ઘણાંજ (ચુસ્ત) રેહવાએ ઇજદોની બરોબરનાં થાએછે; અને (તે) બલી દીન ઉપર ચુસ્ત નહી રેહવાએ અહુરમજદના સંબંધથી જુદાં, તથા બુરી દીન ઉપર ચુસ્ત રેહવાએ અહુરમજદથી ઘણાં દુર, અને બુરી દીન ઉપર ઘણાં ચુસ્ત રેહવાએ દેવની બરોબરનાં થાએછે.

સવાલ ૧૨ મો. (૧૨)

૧ (બારમો) સવાલ (એ) કીધો કે: જેઆરે આદમીનું રૂહ (યાને આત્મા) રોશનીવાળુ અને સદગુણી હોએતો, તે ચળકાટ બરેલાં અને ખુબીવન્તાં (રૂહો) થી, બુરાઇને માંટે બનેલા આતમા (ઇઆને દેવ)ની હાલતમાં ફરી સકાએ નહી; તેઆરે (પાક) અવસ્તામાં ગેલાંમબારગી કરનાર તથા કરાવનારને ગેબી દેવ (ના જેવા) થવા તથા આશમોગોનાં રવાંનને આએ પુરથવીની ઉપર તથા (પુરથવીનાં) ભીતરમાં દેવનાં કાલાં રૂપમાં દોડવા સારૂ ફરમાવેલુંછે તેહનું શું કારણ?

જવાબ.

૨ જાંણવું કે: ગેલાંમબારગી કરનાર તથા કરાવનાર દેવના જેવા થાએછે કરીને (પાક અવસ્તામાં) ફરમાવેલુંછે, તે અહુરમજદના તાબેદારો (ઇઆને મજદઇઅસની દીનનાં ફરમાંન મુજબ ચાલનારાઓ) ને સારૂ નથી, પણ જે નાફરમાંન લોકોનાં રવાંન દેવની તરફ ઘણાં આગળ વધેલાં તથા દેવનુ કાંમ કરવું પસંદ કરવાને માંટેનાં (હોએ) તેઓને સારૂછે, કારણ કે અશોનાં રવાંનની સાથે ઇજદો હોએછે, તેહને લીધે દેવો તેથી દુર

† ચહડતે દરજેની અકલ તે આપણી બલી મજદીઅસની જરતોશતી દીનને લગતાં ધર્મ સંબંધી ગ્નાનને સહમજવું.

રેહછે, તેમજ પાપીનાં રવાંનની સાથે દેવો રેહેછે ‡ તેહને લીધે ઇજદો
તેથી દુર રેહછે; દોજખની અંદર પાપીનું રવાંન દેવો, કીડા, દેડકા, ૩
વિછુ, સાંપ અને નોલીઆના સંબંધમાં ઘણું હોવાને લીધે તેહને દેવ
અવતારી જણાવેલુંછે. અને તે ગોલાંમબારગી કરનાર તથા કરાવનારનાં
રવાંનને (દોજખની અંદર) દેવોની સાથના ઘણાજ સંબંધને લીધે તે
(બીજા પાપીઓ)ના કરતાં વધારે બુરા દેવ તરીકે જણાવેલુંછે. અને ઠગાઇ ૪
કરનારા આશમોગનાં રવાંનને છેક ઉંડાં દોજખની અંદર દોડવાને લીધે
તેહને દેવરૂપી કહેલુંછે. બાકી ગોલાંમબારગી કરનાર તથા કરાવનારનાં ર-
વાંનને દેવોના ઘણાજ સંબંધમાં રેહવાએ તથા ઠગાઇ કરનારા આશમોગનાં
રવાંનને દેવ અવતારી થવાએ તેહના રવાંની ગુણમાં (યાને આતમાને લગતી
રચનાની અંદર) કસ્સો ફેરફાર થતો નથી.



સવાલ ૧૩ મો. (૧૩)



(તેરમો) સવાલ (એ) કીધોકે: 'ગયોમરદ' ના (આએ દુનીઆંને લ- ૧
ગતી બદીથી) છુટકારો (મેલવ્વા)નાં કાંમ વીસે અવસ્તાની ગવાહીથી
(એમ) કેહવામાં આવીઉંછે કે:—"તે ગયોમરદ સાચ્ચું બોલવાના સબબને
લીધે અમેશાસ્પન્દોની સારી સરદારીમાં (ઇઆને ગરોથમાંનની અંદર કે
જાંહાં અમેશાસ્પન્દોની હકુમતછે તાંહાં) તુરત ગીઓ." અને વલી તેહને

‡ અશોનાં રવાંનની સાથે ઇજદો, અને પાપીનાં રવાંનની સાથે દેવો હોએછે—
હેવું ઉપલી એબારતમાં આવેલુછે તેહની મતલબ એછે કે, આએ દુનીઆમાં પવી-
તરાઇ અને પરહેજગારીથી રેહનારાં આદમીના આતમાનો સંબંધ ઇજદ અમે-
શાસ્પન્દોને નામે ઓલખાતી અહુરમજદની ગેબી સકતીવાળી પેદાએશની સાથે
રેહછે, તે પવીતર સકતીઓની મદદથી તે આદમીને સઘળા સારા વીચારો શુજેછે,
તેથી તે નેકી કરેછે, અને બુરાઇથી તેહનો બચાવ થાએછે; પણ જો આદમી આએ
દુનીઆમાં અપવીતરાઇ અને પાપી કાંમોથી રેહછે, તો તેહની સાથે તે ઇજદી સક-
તીનો સંબંધ રેહતો નથી, અને અંઘરમેનીઉશની અંનઘીક બુરી સકતીઓ જે
દેવ દરૂજોને નામે ઓળખાએછે તેહનો સંબંધ તેની સાથે થાએછે, તેથી તે આદ-
મીને સઘળા બુરા વીચારો શુજેછે, જેથી તે નેકીથી દુર રેહછે અને બુરાઇનો વધા-
રો કરેછે. તેમજ આએ દુનીઆંથી ગુજરવા પછી અશોનું રવાંન બેહસતનાં મ-
કાંનની અંદર ઇજદોની સાથે રેહનારૂંછે, અને પાપીનું રવાંન દોજખની અંદર
દેવોની સાથે તેહના બુરાં કરતુકનાં પરમાંણ પરમાંણે રેહનારૂંછે.

લગતું (અવસ્તાથી) જાહેર થાએલું બીજું એક કારંણ એમ જણાવેઆમાં આવીઉંછે કેઃ—"તેહની જાતને 'ગરોથમાંન' ને લગતી (ઇઆને ગરોથમાંન બેહશતના રેહવાસીઓને લાએકની) પેદા કરેલી હતી" તેઆરે આએ બેહુ (જુદા જુદા) અપાએલા ફતવાને દીનનાં ફરમાંન તરીકે કેમ કબુલ રાખવા ?

જવાબ.

૨ જાંણવું કેઃ આએ દુનીઆંની અંદર 'ગપોમરદ' ની જાત આએ દુનીઆંને લગતી બદી કરવાથી ગરોથમાંનના (રેહવાશીઓના) જેવી પવીત્તર રેહવાએ, તેહને ગરોથમાંનને લગતો પેદા કરેઓ હતો હેવું 'ગપોમરદ' વીસેનું બોલાવું તેહને લગતાં ફરમાનથી લોકો કબુલ રાખેછે; તથા ગપોમરદનો તેહનાં કામથી છુટકારો થાએઓ કરીને જણાવેલુંછે તે બદી કરનાર (બી છુટકારો પાંમવા) વીસેછે, તેથી વગર વાંધાએ આએ બેહુ તરેહનું બોલવું સચ્ચાઈ સાથનું, કબુલ રાખવા અને પસંદ કરવા જોગછે.

સવાલ ૧૪ મો. (૧૯)

૧ (ચઉદમો) સવાલ (એ) કીધો કેઃ 'ગપોમરદ' વીસે બે દશતુરો મધેથી એકનુ કેહવું (એમ) છે કે "(આએ દુનીઆંમાં) એબ આપનાર હોવા છતાં ૩૦ વરસ તે જીવેઓ." અને બીજાનુ કેહવું (એ) છે કે "એબ આપનાર (આએ દુનીઆંમાં) પોહચેઓ ને તે તુરત મરણ પાંમેઓ." જે (બોલવું) એક બીજાની સાંહાંમણે દેખાઈતું વાંધા ભરેલુંછે, માટે બેહુ (ના મત) ને કેહવી રીતે કબુલ કરવાં અને પસંદ રાખવાં ?

જવાબ.

૨ જાંણવું કે : તે બોલવાનુ વજન (આપણ) માંણસ જાતને તે વીસે મલેલી સહમજના આધાર ઉપરછે, તેથી જે શખસની તરફથી તે વીસેની સહમજ આપવી અવસ્તાની દલીલથી હોએતો સઘળાઓએ પેગમબરના વચન તરીકે તે ઉપર વીસવાસ રાખવો જોઈએછે; અને તેમ કેહવામાં બેહુની મતલબ એક તરફવાલાને મલતી હોએ (ઇઆને બેહુની મતલબનો સાર એકજ હો-

એ) તો તે બોલવું વાંધા ભરેલું નથી, પણ એકમળતા આધાર, મતલબ અને સંબંધવાલું છે. માંટે હેવી રીતનાં તેઓનાં (એકમળતી) તરફેન અને સંબંધવાલાં બોળવાને, જેમ ઈમાંનને લગતી બીજી બાબતો અને બલી દીનને લગતી વસ્તુની સહમજને દીનના દસતુરની તરફથી કેહવામાં આવેછે (અને તેહને માંનેઆમાં આવેછે) તેમ કબુલ રાખવું અને પસંદ કરવું.

સવાલ ૧૫ મો. (૧૭)

(પનદરમો) સવાલ (એ) કીધો કે: (પાક) અવસ્તાની અંદર જે કાંઈ ૧
અસલ (અવસ્તા) અને તેહની શરેહછે, તે દીનના સંઘરહ તરીકે (ગણાએ) છે, તે સઘલું 'યથાઅહૂવેરીઓ' ના સરવેથી પેહલા કલાંમ ઉપરથી બનેલું છે, કરીને કેહછે; પણ "યથાઅહૂવેરીઓ" ના એક શબદની અંદરથી એક ભાગ (ઈઆને એક નુસક) કેમ બનેઓ ?

જવાબ.

જાંણવું કે: (પાક) અવસ્તાની અંદર અસલ (અવસ્તા) અને તેહની ૨
શરેહછે તે (સઘલું) દીનના સંઘરહ (ઈઆને આપણી દીનનાં ધરમ પુસતક) તરીકે 'ઈઅથાઅહૂવએરીઓ' ઉપરથી બનેલું છે અને જેમ માંણસનાં માથાં વગર (તેહને) જેબ આપનારા બાલનું બનવું નથી, તેમ 'યથાઅહૂવએરીઓ' વગર દીનને વધારે જેબ આપનારા (અવસ્તા અને તેહની) શરેહનું બનવું નથી માટે (યથાઅહુવએરીઓના દરએક શબદના આધાર ઉપરથી એકેક નુસ્કનું બનવું એ) એક બીજાને (કોઈબી પરકારે) વાંધા ભરેલું નથી.

સવાલ ૧૬ મો. (૧૧)

(સોલમો) સવાલ (એ) કીધો કે: પાવચીજથી આદમી તથા સગના ન- ૧
સાને† ૩૦ દગલાં અને દસતાંનવાલી ઓરતને ૧૫ દગલાં દુર રાખવાનો શું

† નસા—એ આદમી, સગ, અને બીજાં કેટલાંએક ચોપગાં જાનવરો તથા પખ્શીઓની મુએલી લોથ અથવા તે લોથને લગતી વસ્તુને કેહછે.

સબબછે ? શું માંણુસ અને સગના નસાની રીમની (ઇઆને નજીસી) દસતાંન કરતાં વધારેછે ? (કારણ કે) ૩૦ દગલાંના વધારા ઉપરથી આદમી તથા સગના નસાની રીમની દસતાંન કરતાં વધારે (ગણ્યાએછે). તેઆરે દસતાંન વાળી ઓરતની નજર, તે નેક પેદાએશ (ઇઆને પાક દાદાર, તથા ઇજદ અમેશાસ્પન્દો અને અશો ફરોહરો)ને લગતી પાક કીરીઆ ઉપર પડવાથી તે કીરીઆને આદમી અને સગના નસા કરતાં વધારે (દુરી હોવા છતાં) અપવીતર થવા સારૂ (દીનમાં) જણાવીઉંછે તેહનું શું કારણ ?

જવાબ.

૨ જાંણવું કે: ૩૦ દગલાંની લંબાઇ ઉપરથી આદમી અને સગના નસાની વધારે રીમની દસતાંન કરતાં દેખાઇતીછે; પણ પાવ વસ્તુ ઉપર દસતાંન વાળી ઓરતની નજર પડવાએ તે વસ્તુને ખરાબ કરવાનો સબબ-નસસને દસતાંનવાળી ઓરત ઉપર ઘણા જોસ્સાથી દોડવાની કઉઅત મળવાને લીધે તથા તે ઓરતની નજરની મારફતે પેલી પાક વસ્તુની અંદર નસસનો મેલાપ થવાથીછે. અને જેમ કુનને લગતા પવનની છુપી ઇજા કરનારી બદબોઇ નાખની અંદર જવાથી, તે ગલીચ માદાને લગતી બદબોઇ જાનદાર પેદાએશને ખરાબ કરનારીછે, તેમ પેલી (દસતાંનવાળી ઓરત)નું પવીત્તર કીરીઆને લગતી વસ્તુની તરફ જોવું તે વસ્તુને નીરઉપીઓગી કરનારૂંછે.



૧ (૧૪) વખતને લગતી મોહટાઈ, તથા તે મોહટાઈને લગતી વસ્તુ અને (તે) મોહટાઈએ પોહચવાથી કઊઅત કોણનેછે તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણવું કે:(આદમીને) વખતને લગતી મોહટાઈ, ભલાઈ અને બુરાઈએ કરીછે; તેહમાં સ્પેનામીનો * ને લગતા જાતી ગુણથી (તેહને) ભલા-

* સ્પેનામીનો—એ અહુરમજદની ભલી સક્તીનું નાંમછે, અને તે ભલાઈનું મુલ તથા ધનાહમીનોની સાંહમણે થનારા હરીફ તરીકેછે. પાક અવસ્તામાં સ્પેનામીનોને [illegible] સ્પેન્ત-મઇન્યુ; અને ધનાહમીનોને [illegible] અંગ્ર મઇન્યુ; હેવાં નાંમથી જણાવેલાછે. જે મધેનાં પેહલાં નાંમનો અર્થ 'વરધી કરનારો

ઇછે, અને ઘનામીનોને લગતો ઉલટો ગુણ (તેહની અંદર) પોહચવાએ બુ-રાઇછે.

3 વખતને લગતી દરએક ભલાઇ તથા બુરાઇની મુખ્ય સહમજ ૮ (તરેહની) છે, જેઓનાં નાંમ—સ્પેનાકી, ઘનાકી, વાદી, વરૂની, બગી, દદાંની, વહુપાતી, અને 'દૂશનેપાતી' છે; અને (દુનીઆંમાં ભલાઇ અને બુરાઇનું) પોહચવું તેહને લીધેછે.

૪ સ્પેનાકી,—એ દીનને લગતી દાંનાઇ, તાબેદારી, સચાઇ અને તેહને સારૂં સેહન કરવાની સહમજને લગતું ગણેઆંનછે; અને તે વસ્તુ જેઓ ભલી દીનને લગતી સાચ્ચી હકીકતને (દુનીઆંમાં) ફેલાવવા અને ધરમ ગુરૂપણું ચલાવવા સારૂં પરખીઆત હોએ તેઓને વાસ્તેનીછે.

૫ ઘનાકી—એ (માંણસને) અથોરનાંન (ઇઆને ધરમઆચારી) ટોલાંનો સાંહમણે થનારી બુરી દીનને લગતી (અહુરમજદની) નાંફરમાંની, ભલી દીનને લગતું નહી જોઇ તથા નહી સાંભલી સકવું, ગુનાહ અને નીમખ હરાંમી કરવા સીખવવાની સહમજને લગતું ગણેઆંનછે; અને એ વસ્તુ જેઓ ભલી દીનને ખરાબ કરવામાં મશહુર હોએ તેઓને લગતીછે.

૬ વાદી—એ ધરમઆચારી ટોલાને અરથેશતાર (ઇઆને રાજઅધી-કારી) ટોલાની તરફથી કઉઆત, બુલંદી, હકુમત અને ઇનસાફની મદદ આપવાની સહમજને લગતું ગણેઆંનછે, અને એ વસ્તુ જેઓ હકુમત અને અમલ ચલાવવામાં નામવરછે તેઓને લગતીછે.

૭ વરૂની—એ ધરમઆચારી ટોલાને હાંની પોહચાડવાની આપમતલબ, બરાતુરૂત † ને લગતી કેલવણીને મદદ કરનારી સઘલી ફરેબબાજી, બુરી

મીનો' અને બીજાનો અર્થ 'હાંણી પોહચાડનારો મીનો' હેવો થાએછે, જેહની મતલબ માંણસને આએ દુનીઆમાં આવતી દુનીઆને સારૂ ચહડતે દરજેનુ તથા હાંણી સાથનુ કરનારી ગેબી સકતીનીછે; જે ઉપરથી પાક અવસ્તામાં સારી ચાલ ચલણથી ચાલનારી પેદાએશને 'સ્પેનામીનોની પેદાએશ' અને બુરી ચાલચલણથી ચાલનારી પેદાએશને 'ઘનાહમીનોની પેદાએશ' નું નાંમ આપેલામાં આવેલુ છે. અને આએ બે ભલાઇ તથા બુરાઇનાં મુલને આધારે પાક અવસ્તાની અંદર સ-ઘલી ભલી તથા બુરી વસ્તુઓની ઉતપંન્તી તથા તેહનાં કાંમને લગતું વરણન કરેલુંછે.

† બરાતુરૂત—એ તુરકી પાદશાહ અરજાસ્પના એક સપેહસાલારનું નામછે, આએ મુજી સરદારે બલખ શેહરની અંદર જાએને આપણા પાક પેગમબર અશો જરતોશતને અને બીજા પરહેજગારોને તલવારના જખમથી મારેઆ હતા, તેથી આએ તુરકીને આપણા મજહબને લગતી કેતાબોમાં ઘણુજ પાપી અને અતીશે

બુદી, અને અનીતીની સહમજને લગતું ગણેઆંતછે; અને એ વસતુ જે-ઓ તે (ધરમઆચારી) ટોલાને નોકસાંન તથા ખરાબ કરવામાં મશહુરછે તેઓને લગતીછે.

૮ બગી—એ દુનીઆંને સારૂ ખેતીવાડી કરવાને લગતી સહમજછે; અને એ વસતુ જેઓ પરમાંણીકપણાંથી રેહી, ખોરાકને એકહો કરી, ઉમદા બદલો મેલવવા સારૂ તેહનો (લોકોમાં) સખાવત કરવાએ, ધરમઆચારી (તથા) રાજદરબારી ટોલાની મદદમાં વધારો કરનાર તરીકે મશહુર હોએ તેઓને લગતીછે.

૯ દદાંની—એ, ચોરો તથા જુલમગારોને દુનીઆંની અંદર ઘાત કરવાનું, તથા બેરેહેમી, જુદાઇ, બખીલી અને નીચ વરેઆ કરવાથી દુનીઆંની આબાદીને નોકસાંન કરવાનું અને (ખોરાકની) તંગી તથા ખુટ પાડવાથી આલમને હાંણી પોંહચાડવાને લગતું ગણેઆંનછે, અને એ ચીજ જે લોકો બુરછગરીના ધંધાને ખરાબ કરનારાછે તેઓને લગતીછે.

૧૦ વહૂયાતી—એ, હુતુખ્શ (ઇઆને સારો વેપાર ધનધો કરનાર) ટોળાને લગતી સહમજછે, જે ટોળો (ધરમઆચારી, રાજદુઆરી અને ખેડુત) એ તરણે ધંધાદારીઓને મદદ કરનારો છે, અને તે 'હુતુખ્શ' નો પેશો કરનારના રવાંનને અશોઇનું મેલવવું હુમત, હુખ્ત, અને હવરશત, (ઇઆને સારા વીચાર, સારા વચન અને સારાં કાંમ) ની મારફતેછે.

૧૧ દુશનેયાતી—એ બુરો ઉદીઓગ કરનારા લોકોને લગતી સહમજછે, બુરો ઉદીઓગ કરનારનાં રવાંનને (તેહના ધંધાને લગતા) બુરા વીચાર, બુરા વચન અને બુરાં કાંમની મારફતે તકસીરવાર થવુંછે; અને તે (ધરમઆચારી, રાજદુઆરી અને ખેડુત એ) તરણે ધંધાવાલાઓને નોકસાંન કરનારછે.

બદકારનુ નાંમ આપેલુંછે. જેમકે દસ્તુર શેહમરદ મલેકશાહે બનાવેલી મદદરે નજમના ૯ મા બાબમાં લખેછે કે:—

که این فعل زشت غلامبارگان مقابل بانعال دیوست آن
چو افراسیاب و چو ضحاک دون چو تورزبراتروش زشت حزون
که او کشت در دین زرتشت را کزو بود گرمی دل و پشت را

કારણ કે આએ ગોલાંમબારગીને લગતું બુરૂં કાંમ અફ્રાસીઆબ, ઝોહાક અને ગમગીની ઉપજાવનારા બુરા બરાતરૂશ જેવા દેવનાં કાંમોની બરાબરનુંછે, કે તેણે (ઇઆને બરાતરૂશે) જેહનીથી (આપણાં) દેલ અને પીઠને ગરમી હતી તે દીનના નગીના જરતોશતને મારી નાંખેઓ.

આએ (ઉપર જણાવેલી) સહમન ધરાવનારા જુદા જુદા ધંધાદારીનું ૧૨
બનવું તેહને લગતાં (સ્પેનાઓનો તથા ગનામીનોનાં) મુલની અસરથીછે, અ-
ને તે (દરીએક મુલ)ની (અસર) તે ઉપર હોવાથી તે તેહનો તાબેદાર (થાએ)છે.

'સ્પેનાકી' ને લગતી સારી સહમન 'વાદી' ને સારૂં તથા 'વાદી' ૧૩
ને લગતી સહમન 'બગી' ને સારૂ, અને 'બગી' ને લગતો સહમન
'વહુપાતી' ને સારૂછે.

'ઘનાકી' ને લગતી બુરી સહમન 'વરૂની' ને સારૂ, તથા 'વ- ૧૪
રૂની' ને લગતી સહમન 'દદાંની' ને સારૂ અને 'દદાંની' ને લગતી
સહમન 'દૂશનેપાતી' ને સારૂંછે. અને આદમીને તેહની તરેહવાર ૧૫
નીચાઈ તથા બલાઈની અંદર જાહેર થવું તે (સહમનો)ને લીધેછે.

બુરાઈ (એ) જુલમને લીધેછે, અને જુલમનું દુનીઆંમાં ઘણીએક ૧૬
તરેહથી ફાલ્વુંછે. તેમજ જુદાં જુદાં આદમીઓને નેકીને લીધે બલાઈ-
ની અંદર ફાલ્વુંછે. જે વખત બુરા (અંઘરમેનીઉશ) ને લગતો હોએચ
તે (વખત) ની અંદર ઘણું કરીને ઉંચની ઉપર નીચનું કઉઅત (વધારે)
સંબંધ ધરાવેચ, (ઇઆને બલી વસ્તુની અંદર બુરી અસર થાએછે), તેઆરે
જુલમની મારફતે વધારે બુરાઈનું આદમીને જણાવુંછે; જેમકે તે વીસે
(આપણી) પાક દીનની અંદર જણાવેલુંછે કે 'આદમીનું સારી આએપત
મેલવવાનું કાંમ (તેહની અંદર) ઇજદોની કઉઅતનો સંબંધ હોવાથીછે,
તથા બુરી આએપત મેલવવાનું કાંમ (તેહની અંદર) દેવોની કઉઅતનો
સંબંધ હોવાથીછે.'

પેદાના કરનાર અહુરમજદને લગતી મોહટાઈ (ઇઆને માણસોને તે ૧૭
સાહેબની રાહ ઉપર ચાલવા) ને વાસતે આવનારો વખત બલાઈએ ક-
રીછે, જે (વખત) લોકોને બલાઈથી ચહડતે દરજેની જાતવાળા બનવવા-
ના સબબ તરીકેછે, અને તેહને લીધે બુરાં મુળથી જે બુરાઈને લગતો
બુરો આપ તથા (માણસને) બુરૂં બનવાનો સબબછે, તેહને હાંણી પો-
હચેછે. તથા વધારે બુરાઈને લગતો જે બુરો આપ ખરાબી કરનારની
તરફથી લોકોમાં પોહચનારોછે, તેહનું શરૂઆતથી તે સોસ્ટના વખત શુ-
ધી તુટવું, એ તેહનો ખલકમાંથી એકદમ અટકાવ કરનારી (બલાઈની)
સકતીથીછે. પેદાએશની અંદર ફરશોકન્ત† ને માટેની સકતીઓનું સં-

† ફરશોકન્ત—એ લોગત અવસ્તાના [illegible] ફ્રશોકેરેતી—શબ્દ
ઉપરથી બનેલોછે, જેહનો અર્થ પેદાએશને લગતી 'ચહડતે દરજેની બનાવટ', એટ-
લેજે આલમને 'ચહડતે દરજેની બનાવ્વાનું કાંમ' હોવો થાએછે, અને તે નાંમ
કેઆંમતના વખતના શુધારાનાં કાંમને આપેઆમાં આવેલુંછે.

મતોલ રેહવું તથા (તેહને લગતી) કઉઅત અને સંબંધનું (આદમી-
ની અંદર) વધારે પોહચવું, બુરાઈને વગર તેજની કરવાનું જે ભલું બળ
તેહમાં ચાલુછે તેણે કરીછે.

૧૮ વલી જે વખત બુરાઈને લગતું વધારે મોહટપણ ધરાવેચ તે, તે
(વખત) ની અંદર ભલાઈનાં કરતાં બુરાઈ ઘણીજ હોવાને લીધેછે, અને
આએ વખતમાં પેલા દરવંદ (અંઘરમેનીઉશ) ની ઠગાઈની મારફતે સ-
ઘલા લોકોને હાંણી થાએછે. આએ પરમાંણે લોકોમાં ભલી અને બુરી
કઉઅત ચાલુ રેહવાને લીધે ફરશોકન્તના વખતવેર (તેઓમાં એકથી બી-
જાને) હાંણી પોહચસે. (પણ સેવટે) તે ફરશોકન્તના વખતમાં (સઘલા-
ઓને) ભલાઈએ કરી (બદી વગર) ખાલેસીથી રેહવુંછે; અને તેથી ખલક-
ને નોકસાંન કરવાની-ધંનાઓનોને ખુટ થસે. અને સઘલા ભલા લો-
કોને પેદાના કરનાર સાહેબની સેવટની ધારણાને લગતી ઈછાવાલી સક-
તીની મારફતે અમરગી અને કાએદાસરની છેલ્લી કાએઆ મલશે.



૧ (૧૯) ઈરાંનના દેશી (ઈઆને મજદીઅસની દીન ધરા-વનાર) નો સંબંધ, ખાસીઅત અને કઊઅ-તને લગતી મોહટાઈ વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણવું કે: ઈરાંનના દેશીની (અહુરમજદના) સંબંધને લગતી જે
મોહટાઈછે, તે મજદીઅસની દીન અને તેહના કાએદાની મારફતે તે
૩ (અહુરમજદનો) તાબેદારછે તેહને લીધેછે. અને તેહની ખાસીઅત
તથા કઉઅતનો ચહડતો દરજો (અહુરમજદની) તાબેદારીને લગતા
(તેહના) કેટલીએક તરેહના ખવાસ તથા ચાલચલણથીછે. ઈ-
રાંનીઓનો તરીકો એ મજદીઅસની દીનનો તરીકોછે, તેથી જે
કોઈ ઈરાંનનો વતનીછે તે હમેશાં ઘાટકી રવઈઆને તોડનારછે.
ઈરાંનનો વતની મજદીઅસની દીનનો તરીકો ધરાવેચ અને પો-
તાની સાથે ભલાં ખીનો (નો સંબંધ) રાખેચ તેથી તેહને મોહટાઈછે, અને
બુરી સકતી તેહનીથી ઈજા પાંમતી રેહચ. અને તે, સુધરેલા, પરમાંણીક, અ

ને એકસરખા ખોરાકને લીધે તનદરૂસ્ત, સમરેલો, સુધરેલો, સુખી અવસ્થા-
વાલો, પાક, શુનદર, સુધનધીવાલો અને ખુશી સાથનો રેહછે. અને જે ૪
(બીજી) કેટલીએક જાતછે તેહને તેહના ખવાસ તથા કઉઅતને લગતી મો-
હટાઈ તે પોતે (અહુરમજદની) નાંફરમાંનીને લગતો ખવાસ તથા ધનાઅીનોને
લગતા મજહબની ચાલણુ ધરાવેચ, તથા પોતાની સાથે બુરા મીનો (નો
સંબંધ) રાખેચ તેથીછે. અને તેથી બલી સકતી તેહનીથી ઈજા પાંમેલી
થાએચ, તથા તે અપરમાંણીક, બીગડેલા, અતોશે એકસરખા ખોરાકને લીધે
બીમાર, બદકાર, ખરાબ થાએલો, કંગાલ, નાપાક, ધનધાતો, કરૂપી અને
સંતાપવાલો રેહછે.*



(૧૧) ઈરાંન દેશની બાહેરની સરહદવાલા લોકોને બન- ૧
વાના સબબ વીસે ભલી દીનને લગતો
ખોલાસો.



જાંણવું કે: જેઓનું અસલ વતન ઈરાંનછે, તે સરહદવાલા લોકોની ૨
દીન તથા રવઈઆનું બનવુંબી તેઓનાં ઈરાંની વડીઅલના અસલ ધરમ
અને દીન ઉપરથીછે. માટે એજ દીન અને તરીકાની પુછપરછ કરવાથી (યા-
ને તેહનાં ફરમાન મુજબ ચાલવાથી) તેઓને ભલાઈ, ફાએદો અને વધારે
કઉઅતછે. સબબ કે તેઓ જે હકુમતે પુગેલાછે તે ઈરાંની મજહબની (ખુબી) ૩
થીછે, અને જેઓ (હાલમાં) પુરથવીના અને તેમા વલી જે ખુનેરસના
(ઇઆને ઈરાંનના) માલેક થએઆછે તેઓ 'હોશંગ' તેહમુરસ્પ, જમશેદ,
ફરેદુન, અને એરચ, ઈતીઆદી ઈરાંની (પાદશાહ) ઓથીછે, અને તેઓને
જે કાંઈ તેઓના રાજની મોહટાઈ મલીછે તે મોહટાઈ રઈઅતને છુટાપણું
તથા શુખ આપવાએછે, અને તેથી તેઓને હમેશનો ફાએદોછે. માટે જે
બીજા હાકમો લોકમને સારૂ ખોટું બોલનારને, મજહબની અંદર ફેતનો

* આએ ઉપલી બાબતનો સાર એછે કે મજદીઅસની ધરમ પાલનારો શ-
ખ્સ અહુરમજદી મારગ ઉપર ચાલનારોછે, તેથી તેહનામાં અહુરમજદની તરફની
કુદરતી સારી સહમજો ઉતરેછે, અને તેથી તે ઉપર જણાવેલા સારા ગુણવાલો રેહ
છે; અને તેથી ઉલટો મારગ જે દેવપરસ્તીનોછે તે મારગે ચાલનારો શખ્સ ધનાહ-
મીનોના ચેલા તરીકેછે, તેથી તેહનામાં ધનાહમીનોની તરફની બુરી સહમજો ઉતરેછે,
અને તેહને લીધે તે આએ દુનીઆમા ઉપર જણાવેલા બુરા ગુનવાલો રેહછે.

ઉભો કરનારને, ખુનીને અને વાટપાડાઓને નહી પસંદ કરનારા હોએ તેઓના ચુકાદાને અહુરમજદના તાબેદારોએ હમેશાં કબુલ રાખવો તથા (તેઓને) બચાવ કરનારા પાદશાહ તરીકે ગણુવા, અને તેઓની તરફ (પોતાને) વગર બલવાએ ધારાથી આધીન રાખવા તથા (તેઓની) હકુમતને વધારવી. પણ જો તાંહાં કોઈ, (બીજી) દીનને ચાલુ કરવા સારૂં મજદીઅસની દીનની મોહટાઈ, કીરતી અને બેરેહને અટકાવેતો, તેહવા ઘાતકીઓથી જેમ તેઓને ફાએદો અને શુખ જણાએ તેમ (પોતાને) શુધરેલા રાખવા. અને જેઓ તે દીનથી પદભશટ અને દોજખી થાએલા હોએ તેઓને તેથી પાછા ફરવાની સહમજ આપવી. (અને) વલી રૂમ (ઇઆને યુનાંન) ને લગતી 'યહુદ' ની દીન તથા ખાવર (યાને પસચમ) ને લગતી 'મસહીઆ' ની દીન અને તુરકસ્તાંનને લગતી 'માની' ની દીનછે, તેહની આગલ વધેલી કઉઅત તથા ગલબાનો (આપણા) અમદીન દોસતોમાં તેહની બદી તથા હીનપરસ્તી પેવસ થાએ તે સારૂ તથા આપણી રૂમનાં કરતાં પુરાંણી દીનની પાકીને ઝાંખ લાગે તેહને માટે અટકાવ કરવો.



૧ (૪૦) ચહડતો (ઊતરતો) હક આપવાજોગ રીતવાલા લોકો વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણુવું કે, ચહડતો ઉતરતો હક આપવાજોગ રીતવાલા લોકોમાં આએ (નીચે જણાવેલી) તરેહના લોકો ઘણાછે; તેમાં મોહટી ઉમરવાલો હુનરમંદ પેહલ્લો દરજો ધરાવનારોછે, અને બીજો તેથી ઉતરતો જવાંન કહાવાલોછે. ઉમરે પોહોચેલા હુનરમંદને જવાંન હુનરમંદનાં કરતાં ચહડતો થવાનાં ઘણાંએક કારણોછે, (તેહમાંનું મુખ્ય કારણ એછે કે) ઉમરે પોહચેલો (હુનરમંદ) તેહેની વિદયા સાથે તે વિદયાની અજમાએશ મેલવેલોછે, તેથી (લોકોનો) તે ઉપર ઘણો વીસવાસ રેહછે, તથા કોઈબી જાતની બદી (ઇઆને ખાપણ) તેહની મારફતે દુર થાએછે, અને પેલો જવાંન હુનરમંદ તેહની વિદયા સાથે તે (ઉમરે પોહચેલા) હુનરમંદની કમાલીઅતમાં તેહની મોહટી ઉમર થાએ તાંહાંવેર પોહચતો નથી. (વળી) તે (બીજા) નાં કરતાં ઉતરતે દરજેનો તરીજો હુનર વગરનો જવાંનછે, અને તેથી ઉતરતો છેલ્લો હુનર વગરનો બુઢો (પુરૂષ)છે, વગર હુનરવાલા જવાંન (પુરૂષ) ને હુનર

વગરના બુરાની ઉપર સરસ થવાના ઘણાં કારણછે, (તેમાંનું મુખ્ય કારણ) હુનર વગરના જવાંન પુરૂષને તેહની મહડતી કડઆતથી અને એકસરખાં જોરથી હુનરમંદીએ પોહચવા વીસેની ઉમેદવારીછે.



(૪૧) સમારગે ધંધો કરનારાઓ સંતોશીછે, અને કમાર- 1
ગનો ધનધો કરનારાઓ વગર સંતોશનાછે,
તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.



જાંણવું કે, જે કોઈ કાએદાસર (ઇમાને પરમાંણીકપણાંથી) ધનધો ૨
કરનારછે તેહનો ધનધો પાએદાર દોલતને મેળવવાનો અને નાપાએદાર દોલત * ને નહી મેલવ્વાનોછે; અને તે સમારગે ધંધો કરનારો ખોદાનો આભાર માંનનાર, ખુશી સાથનો અને સંતોષી રેહછે. જેહનો ધનધો નાપાએદાર દોલતને મેલવ્વા વીસેનો અને વલી પાએદાર દોલતને પડતી મેલવાનોછે, તે કમારગે ધનધો કરનારો ફરીઆદ ઉઠાવનાર, નાખુશ, બેચેન
અને વગર સંતોષનો રેહછે. બદનને પરમાણીક અને આતમાને કઉવ- ૩
તદાર રાખનારી પાએદાર દોલત સારી ચાલચલણથીછે, અને (તેહને લગતી) નાપાએદાર દોલતનો વધારો તે (સારી ચાલચલણ) વગરની તેહની બુરી ચાલચલણેછે; (કારણ કે) રવાંનને દરએક તરેહનો છુટકારો આપનારી અને (તેહના) સઘલા ગુનાહને ફેરવનારી જે વસ્તુછે, તે સવાબછે.



(૪૨) (ઈજદો આદમીઓનો) સંભાલ કરેચ, તથા સંભાલ ૧
કરવાથી (તેઓને) છોડી દીએચ, તે વીસે ભલી
દીનને લગતો ખોલાસો.



જાંણવું કે, ઇજદોની તરફથી બેહદ રીતે અને જુદી જુદી પરકારે ૨
(માંણસનો) સંભાલ કરવો, એ માંણસને ગુનાહ કરવાથી દુર રેહવાએ અને સવાબકાર હોવાએછે. ઈજદો ભલાં (આદમી)નો સંબંધ રાખનારા જાંહાંવેર (આદમી) ભલુ હોએ તાંહાંવેરછે, અને જે (આદમી) પાપ કરવા પ-

* આએ જગોએ પાએદાર દોલતની મતલબ, ઇમાનદારીથી ઉદીઓગ કરવાએ મેલવેલા સવાબ તથા નાપાએદાર દોલતની મતલબ, ધનધાની અંદર કાવાદાવાથી મેલવેલા પઇસાને લગતો ગુનાહ સમજવો.

ડેય તેહને સંભાલ કરવાથી તેઓ છોડી દીએછે. જ્યારૂં હેવુંછે કે ગુનાહ
કરવાએ અને સવાબને માટે બુરૂ વીચારવાએ (માંણસ) ઈનદોના સંબં-
ધમાંથી હંકેરાએલું થાએછે, તેઆરે ખચીત એ ઉપરથી ભલા લોકોએ
(પુનના બદલાની) ઉમેદ, તથા બદકારોએ (પાપનાં કાંમની સજા વીસેની) ધા-
સ્તી, હમેશાં રાખવી (સજાવારછે). જો કણુ આએ દુનીઆંને લગતાં મકાં-
નમાં ગુનાહની આમેજશની અંદર ચાલનારો બદકાર, ગુનાહને લગતાં
કાંમના વધારા સાથે, આલમની અંદર સારો બદલો મેલવેલો તથા સચવાએ
લો રેહતો હોએ, અને ભલો શખ્સ સંભાલથી બેનસીબ રેહેતો હોએ.
તો (તે વીસે) ખચીત (દીનમાં) જણાવેલું છે કેઃ મીનોઈ જેહાંનમાં તે ભ-
લાને છુટકારો, તથા ચહડતો દરજો હોવાને લીધે આખેરતને લગતી સા-
રી હાલતનું મલવુંછે,. અને તે બુરાને (તાંહાં) બંદીવાંનપણું, તથા હીનપ-
સ્તી ભોગવવાને લીધે આખેરતને લગતી બુરી અવસ્થાનું મલવુંછે.
૩ (માટે) જો (સાચ્ચું બોલવું) કોઈ ઠેકાણે અશો લોકોને ઘણું નોકસાંન
કરનારૂં તથા ઈજા, દેનારૂં જણાએ, તોપણ (તેઓએ) હમેશાં તે (સાચ્ચું)
૪ બોલવું. અને જુઠું જો કે કોઈ ઠેકાંણે અશો લોકોને ઘણું ફરાગત અને
ફાએદા સાથનું જણાએ, તોપણ (તેઓએ) તે કોઈબી વખતે હરગેજ બો-
૫ લવું નહી." સાચ્ચું બોલનાર શખ્સને સારૂ ભલી દીનને લગતી સીખાં-
મણુછે કેઃ જો કોઈ વખતે તે સાચ્ચું બોલનારની એક ખરી ખબર આપ-
વાએ તેહનીથી અશો લોકોને કાંઈ નોકસાંન પોંહચે, તોએપણ તે ઉપર
આધાર નહી રાખીને તેહનાં સાચ્ચાં બોલવાને લીધે તેહને વખાંણવો,
અને તેમજ જો કોઈ વખતે જુઠું બોલવાએ તે (જુઠું બોલનાર) ની તરફથી
ખોટી ખબર આપવામાં અશો લોકોને ફાએદો પોંહચે, તોએપણ તેહને
કબુલ રાખવું નહી; અને તેહનાં જુઠાં બોલવાને લીધે તેહનો ધીકાર કરવો.



૧ (૧૪) ગુનાહથી પાછું રેહનાર અને સવાબમાં આગલ વધનાર
તથા સવાબથી પાછું રેહનાર અને ગુનાહમાં
આગલ વધનાર આદમી વીશે ભલી
દીનને લગતો ખોલાસો.




૨ જાણવું કે, જે (આદમી)નાં દીલની અંદર મેહમાંન તરીકે બેહમન
(ઈઆને ભલા વીચારવાલી સકતી) હોએ, અને તેહની ઈછાની ઉપર હકુ-

મત કરનાર અહુરમજદ હોએ (એટલેકે જે કોઈ પોતાનાં દીલમાં અશો અહુરમજદને લગતો ભલો વીચાર રાખે અને અહુરમજદની મરજીને તાબેએ રેહીને ચાલે) તો, તેહનું ઘર (ઇઆને શરીર) શલાહ સંપજ ભરેલું, વીચાર—મીનોઈ મકાંન (ઇઆને બેહશત) ની સચાઈવાલો, બોલવું—અકલના તરીકાવાલું અને કાંમ—ગુનાહથી પાછું રેહવાનું અને સવાબમાં આગલ વધવાનુંછે. અને જેહનાં દીલની અંદર (મેહમાંન તરીકે) અકોમન (એટલે જે બદ ખવાસને લગતી વીચાર સકતી) હોએ, તથા તેહની ઇછાની ઉપર હકુમત કરનાર વરૂન (ઇઆને બુરો હવસ) હોએતો, તે (હનું સરીર) ગોસ્સાનું ઘરછે, અને તેહનાં મન ઉપર હોકમ કરનાર ગુનાહની ગેબી સક્તી, તથા (તેહની) જબાંનને ફતવો આપનારી આપમતલબછે; તેથી તેહનું કાંમ સવાબથી પાછું રેહવાનું અને ગુનાહમાં, આગલ વધવાનુંછે.



(૧૫) ભલી દીનનો તરીકો ઈજદોની ઈછાને લગતો અને બુરી દીનનો તરીકો દેવોની ઈછાને લગતોછે તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧



જાણવું કે: ભલી દીનના તરીકાને લગતો વીચાર ઈજદને એટલા ૨
સારૂં પસંદછે કે, તે (તરીકો) પોતે (માંણસને) સારી સકતી (મેલવવા)ને માંટેનો, અને બુરી સકતી (ની તરફ) થી (તેહને) પાછું ફેરવનારોછે; તેથી જે કોઈ જાતે સારી સકતી મેલવવાને માંટેનોછે, તે સવાબને ખાતર બુરી સકતીથી પોતાને પાછો ફેરવનારછે, અને સવાબ એ ઈજદોની ઈછાછે. બુરી દીનના તરીકાને લગતો વીચાર દેવને એટલા સારૂં પસંદછે કે, તે (તરીકો) પોતે (માંણસને) બુરી સકતી (મેલવ્વા)ને માંટેનો અને સારી સક્તીથી (માંણસને) પાછું ફેરવનારોછે, તેથી જે કોઈ જાતે બુરી સકતી (મેલવ્વા) ને માંટેનોછે, તે સારી સકતીથી પોતાને પાછો ફેરવનારછે, અને વલી જે કોઈ બુરી સકતીવાલોછે, તે (પણ) ગુનાહને ખાતર સારી સકતીથી પોતાને પાછો ફેરવનારછે, અને ગુનાહ એ દેવોની ઈછાછે.



1 ## (૭૭) ભલી દીનને પરથમ ચલાવનાર વીસે
(નો ખો લા સો).



2 જાણવું કે: ખલકને (આવતી દુનીઆંને માંટે) ચહડતે દરજ્જેનું કાંમ કરનાર થવાનું કારણ દીનથીછે, અને તેહનેજ લીધે પેદા કરનારની તરફથી (તેહને) આબાદ રેહવુંછે. લોકોને ગુનાહની અંદર આમેજ થવાથી પાછા ફેરવ્વા અને નવા કરવા સારૂ હમેશાં દર વખતે તે (દીન) ને (દાદારની તરફથી) મોકલવાની જરૂરછે. પેદાના કરનાર (અહુરમજદ) થી પરથમ તે દીનને કબુલ કરનાર 'ગયોમરદ' હતો, કે જે આદમીનું મુલ, (અને) પૃથ્વીનો પેહલ્લો રાજા હતો. અને દાંદારની તરફથી આલમને સારૂ છેલ્લો દીનને લાવનાર તથા દીનને લગતી કરણીએ દુનીઆંને સીનગારનાર તથા આલમને શુધ હાલતમાં ચલાવનાર 'સોશીઓસ' છેલ્લાં આદમીઓનો સરદાર અને માલેકછે; જે (સોશીઓસ) પેદાના કરનારની ઇછા અને ખાહેશ મુજબ આખેરના વખતમાં તેહની દીનને લાવનાર તથા દુનીઆંને નીરમલ, વગર ઇજાવાલી અને બેહસ્તને લગતી કરવાનું જે કાંમ (પરથમ) ગયોમરદની મારફતે (શરૂ) થયેલું હતું, તેહને સંપુરંણ રીતે રોનક આપનારછે. આલમને શુધારનારા સઘલા (પેગમબરો) તે (દીન) વીસેની મતલબને લગતા ગણાએછે, અને ભલી દીનને લાવનારા બેહસ્તને લગતા ફરેસતાઓ સારા મજહબને લગતા પેગમબરોના વસીલાછે; પણ તે (સોશીઓસ) ની પછી જે કાંઇ દુનીઆંને લગતી (પેદાએશ) છે તેહને સારૂ પેગમબરની મારફતે
3 દીનને મોકલવાની જરૂર રેહસે નહી. જે ધરમગુરૂઓ—ઘણાંજ ગુનાહ ભરેલાં કાંમવાલા તથા ખરાબ થાએલા તરીકાવાલા વખતની અંદર અને આદમીઓને દીનથી અતીશે ગુનાહ ભરેલાં તથા ભલા મજહબને સારૂ શકમંદ કરનારા તથા લોકોને અંધારાં તરફ જવાને ઘણી ઉમેદ આપનારા મજહબ ધરાવનારા (દીનદુશમન) ના દોરની અંદર, દીનને ચલાવનાર, દુનીઆંને રોશનીવાલી બનાવનાર અને પેહલ્લી દુનીઆંને લગતી ઉમેદ રાખવાની તેહને સહમજ આપવાથી (દુનીઆંને) ચહડતે દરજ્જેનાં ગનેઆંનવાલી કરનારા હોએ, તથા લોકો તેઓની દીનને તે પેગાંમ લાવનારાઓએ જાહેર કરેલી મતલબ ઉપરથી પસંદ કરેતો તે પેગમબરોને તેઓના ભલા મજહબને લીધે પેગમબર તરીકે લોકોએ કબુલ રાખવા; પણ જો તે (દીન) ની અંદર

દુનીઆંનાં લોકોના, નહી છુટકારાને લગતું (એટલેજે તેઓને પાપ કરવા વીસે) કહેલું હોએતો, લોકોએ તે (દીન) ને તપાસેઆ વગર છોડી દેવી. *

---

* દાદાર અહુરમજદની મજદયસની દીનને પરથમ આએ દુનીઆંમાં લાવનાર તરીકે ગએઓમરદ હતો, તે વીસેની શાહદત ફરવરદીન યશતના પાક અવસ્તામાં નીચે જણાવેઆ પરમાણે આવેલીછે.

[illegible]

'અશો ગએઓમરદનાં ફરોહરની હમો ઇઆદ કરીએ છઇએ, કે જેણે પરથમ અહુરમજદના વીચાર અને તેહનાં ફરમાનોને સાંભલેઆં (હતાં).'

મજદીઅસની દીનને લગતો છેલો પેગમબર સોશીઓશછે. તે મજદીઅસની દીન સેવટને વખતે દાદાર હુરમજદનાં ફરમાંનથી આએ દુનીઆંનાં લોકોમાં પુરતી રીતે ફેલાવસે. અને તે દીનની રાહ રસમથી તે વખતનાં સઘલાં આદમીઓને સુધારશે. તે વીસેની ગવાહી 'જમીઆદ' યશતના ૧૫ મા કરદેની અંદર પાક અવસ્તાથી નીચે જણાવેઆ પરમાંણે આપણને જણાએલીછે.

[illegible]

'હમો ઇઆદ કરીએ છઇએ અહુરમજદનાં પેદા કરેલાં ગાલેબ કેઆંન ખોરેહની. જે (નુર) ફતેહમંદ સોશીઓશને, તેમજ તેહના બીજા દોસ્તોને (હવે પછી) મલસે; જે (હની મદદ)થી તે (સોશીઓશ) દુનીઆને ચહડતે દરજેની, વગર જઇફીની, વગર મોહતની, વગર સરાવાલી, વગર કોહોવાટની, હમેશની જીનદગીવાલી, હમેશના ફાએદા સાથની અને મોરાદ પાંમેલી કરસે. અને તે વખતે મરણ પાંમેલાં પાછાં ઉઠસે (એટલેજે રીસ્તાખેજ થશે), જીવતાંઓને અમરગી મલસે, અને તેઓને (અહુરમજદ) ચહડતે દરજેની ઇછાવાલી જીનદગી આપસે. જે લોકો (પોતાને આએ દુનીઆંમાં) પવીતરાઇનું ગણેઆંન આપનારાછે તેઓ બેમરગ થાસે. અને જે દરુજ અશો (લોકો) ને હાંણી પોંહચાડવા સારૂ (આએ દુનીઆંમાં તેઓની) આસપાસ ફરી વલેલોછે તે. તે વખતે નાસ પાંમસે અને તેમજ તેહનાં સેંકડો તાખમોનો તે વખતથી અંત આવસે.'

ઉપલા અવસ્તામાં સોશીઓસની સાથે તેહના બીજા દોસ્તોને કેઆંન ખોરેહ મલવા વીસે જણાવીઉછે તે દોસ્તોનાં નાંમની વીગત 'દાદસ્તાને દેની' નાંમની પેહલવી કેતાબમાં આએ રીતે જણાવેલીછે. [illegible] રેશન્ ચશમ, [illegible] ખુર ચશમ, [illegible] ફરાદત ગદમન, [illegible] વરદદ ગદમન, [illegible] કામે વખશાન, [illegible] કામે સુત, અને [illegible] સુશીઓસ. ફરવરદીન યશતના ૧૨૮ મા કેકરાની અંદર પેગમબર સોશીઓશ અને તેહના મદદગાર દોસ્તોનાં ફરોહરોની ઇઆદ કરેઆમાં આવેલીછે, તેહમાં ઉપલાં નાંમો ઉપરાંત 'ઉખશીઅદ એરેત', અને 'ઉખશીઅદ નેમંઘ' એહવાં બે નાંમો વધારે આવેલાછે. જુઓ વેસ્ટરગારડના છાપેલા જેનદ અવસ્તાનાં પુસ્તકને સફે ૨૪૩ મે.

૧ (૮૩) મજદીઅસનાંનોને, ખોદાની તાબેદારી વગરના દેવ-પરસ્તો તથા ઠગાઈ કરનારા આશમોગોના ખવાસથી દુર રેહવા વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણવું કે, દેવપરસ્તો તથા ઠગારા આશમોગોનું રવાંન (પોતાનાં) જીવતાં બદનની અંદર તેહના રીમન ખવાસને લીધે (મજદીઅસની) દીનની રાહે મુએલાં શરીર સાથનું છે, અને તે જીવ સાથનું શરીર દોજખને મારેનું ગણાયછે; એટલા સારૂ મજદીઅસનાંનોને તેઓની તે રીમની તથા ખરાબ ખાસીઅતો, તેહને લગતા અરસ પરસના મેલાપથી પોહચવાની ધાસ્તીછે, માટે તેઓનાં જીવતાં શરીરને અડકવાથી (તેઓએ) દુર રેહવું; કારણ કે તેઓનું શરીર શપલી જગોએ સરેલા નસા તરીકેનું છે.

૩ વલી (બીજુ), એમ જાહેર કરેલું છે કે, તેઓની મીતરાચારી તથા નજદીકીના સંબંધની લાગણીથી (મજદીઅસનાંનોની) અશોઈનો ઘટારો, (તેઓના) સારા ખવાસને આલુદગી તથા આદતને હાંણી પોહચવી અને (તેઓની) ખોરેહનું ઘટવું છે. (અને) તે લોકો (પોતાની) દોસ્તી તથા સાથે ખાવા પીવાના તરીકાથી (મજદીઅસનાંનોને) ઇજદોથી જુદાગી તથા અપવીતરાઈનો સંબંધ આપનારાછે, અને (તેથી તેઓની) બુદી હીન થાએછે; માટે બને તાંહશુધી તેઓને અડકવાથી દુર અને એહલાએદા રેહવું, અને તે સાથે એમ પણ કરવું કે, જે થારી તથા ખાવાનાં વાસંણ તેઓ વાપરે તેહને તરણ મરતબે ગરમ પાંણીએ કરી ધોવાં અને તેહમાં ખાવા પીવાથી મજદીઅસનાંનોએ દુર રેહવું.



૧ (૮૪) ખોદાના બંદા મધેથી ચહડતી, મધેઅમ અને ઊતરતી પદવીના બંદા વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, ખોદાના બંદાઓની અંદર જે કોઇ પોતાને વાસતેની બંદા તરીકેની સહમજથી જાતે સહમજદાર (હોએ), અને તેહને લગતા

ચલકાટ, નુર, અકલ અને ગુણની અંદર શુધારો કરવાજોગ સકતીની મા-
રફતે પોતાને ચલાવે, તે ખોદાનો ચહડતે દરજ્જેનો બંદોછે. અને જે કોઈ ૩
તે શુધરેલા ખોદાના બંદાની બરોબર નકલ કરવાથી પોતાને શુધારે, તથા
તેહને લગતી સકતીઓને જેમ ચલાવવી ઘટે તેમ ચલાવે, તે ખોદાનો મધે-
અમ દરજાવાલો બંદોછે. અને જે કોઈ સંપુરણ અકલવાલા ગુણી શખસની ૪
મારફતે તેહના જેવી સકતોને સુધારનારી નસીહતથી પોતે સુધારાની સહમજ
સાધનો (હોએ), તે ખોદાના બંદાની અંદર ઉતરતા દરજાવાલો બંદોછે.*



**(૩૮) (આએ દુનીઆંને લગતું) અતીશય શુખ, અતીશય ૧
દુઃખ, શુખ સાથનું દુઃખ, અને દુઃખ સાથનું
શુખ કેહવી રીતનુંછે તે વીસે ભલી
દીનને લગતો ખોલાસો.**



જાણવું કે: આએ દુનીઆંનાં લોકોનું અતીશયે શુખ અને દુઃખ, ૨
શુખ સાથનું દુઃખ, અને દુઃખ સાથનું શુખ (હમેશ રેહનારૂ નથી, પણ)
તુરત જતું રેહનારૂંછે. અને આએ દુનીઆંને લગતાં દુઃખના જવાએ શુ-
ખનો શંબંધ અને શુખના જવાએ દુઃખનો સંબંધછે.



**(૩૧) જે (ચીજ) થી આદમીને છુટકારો મેલવવોછે તથા ૧
જે વસ્તુ તેહને પસંદ કરવાજોગ નથી તે
વીસેની નસીહત તથા ભલી દીનને
લગતો ખોલાસો.**



જાણવું કે, આદમીને (ભલી દીનને લગતી) નસીહતછે કે, તેણે (દો- ૨
જખથી) છુટકારો મેલવવો—(એ) ભલી દીનની રાહે અહુરમજદની ઈછાને
લગતી ખાહેશ તથા પુછપરછ કરીને તે સાહેબની મરજી મુજબ (આએ દુ-

* આએ ઉપલી બાબતમાં ખોદાના તરણ તરેહના તાબેદારોનું વરણન કરે-
લુછે, તેહમાં જેઓ બંદા તરીકેની કુદરતી સહમજ ધરાવનારા પેગમબરી દરજાવાલા
બંદાઓછે તેઓને પેહલો દરજો આપેઓછે, તથા જેઓ પેગમબરોની નકલ કરના-
રાછે તેઓને બીજો દરજો આપેઓછે, અને જેઓ ધરમગુરૂઓથી કેલવણી લેઇને
પોતાને ખોદાના બંદા તરીકે ચલાવનારછે તેઓને તરીજો દરજો આપેલોછે.

નીઆંમાં) બરોબર રેહવાએ, અથવા ભલી દીનની અંદર આપેલી સહમજથી તેહને લગતું કાંમ કરવાએ, અને હાંણી પોહચાડનારાં તથા પસતાવાને લગતાં પરહેજ કરવાજોગ કાંમથી દુર રેહવાએછે. જેહનું અંન્તકરણ તેહને ચહડતે દરજેનો મારગ બતલાવનારૂં તથા અકલ તેહની ઉપર હોકમ કરનારી હોએ, તે આદમી અહુરમજદની ઈછાવાલુંછે; પણ જે (આદમી) પોતાને લગતા ઉપાએની સહમજ મેલવવાથી પાછું રહેનારૂં તથા પોતાને સાચવટની અંદર જાલવ્વાનો ખાહેશ વગરનું અને સંતોષી અકલને પસંદ નહી કરનારૂંછે, તે (પોતાની) મરજી મુજબ ચાલનારૂં, ઉલટા વીચારનાં અંન્તકરણવાલું અને આપમતલબી વસ્તુને લગતુંછે.



૧ (૯•) હસ્તીવાલો સાહેબ (ખલકની) હસ્તી* અને પેદાએશને* પેદા કરનારછે તે વીશે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણવું કે, હસ્તીવાલો સાહેબ પોતે, જે કાંઈ તેહને લગતી દરએક
હસ્તી તથા પેદાએશછે, તે ઉપરથી જણાએલોછે. ખોદાએતાલા ચહડતે
દરજેની દાંનાઈની સકતીવાલોછે. અને તે સાહેબને માંટેનું જે કાંઈ કાંમ
રૂપેનાઓનોથી જાહેર થાઈઉં તેહની આગમચ તે પોતે હતો. અને ખોદા-
૩ એતાલાથી સઘલાઓની હસ્તીછે. વલી આદમીની અંદર તે હસ્તીના
સાહેબનું તેહની હસ્તીની મારફતે જણાવું છેલ્લે વખતે (થઈઉં) છે.†
કારણ કે (પરથમ) બેહમનને હયાતી આપનાર તરીકે અહુરમજદનું જાહેર
થવું તે બેહમનને જનમ આપેલાં કાંમની પછી થાએલુંછે. તેમજ પેદા-
એશને સારૂ દીનને લગતી દાનાઈની જરૂર તથા બેહમનની જાતની માર-
ફતે તે (દાનાઈ લોકોમાં) પખરાવ્વાની અગત હોવાને લીધે દાદારની માર-

* હસ્તી, તથા પેદાએશ—એ બેહુ બોલોની મતલબ આએ જગોએ ખલકની હયાતી તથા તેહનાં રૂપને સહમજવું.

† જાણવું કે ઉપલાં લખાંણની અંદર હેવું જણાવેલુંછે કે: "આદમીની અંદર તે હસ્તીના સાહેબનું તેહની હસ્તીની મારફતે જણાવું છેલ્લે વખતે થાઉછે" તેહની સહમજ ઈજિશનેના ૧૯ મા હા, પેહલવી 'બુન્દેહશને' અને 'ગાહંબારની આફ્રીન' ઉપરથી આપણને હેવી રીતે મલેછે કે પાક દાદારે આએ દુનીઆંની પેદાએશમાં પરથમ આસમાંન, પછી પાંણી, પછી જમીન, પછી ગોસ્પંદ, પછી જાડપાંણ, પછી આતશ પેદા કરીને તેવાર પછી આદમીને જનમ આપેઓ હતો.

ફતે બેહમન પેદા થવાથી તે (દાદારની) પેહલ્લી પેદાએશ તરીકેછે. અને પેદાના કરનાર (દાદાર) ની મારફતે બેહમન સરજવાએ તેહને દાદારના બેટા તરીકે તથા બેહમનને લીધે દાદારને બાપ તરીકે દીનને લગતા ખોલાસામાં જણાવેલોછે. તેઆરે એ ઉપરથી સાબેત થાએછે કે દાદાર પોતે બેહમનની પેદાએશની આગમચ જાહેર થાએલો હતો. અને બેહમનને તેહને લગતી જેટલી સહમજ મલીછે, તેટલી સહમજ વાલો તેહને દાદારે કરેલોછે. માંટે તે ઉપરથી જણાએચ કે દાદાર પોતાની સંપુરણ સહમજ, પુરતી સકતી, અને સંપુરણ હકુમતથી જેટલી જોઈએ તેટલી હાંસેલ વાલી પેદાએશ બનાવ્વાને સકતીવાંનછે. અને તેહની મારૂક દાનાઈમાં ચહડતે દરજેનો, અતીશય ગણેઆંનવાલો અને અતીઅંત મરતબાવાલી આએપત ધરાવનારો
કોઈ નથી. તેઆરે ધરમગુરૂઓ સવેનો જે ધરમગુરૂ (ઈઆને પેગમબર) ૪
પોતે પેદાનો કરનાર તેમજ બાપ દીકરા તરીકે (ગણાએચ) તે બનવાજોગ નથી; (કારણ કે) દીકરાની આગમચ બાપ અને બાપની પછી દીકરો બનેલો, એ બેહુ (વાત) સઘલા મજહબની અંદર કાએદાસરછે. વલી ખોદાએતાલા પોતે એકછે, અને તેણે એખલાએ (સઘલી પેદાએશને) પેદા કરેલોછે, તે પોતાને પછવાડે કેમ બનાવે ! વસ્તુને લગતી ઓલાદના તરીકાની અંદર બેમાં એક આગલ હોવું જોઈએ, તેથી (જો) બે આગલ અને બે પાછલ (પેદા થાએલા) હોએતો તેહમા બીજાની આગમચના એકને બાપ તથા બીજાને દીકરો કેહવો સજાવારછે, (કેમકે) તે આગલ અને પછવાડે (પેદા થાએલા) બંવેની અંદર બીજાના બાપ તરીકે પેહલ્લોછે, અને બીજો દીકરા તરીકેછે. પણ દીકરાની આગમચ પેદા થાએલો બુજોરગ બાપ દીકરો અને બાપની પછી પેદા થાએલો દીકરો બાપ નહી હોએ.

(૭।) પેદાએશનો પેદા કરનાર તેહની જે પેદાએશ પોતાના પેદા કરનારને ઈજા દેવાથી દુરછે. તેહવી પેદાએશને વગર ધાસ્તીની અંદર રાખવાને કબુલનારછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, પેદાએશને પેદા કરનાર (પાક ખોદાએતાલા) પોતાની પેદા- ૨
એશને તેહની પેદાએશ તરીકે ઘટતી રીતે કબુલ રાખનાર, જે પેદાએશને તેણે પેદા કરેલીછે તે પેદાએશનો તેહની સાથે સંબંધ રેહવાને લીધેછે. અને તે પેદાએશને તે (હનો પેદા કરનાર) કીમતી ગણનાર, તે પેદાએશના

ચહડતે દરજ્જેના સંબંધની મારફતેછે. તથા દાદાર પોતે તેહની પેદાએશને સારૂ કીમતી ગણુનાર, તે (પેદાએશ) ની સાથે એક મળવાએછે. એટલેજે તે (દાદાર) પોતે, તેહને લગતા (ખોદાઈ) વીચારને મારેની કીમતી સખાવત તે પેદાએશની અંદર કરનાર તથા તેહને વગર ધાસ્તીવાલી રાખનાર, તે (પેદાએશને પોતાના) પેદા કરનારને ખોલ્લી રીતે* આજોરદેહ નહી કરવાએછે; કારણુ કે તે સાહેબ તેહની જાત ઉપર પાદશાહ તરીકેછે. વલી તે દાદારની ખલકની અંદર જે કોઈ શખ્સ (પોતાના) પેદા કરનારને માંરેની દાનાઈએ ચાલનાર તથા (તેહની) સખાવત (બીજાઓને) કરનારછે, તે વગર શકે ગુનાહનાં કાંમોની મારફતે પોતાને ઈજા કરનાર નથી. જે ધરમગુરૂઓ (ઇઆને પેગમબરો) દાદારની તરફનાછે, તેઓનો મજહબ જે, તે (દાદાર) ની પેદા કરેલી પેદાએશને ગુનાહનાં કાંમોથી મુતલક ઈજા નહી દેનારો તથા રાજની અંદર (કોઇને) વગર કારણે દુઃખ નહી આપનારો કેહવાએચ, તે તેહને લગતી (એટલેજે તે મજહબની) દાનાઇથી કરેલી સખાવતે (ઇઆને કાંમે) તથા (તેથી) અપાએલા પવીતર ઇનસાફે કરીછે. અને તે (ધરમને લગતી દાનાઇ) વગરના તથા તેથી પછાત રહેલા (લોકો) ખચીત વગર વીચારવાલા કેહવાએછે.



૧ (૫૧) અરથેંશતાર† અને વાસ્તરીઉશ† ના ધનધાની ઉપર અથોરનાંન† ના ધનધાની મોહટાઈ તથા ચહડતા દરજા વીશે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, અરથેશતાર અને વાસ્તરીઓશના ધનધા કરતાં અથોરનાંનના ધનધાની મોહટાઈ તથા ચહડતો દરજ્જો ઘણુએક સબબ ઉપરથી જણુએલોછે. અને તેહમાંનો એક (સબબ) એછેકે, સેપાહગરી, અને કુનબીપણું એ બેહુ એલકાબ અથોરનાંનપણાંનો અંદરછે, સાથી કે એક અથોરનાંનની પેહલવાંનગરી ગેબી દરૂજને મારવામાં, તથા કુનબીપણું (પોતાને) ઈઅનજદાંની આરાધના કરનારો બનાવ્વામાંછે.‡ અને વલી આ-

---

* ખોલ્લી રીતે—એટલેજે જાણીજોઇને, તે વીશેની પોતાને ગ્રહમજ હોવા છતાં.

† અરથેશતાર—એટલે સેપાહ અથવા રાજઅધીકારી; વાસ્તરીઓશ—એટલે ખેડુત અથવા કુનબી અને અથોરનાંન—એટલે ધરમઆચારી અથવા દસ્તુર મોબદના ટોળાને સમજવો.

‡ કુનબીપણું ઈઅજદાંની આરાધના કરનારો બનાવ્વામછે—તેહની મતલબ એછે કે, ઈઅજદાંની આરાધના એ આતમાને લગતો ખોરાકછે, માટે આરાધના કરનારો એ ગોએઆ રવાંનને પુનને લગતો ખોરાક પોહચાડનારો કુનબીછે.

તમાને તેહુના પેદા કરનારની હજુરમાં પોહચાડવાનું જે કાંઈ કાંમછે, તે
અથોરનાંનના ધનધાથીછે.

બીજું કારંણુ એ છે કે, દરએક આદમીને (તેહુની) ફરજને લગતું કાં- ૩
મ કરવાની સહુમજ મેલવ્વી, જેવીકે (પોતાના) પેદા કરનારને ઓલખવો
તથા ઘણુંએક સવાબ અને ગુનાહ (નાં કાંમ) ને પીછાંણુવાં—એ અથોર-
નાંન ટોલાથીછે; તેમજ તેઓ પોતાના આતમાને લગતાં સઘલાં કાંમની
અંદર વધારે તથા વીગતવાર હદવાલા (એટલેજે હદથી જીઆદા તથા ગ-
ણુતરીવાલાં કાંમ કરનાર) અથોરનાંન ટોલાથીછે.

તરીજું—સેપાહુગરી તથા ફુનબીપણુંનાં કરતાં અથોરનાંનપણુંનો ચ- ૪
હડતો મરતબો તે અથોરનાનનાં ધરમને લગતાં સમરંણુ, ખવાસ અને
મકાંનને લગતી મોહટાઈને લીધેછે.

ચોથું—(મોહટાઈનું કારણુ એછે કેઃ) આદમીનાં શરીરની અંદર ૫
માંથાંનો દરજ્જો અથોરનાંનનાં ધનધાને, હાથનો દરજ્જો અરથેશતારના ધ-
નધાને, પેટનો દરજ્જો વાસતરીઓશના ધનધાને અને પગનો દરજ્જો હુતો-
ખ્શના ધનધાને લગતો (દીનમાં જણાવેલો) છે; તે ઉપરથી (આપણુને) ઈ-
ધાંનીનું બતલાવ્વુંછે કે, અથોરનાંનનો ધનધો દરજ્જા અને મરતબાની
અંદર દુનીઆંનાં માંથાં તરીકે, અરથેશતારનો ધનધો દુનીઆંના હાથ
તરીકે, વાસ્તરીઓશનો ધનધો દુનીઆંનાં પેટ તરીકે અને હુતોખ્શનો
ધનધો દુનીઆંના પગ તરીકેછે.*

* આએ ઉપલા ફકરાની અંદર અથોરનાંનને દુનીઆંનાં માથાંની, અરથેશ-
તારને હાથની, વાસ્તરીઓશને પેટની અને હુતોખ્શને પગની નીસબત આપેલીછે,
તેહની મતલબ એછેકે, દુનીઆંનાં લોકોને આએ દુનીઆંની અંદર આવતી દુની-
આનિ સારૂ ચહડતે દરજ્જેનું બનવું, એ અથોરનાંન ટોલાની તરફથી તેઓને મલેલી ધરમ
સંબંધી સંહમજને લીધે તેહને લગતાં કાંમો કરવાએછે, અને આદમીને આએ
દુનીઆંમાં જનમ લેવાની મુખ્ય મતલબ આએજ કારણુસરછે. અરથેશતારને દુની-
આંના હાથની નીસબત આપવાની મતલબ એછેકે, જેમ હાથે કરી માંણુસ પોતાનાં
બદનનો બચાવ કરેછે, તેમ રાજદરબારી ટોલો આએ દુનીઆંમાં લોકોના જાંન
માલનો બચાવ કરનાર અને જાલેમોની બુરાઈ તથા પીડાને લોકોથી અટકાવનાર
અને ઈનસાફ આપવાથી વાજબી તરીકા ઉપર ચાલવાની આલમને મદદ કરનારછે.
વાસ્તરીઓશને દુનીઆંનાં પેટને લગતી નીસબત આપવાની મતલબ એછેકે, આએ
દુનીઆંમાં પેટ એ ખોરાકને માટેનો ભાગછે, અને આએ દુનીઆમાં દરએક
જાંનદારને હયાત રેહવું તથા જીનદગી ગુજારવી એ પેટની અંદર ખોરાક પોહચવાથી
છે, તે ખોરાક બનાવીને દુનીઆને આબખોરાકીની મદદ આપનાર વાસ્તરીઓશ
(ઈઆને ખેડુત)છે. હુતોખ્શને દુનીઆંના પગની નીસબત આપીછે તેહની મતલબ
એછેકે, જેમ દુનીઆંની સઘલી જાંનદાર પેદાએશને પગે કરી હીલચાલ કરવીછે, તેમ
સઘલી જાતના ઉદીઓગ અને ધનધાદારીથી દુનીઆંના કારોબારનું ચાલવુ છે.

૬ પાંચમું—અથોરનાંનપણાંની મોહટાઇ (ને લગતું કારણ), તે (તરંણે
પેશેવરો) ના આતમાને લગતાં કાંમની ઉપર તે (અથોરનાંન) છે તેહને
લીધેછે; કારણ કે જે કોઇ અથોરનાંનના પેશાની અંદરછે તે હમેશાં
૭ લોકોને તેહનાં રવાંનને લગતું બેહદ (ગણેઆંન) બતલાવનારછે. ભલી દી-
નની અંદર અથોરનાંન ટોલાને અહુરમજદનાં મકાંનને† સરવેથી સરસ
સીનગાર આપનાર તરીકે જણાવ્વું—એ, અરથેશતાર અને વાસ્તરીઓ-
શના ટોલાથી વધારે મોહટાઇ અથોરનાંન ટોલાનેછે તે વીસેની કબુલ રાખ-
વાજોગ દલીલછે.



૧ (૪૮) માંણસને લગતાં દીનના ફરમાનથી તેહને ચલાવ્વાએ, તે, દુનીઆંને લગતી સઘલી નેકીના સંબંધવાલું થાએછે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, અગરજો કોઈ શખસ ભલી દીનને લગતી દાનાઈની (માંણ-સોને) સહમજ આપવા સારૂ—દોલત, સંપુરણતા, અને વીદીઆમાં સક-તીવાંન (હાએતો) તે વીદીઆ અને દોલતની અંદર સકતી ધરાવનારે (દોલત અને વીદીઆમાં) વગર સંપુરણતાવાલી સકતીવાલાને દાનાઈ તથા દોલતને માંરેની ઉલટથી મદદ આપવી, કે (જેથી) તે (બીજાને) સકતી આપનારો તેહને સકતીવાંન કરનારા ખોદાએતાલાની તરફથી બંધે જેહાંનમાં ઘટતા મરતબાનો બદલો મેલવનાર તથા ઈઆજદાંની સકતીએ કરી બંધે જેહાંનમાં પુરતો સંભાલ પાંમનાર થાએ, અને તેમજ (તેહનીથી સકતીવાંન થાએલા) લોકો બંધે જેહાંનની નેકીનો પુરતો સંબંધ ધરાવનાર તરીકે બંધાએલા રેહ અને તેથી દુનીઆં શુધરેલી, સમરેલી અને સનગાર પાંમેલી થાએ, તથા

† અહુરમજદનાં મકાંનને સરવેથી સરસ સીનગાર આપનાર તરીકે અથોરનાંન ટોલોછે—હેવું ઉપલાં લખાંણમાં જણાવીઉંછે, તેહની મતલબ એછે કે, માંણસને આએ દુનીઆંમાં નીતી અને ધરમને લગતી સહમજ આપવાથી બંધે જેહાંનને સારૂં તેહને શુધારનાર તરીકે અથોરનાંન ટોલોછે, અને આએ દુનીઆંમાં તથા મી-નોઇ આલમમાં શુધરેલા લોકોનું રેહાંણ ખરેખર અહુરમજદે પેદા કરેલાં ગેતી અને મીનોનાં મકાંનને જેબ આપનારૂંછે. જો ઉપલી એબારતની મતલબ એ સે-વાએ બીજી લેવા માંગીએતો તે અહુરમજદને લગતાં આતશકદેહ તથા દરેમેહરનાં મકાંનનેબી લાગુ પડેછે, કારણ કે દરેમેહર અને આતશખાંનાનિ ચહડતે દરજેનો સી-નગાર અશોઇ અને પરહેજગારીથી ધરમની કીરીઆ કરનારા અથોરનાનોને લીધેછે.

ભલી જાતવાલાઓનો વધારો થાએ અને આદમીઓ (દોજખથી) છુટકારો પાંમે અને (બેહશતની) બુલેરગી મેલવે.



(૪૯) આલમને નેક પેદાએશ તરીકે રેહવા સારૂં (તેહની) સાહમણે થનારને મારવાની તથા (તેહનીથી) અંધારી ઘાતને દાબી દેવાની ઈજદોની લડાઈ વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧



જાણવું કે, દાદારનાં ફરમાંનથી ઈજદો (પેદાએશને માટે) દર વખતે ૨
પોહચેલી બેહદ ઘાતો મધેની દરએક ઘાતને ટાલવા તથા પાછી હટાવ્વા સારૂ છે ; અને જેમ એક ડાહપણ ધરાવનારો વઈદ શરીરની બીમારીને પાછી હટાવ્વાના (તથા) અસલ જાતની અંદર શુધારો કરવાના ઉપાએને જાણનાર, તથા અનાજથી (તેહને લગતી) બુરાઈને દુર કરનારો ખેડુત તે નાસકારક બુરાઈ સાથના અનાજનો ઉપાએ કરનારછે, તેમ (તે ઈજદો) તે ઘાતને વખતે તેહને લગતું નોકસાંન પેદાએશને નહી થવા દેવા તથા (પેદાએશથી તેહને) પાછું હટાડવા સારૂંછે. અને તેઓ તે પોહચેલી (ઘાત)ને જાહેર થતાંવાર દાદારનાં ફરમાંનથી તુરત આવેછે, અને (તે ઘાતને લગતો) હરીફ પાછો નહી ઉઠી સકે તેહવી રીતે બલતવારીથી તેહને મારેછે. તેઓ દુનીઆંને હરીફની વગર ધારતીએ શુખથી રેહવાનો, તથા લોકોને લાંબી મુદતવેર આસાએશ આપવાનો, અને દીન તથા ખોરેહનો દુનીઆમાં ફેલાવો કરવાનો ફાએદો બખશનારા પેહલવાંન તરીકેછે.



(૫૦) તનને લગતી દોલતને સારૂં આતમાની મારફતે પોતાને ચલાવ્વાએ આદમીની ખસબીછે. તે વીસે ભલી દીનનેલગતો ખોલાસો. ૧



જાણવું કે. (આદમીએ પોતાના) પેદા કરનારની તાબેદારીમાં રેહવું, ૨
એ તેહની દીનને લગતી દરએક સહમજથીછે. (કારણ કે) એક લાએકી-

વાલું આદમી (પોતાના) આતમા અને શરીરને લગતી વસ્તુએ કરી પોતાના પેદા કરનારની તરફ ખરાબી, ઈજા અને એબ વગર (પોતાને) ચલાવનારૂં, તે (દીનને લગતી સહમજ) થી થાએછે. અને આદમીઓને એબવન્તું થવું આતમાને વાસ્તેની દાનાઈના ઘટાડા અને નાસથીછે, અને તેથી (આદમીનો) આતમા તકસીરવાર થાએછે. જેમ શરીરની અંદર આમેજશોથી મરજ ઉતપન થાએછે, તેમ આતમાને પાપથી બીમારી, મોતને લગતી ઈજા
૩ અને દુઃખ થાએછે. આતમાને લગતી દોલતને (ઇઆને સવાબને) હાંની પોહચાડનારી કંગાલીઅતથી, તથા ફરેહબુત* ને લગતા અપ્રમાંણીક અને અઈબીબુત† ને લગતા થાર મારનારા નાસકારક તરીકાથી, પેદાના કરનારની જે સંપુરણ પેદાએશછે તેહની હયેઆતીનું ઘટવું અને (તેહને) નોકસાંન થવુંછે. દાદારની પેદાએશને ઈજા દેનારની ઉપર (બીનો ઈજદોની) બલી પેદાએશ કેટલેએક દરજજે સકતીવાંન, જેઆરે આદમી આતમાને લગતી દાનાઈ તથા શરીરની સલાંમતી અને આબાદીને લગતી દોલતથી ફાએદાસર પોતાને ચલાવેચ તેઆરે થાએચ. અને દાદારની તરફની તેહની (ઇઆને આદમીની) ચહડતી કઉઅતથી તથા જાલવણીથી તેહની

---

* ફરેહબુત—એ શબ્દ અસલમાં [illegible] છે અને તેહનો અર્થ 'હદ ઉપરાંત બનેલું' અથવા 'હદની બાહેર ગએલું' હેવો થાએછે, અને તેહની મતલબ અપ્રમાણિક અથવા પ્રમાંણ વગરના માંણસનીછે. પાદશાહ નોશીરવાંન આદેલનો વજીર વજોરગમેહર (ઇઆને અબુજરચમેહર) પોતાનાં બનાવેલાં 'ગન્જેશાહગાન' નાંમનાં પેહલવી પુસ્તકમાં ઉપલા બોલનો અર્થ આએ રીતે કરેછે:—

[illegible]

'ફરેહબુતની મતલબ એછે કે: જે કોઈ આએ દુનીઆને તેહનાં ચહડતે દરજેનાં મકાંન તરીકે સહમજે તથા મીનોઈ જેહાંનને સંકટ ભરેલું (મકાંન) ગણે, અને જે ચીજથી આરેસ્થ (પોતાની) જાતને નોકસાંન તથા રવાંનને મેહનત અને શજા થાએ તેહને પસંદ કરે.'

† અઈબીબુત—નો અર્થ 'એબીઅન અથવા તકસીરવાર થાએલું' હેવો થાએછે. અઈબીબુતનાં કાંમને લગતો ખોલાસો ખુરદેહ અવસ્તાના પેહલવી તરજુમા મધે નીચે જણાવેઆં પરમાણે કરેઓછે:—

[illegible]

"અઈબીબુતનું કાંમ લોકોને કમ ખોરાકે તથા મોહધે ખોરાકે રાખવાનુંછે" એ ઉપરથી અઈબીબુતનો અર્થ ખાધખોરાકીને લગતી વસ્તુની આમદાંની છતાં તેહને એક હાથ કરી લોકોને ભારી કીમતે વેચનારનો થાએછે. અને હેવું કરવાથી તેહવો શખસ ખરેખર અનીતીવાલો તથા અહુરમજદનાં પેદા કરેલાં માંણસો ઉપર જાસ્તી અને જુલમ ગુજારનારો થાએછે.

ઉપર જે હમેશાં (માંણસને) ઈજા દેવાને મારેનો આજાર દેનાર (અંઘર મેનીઉશ) છે તેહની કઉઅત ફાવવાની નથી. આદમી (આએ દુનીઆંમાં) પોતાની તથા પોતાના એશીઓની જીનદગી ઘટતી રીતે ગુજારનારૂં નેકીએ કરીછે. અને અનઘટતી રીતે (જીનદગી ગુજારનારૂં આદમી લોકોને) ઈજા દેવાએછે. એટલા સારૂં નેકીના બંદોબસ્તને ઈજા દેનારો ખવાસ ધરાવનારથી (પોતાને) જાલવવું, અને ઈજા પોહચાડનારા તરીકાવાલી જાતથી દુર રેહવું. જે ધરમગુરૂઓછે તેઓ પોતે પેદાના કરનારની પેદાએશને ઈજા ૪
દેનારા નથી, પણ જેઓનો મજહબ દાદારને આજુરદેહ કરનારા ગુનાહ, જુઠાઇ, ખરાબી અને હલાકીનાં કારણને લગતી ઈછા (લોકોને) આપવાનો હોએતો તે (મજહબ) નાંલાએકછે. તેહવો મજહબ દાદારની તરફથી કેહવાએલો ગણાએ નહી તથા ભલો કેહવાએ નહી.



(૭૧) હકુમત કરનારાઓની ફરજ જેમ બને તેમ આદમીઓથી કંગાલીઅત, હાજત, સંકટ, ગલીચી અને મરકીને દુર કરવાનીછે. તે વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧



જાંણવું કે, દીનને લગતી સહમજ ધરાવનારા હાકમોની જાતી ફરજ જેમ તેઓના નાફરમાંન શતરૂઓને દોલત અને હશમત ધરાવનારા ૨
શેહરના લોકોથી અટકાવ કરવાનીછે, તેમજ તેઓથી કંગાલીઅત, સંકટ, હાજત, રોગ અને મરકીને દાબી નાંખવાની અને હાંકી કાહડવાની, અને જેમ બને તેમ દુનીઆંમાં કઉઅત રેહ તેહવા ઉપાએ શોધવા તથા કરવાનીછે. હાકમોની અંદર વધારે મહડતે દરજેનો તે છે, કે જે, શેહરનાં આદમીઓથી કંગાલીઅત અને બીમારીનો કેટલોએક ઉપાએ એવી રીતે કરતો રેહ, કે તેહની હકુમતની અંદર દુઃખ અને બીમારીનો એલાજ નહી કરવાની એકબી ફરીઆદ જણાએ નહી. પણ દીનને લગતી સહમજ અને સીખાંમણ વગર, ઉલટા વીચારને લગતી આલસાઈથી તથા વગર સંતોશને લગતા ઉદીઓગથી પોતાને ચલાવવાને લીધે, (હાકમોની તરફથી) દરએક દરદની ઉતપનતીના ઉપાએનું વધારવું, અને તેથી લડાઇના ધન-

ધાને કઉઅત આપવીછે. માટે (દરએક હાકમને સજાવારછે કે) તેહની રઈઅતમાં જે કોઈ પોતાના ઉદીઓગને લગતાં હથીઆર વગર તેહને લગતો ઉદીઓગ કરવામાં અશક્ત હોએ, જેમકે ખુરજીગર ખેતીના બલદ અને બીજાં ખેતી કરવાને લગતાં હથીઆર (વગર), તથા બીજા ધનધાદારીઓ તેઓના ધનધાને લગતાં હથીઆર વગર, તો તેહવા લોકોને તેહને લગતાં કાંમને ચલાવનારાં હથીઆરો આપવાં, અને તેથી (લોકોને) એબ વગરનાં (ઈઆને બેમોહતાજ) કરવાં. તથા સઘલી ધણીઘેરી વગરની ઓરત અને બચાંઓ જે જઈફી અથવા હીલચાલ કરવાની વગર સકતીને લીધે, જે લોકો લુટફાંટ કરનારાછે તેહનો અટકાવ કરનારો સકતીવાંન પુરૂષ નહી હોવાને લીધે, (મદદનાં) ઉમેદવાર હોએતો, તેઓને મદદ આપવી. આએ પરકારની કંગાલીઅતને ટુકકેથી દાબી નાખનારી (દીનની) રોશનીછે. માટે દીનને લગતાં (કાંમો કરવા) ઉપર (હાકમોએ) પોતાને ચલાવ્વા અને (તેહવાં કાંમો) ચાલુ કરવાનો હોકમ આપવો; કે જેથી દરદોને બંદીખાંનું (ઈઆને સંકટ) પસંદ કરવાની હાજત નહી રેહ. બીમારી તથા મરકીનો ઉપાએ કરવા સારૂ શેહરોની અંદર અને કસબાઓમાં દરએક જાણીતા અને આતમાનું શુખ પસંદ કરનારા હકીમનાં ઉપરીપણાં હેઠલ તેહને લગતી ચોકસ દવા તથા મરજને સાફ કરવાના બીજા એલાજો સાથની ઈસ્પિતાલો બનાવ્વાને ફરમાવ્વું, અને તાંહાં સઘલા લોકોનાં દરદનું નીવારણ કરવાની પુછપરછ તથા કાલજી રાખવી. અને શેહરોની અંદર સંઘલી પરકારનો (હવો) બંદોબસત રાખવો કે જેથી શેહર આબાદી ભરેલું અને ઉદીઓગી રેહ, અને ઘણુંએક આદમીઓથી દુકાલ, કંગાલીઅત, અને હાજતનો તુરત નાસ થતો જાએ. તેમજ આતશ, પાંણી અને જમીનને ખુશબો સાથની રાખવી, તથા હવાને જે કાંઈ નાસકારક અને કોહવા જોગ વસ્તુ હોએ તેથી સાફ રાખવી, કે તેહના સબબથી આદમીઓમાં બીમારી અને મરકીનો ઉપદરવ નહી થાએ. બલકે આએ પરકારની બલી દીનની નસીહત મુજબનાં પાદશાહોનાં ફરમાંનથી દુનીઆંમાં લોકોએ આતશ, પાંણી અને જમીનથી (તેહવી વસ્તુને) દુર રાખવી.



(૫૭) વેરીની* સાથે વેર રાખવું સજાવારછે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧



જાંણવું કે, ભલી દીનને લગતી સહમજથી જેહનો સંબંધ તોડવા ૨
જોગ હોએ તેહની સાથે વેર રાખવું; કારણ કે, આદમીને નોકસાંન કરવાથી
તથા (તેહનાં સારાં કાંમમાં) આડે આવ્વાથી જે કાંઈ સંબંધનું તુટવુંછે તે
વાજબીછે. જેઓ આદમીના આતમાને, (તેહને) મદદ આપનાર (દાદાર
તથા તેહના પેદા કરેલા ઈજદ અમેશાસ્પન્દો)થી ફેરવનારછે, તે દેવોછે.
અને તે બુરાઓના સંબંધને લીધે જેની આદમીને મદદછે, તેની મદદ
તેહને મલતી નથી. મારે દેવની મદદ આદમીની મદદ કરનારનારાં દર-
એક ઈનશાંનને આડે આવ્વા થકી જાંણીતીછે; તેથી ભલી દીનનો પસંદ
કરેલો દશતુર જો ભલાં આદમીને બુરાંના સંબંધથી ભલાની (ઇઆને
અશો અહુરમજદની) તરફ ફેરવ્વાને સકતીવાંન હોએતો, (તેહની સાથે)
જગડો કરવો—એ દાનાઈ નથી, પણ તેહની સાથે ભલાઈ કરવો અને પેઆર
બતલાવ્વો તથા તેહની સાથે સારો સલુક કરવો, અને જે બુરૂં (આદની
હોએ) તેહને દાનાઈથી ભલાઈની તરફ ફેરવ્વું.



(૫૮) અહુરમજદની પેદાએશની સાંહમણે થનારી રીત-ભાંત વાલાઓને ટાલવાના ઊપાએ વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧



જાણવું કે, ધારીને જોતાં અહુરમજદી પેદાએશની સાંહમણે થવાની ૨
રીતભાંતવાલાઓ ૩) તરેહનાછે. તેહમાં એક છુપી રીતે, એક જોસ્સાની માર-
ફતે અને એક બદનનાં રૂપમાં ઘાતને સારૂં દોડનારછે. ઘાતને સારૂં છુપી રીતે ૩
દોડનાર ગેબી દેવ તથા દરૂજછે, અને તેઓને ટાલવું ભલી દીનને લગતી
ઈજશનેની કીરીઆથીછે, તથા બીજી સારી ચાલચલણ સાથેના ઉપાએઓ
કરવાથી, બુરી દીનને લગતી દેવપરસ્તી અને બીજી બુરી ચાલચલણોને
ટાલવુંછે. અને જે જોસ્સાની મારફતે (ઘાતને સારૂ) દોડનારછે, તે લોભ, ૪
અદેખાઈ અને બીજા (બુરા) જોસ્સાઓછે, અને તેઓની ઘાતને ટાલવું તેહને

* વેરી—આએ જગોએ વેરીની મતલબ અંઘરમેનીઉશ અને તેહને લગતા
બુરા ગુણો ધરાવનારી દેવ મકતીને સમજવી.

લગતી જાતી બુદ્ધિના ગુણથી, તથા (રવાંનને લગતા) આજારને ટાલનારા, સારી ઈજતવાલા મદદગારો† ની અને તેઓની સકતીઓની મારફતે પોતાને ચલાવવાએછે. જેસ્સાની મારફતે બીજા દરૂજોને સકતીવાંન થવું એ વરૂન‡
૫ થાયછે. અને જે કાંઈ બદનનાં રૂપમાં (લાતને સારૂ) દોડનારછે, તે દુની- આંને ખરાબ કરનાર દેવપરસ્ત હાકમ, વરૂ અને ખફસ્તરછે; તેઓને ટા- લવું ઘણું કરીને ગરૂજ, બેડી, અને તેહને પકડવાની બેડી રાખનાર પાક પુરૂષ§ ની મારફતેછે. વરૂ તથા ખફસ્તરનાં કરતાં દેવની પરસ્તેશ કરનારો§§ ઠગારો (હાકમ) હકુમતને લગતાં બલથી દુનીઆંને વધારે બુરૂં કરનારોછે.



૧ (૭૧) (માંણસે) ખાલેસ મીનો ઈજદોની તરફ ધેઆંન આ- પવાથી, (બેહશતના) શુખને સારૂં પોતાને શુધારવા તથા જેઓ જખમ અને દુઃખ દેવાની ધારણા રાખનારાછે, તેઓની આમેજશને પોતાની અંદરથી કાપવા વીશે, ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, (માંણસે પોતાને) બેહેશતનાં શુખને માટે શુધારવું—એ ખાલેસ મીનો ઈજદોના સંબંધની તરફ નજર રાખવાથી, તથા જેઓ

† સારી ઈજ્જતવાલા મદદગારો—તે રવાંનને સારી સોચના કરવાની મદદ આપનારી આદમીનાં બદનની અંદરની ૧૧ ગેબી સકતીઓને સહમજવી. જેઓનાં નાંમ [illegible] આસ્ને ખેરત—જાતી બુદ્ધિ; [illegible] ગોશઓસરૂત ખેરત—વિદીઆ અથવા અનુભવ; [illegible] વીર—તર્ક સકતી; [illegible] હુશ—સમજ સકતી; [illegible] ખેમ—ભલો ખવાસ; [illegible] ખુરસન્દીય—સંતોષ; [illegible] દીન—દીન; [illegible] ઉમેદ—બેહશતને લગતી ઉમેદ; [illegible] અખો—પરહેજગારી સાથનું દીલ; [illegible] બુદ—સાહવચેતી; અને [illegible] ફરોહર—ફરવશી.

‡ [illegible] વરન—એ શબ્દ અવસ્તાના [illegible] [illegible] વરેનીઅ-દએવ—ના તરજુમા દાખલ પેહલવીમાં વપરાએલોછે. અને તેહનો અર્થ 'બુરો હવસ' અથવા 'બુરા હવસવાલી ગેબી સકતી' નો થાએછે.

§ પકડવાની બેડી રાખનાર પાક પુરૂષ—ની મતલબ અફસુન અને નીરંગ જા- ણનારા ચમતકારી પુરૂષની સહમજવી, કે જે પોતાની પરહેજગારીની મારફતે મેલવેલી ખોદાઈ રીઆજતની કઉઅતથી, નીરંગ પઢીને ઉપર જણાવેલી બુરી પેદાએશને કેદ કરી સકે.

§§ દેવની પરસ્તેશ કરનાર—તે જે આદમી શેતાનના ખવાસનું અને અંધર- મેનીઉના દેવ-દરૂજોની તાબેદારી કરનારૂં તથા તેઓના તરીકા ઉપર ચાલનારૂં હોએ તેહને જાણવું.

(તેહુને) જખમ અને દુઃખ કરવાની ધારણા રાખનારા અને તેહુને લગતો ખવાસ ધરાવનારાછે, તેઓને પોતાની અંદર આમેજ થવા વીસેનો જગડો કરવાથીછે. તે (બુરા) ઓને જોતાંવાર તેઓની સાથે જગડો કરવો— એ અહુરમજદની ઇજદોના ખવાસવાલી પેદાએશને, દેવો તથા દરૂજોની આએ દુનીઆંને લગતી તારીકી (એટલેજે ગુમરાહી) ની ઉપર, અને રોશની વગરના બુરાઇ પોહચાડનારા (બનાહુમીનો) ના તરીકા ઉપર, સેવટને મારેની ફતેહ મેલવ્વા સારૂંછે. ખલકની અંદર ઇજદોનો ખવાસ ધરાવનારાઓ— હમેશને મારે પોતાને શુધારનાર સઘલી તરાંહની નેકીથી, તથા નાલાએક શુખને મારેના તેઓના વીચારને (પોતાથી) પાછો ખેંચવાએછે. જે ધરમ- ૩
ગુરૂઓ આએ દુનીઆંને લગતી સહમજ*થી ઘણાએક માંણસોને બુરાં કાંમમાં ચલાવનારા અને તેથી (તેઓને) જાવેદાંન સુધી વગર છુટકારાના કરનારછે, તેઓ હમેશની હલાકીવાલાં દોજખનાં મકાંનની પેદાએશ તરીકેછે; કારણ કે તેઓનો મજહબ પેદાના કરનાર (દાદાર) ને લગતાં કાંમ, બુદ્ધિ, ઓતમ શુખ અને આખેરશને મારેની સહમજ ધરાવનારા ખાલેસ મીનો ઇજદોને સારૂં (આદમીઓને) બુરી સહમજ આપનારોછે. એટલા સારૂં જેઓનો મજહબ બેહુશતને લગતોછે, તેઓમાંનો કોઇ શખસ, જેઓનો મજહબ આએ તરેહનો (બુરો) છે, તેઓની સાથે ખાવા અને કરવાથી બુરાં સેવટને મારેનો અને દેવના તરીકાવાલો કેહવાએછે.

—◦◦◦◦—

(૭૦) (માંણસ) ભલાઓને લીધે વધારે ભલું, અને બુરાઓને લીધે વધારે બુરૂં (થાએચ), તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

—◦◦◦—

જાંણવું કે, જીનદગી ધરાવનારૂં (ઇનશાંન) જો પોતે ભલું હોએતો, ૨
સકતીવાંન અને ઘણા જોરાવર ઇજદોનાં મવકલપણાં હેઠલ નેકીનો ઘણો વધારો કરવાને લીધે, તે વધારે ભલા દરજાવાલું થાએછે, તથા ચહડતે દર-

* આએ દુનીઆનિ લગતી સહમજ—ની મતલબ એછે કે, જેઓને ખોદાતાલાના પેગમબર તરીકેનો ખરો હક નહી મલેલો હોએ, એટલેજે જે કુદરતી સહમજ અને સકતી ખોદાના ખરા પેગમબરમાં હોવી જોઇએ તે સકતી તેઓમાં નહી હોએ, તે છતાં તેઓ આએ દુનીઆનિ લગતી પોતાની ખાંમીવાલી સહમજથી મજહબ ઉભો કરીને તેહનો લોકોમાં ખોદાના ખરા મજહબ તરીકે રેવાજ આપે.

જેની નેકીએ કરી સરવેથી ચહડતો દરજ્જો મેલવનારૂં બનેછે. અને તેહનીથી દરએક જગોએ વધારે ફાએદો થાએછે. કારણ કે તે પોતે નેકી કરવાને સારૂં ઠેકાંણે ઠેકાંણે (બીજાઓને) ઘણો ઉલટ આપનારૂંછે, તેથી (આદમીઓના) જે આતમાઓ બદનની અંદરછે, તેઓ દરએક ઠેકાંણે (પોતાના) આતમાને સારૂં વધારે ફાએદા ભરેલું કાંમ કરનારા થાએછે; જેમકે દરએક ઠેકાંણે ઘરની અંદરનાં લોકો ઉપર ઘર ધણી, ગાંમની અંદર ગાંમના લોકો ઉપર તે ગાંમનો હાકમ, શેહરની અંદર શેહરનાં લોકો ઉપર રાજા અને દીનની અંદર (દીનદારો ઉપર) ધરમગુરૂછે, અને તેઓની તરેહવાર રીતની સરદારી હેઠળ દુનીઆંનાં લોકોને રેહવુંછે. તેમજ તે(ઓ)ની મારફતે, સઘલી ભલી પેદાએશ—સરવે સકતીવાંન અને સરવેથી ચહડતા દરજાવાલા દાદારને લગતી ભલાઈથી, શુધરેલી બનેછે, અને તે (પેદાએશ) ની ચાલુ નેકીને લીધે, ભલા ઈજદો દાદારને લગતી ભલાઈથી વધારે ભલાઈવાલાછે.†

3 જીનદગી ધરાવનારૂં (આદમી) જો પોતે બુરૂં હોએતો તે, તેહના (શેતાંની ખવાસના) વધારે બુરી કઉઅત ધરાવનારા સકતીવાંન જવકલોની મારફતે (લોકોને) હાંણી પોંહચાડવાને મારેનું, દુનીઆંને નોકસાંન કરનારૂં, બુરી કીરતી વાલું, અને વલી જે કાંઈ વધારે હલાકીને લગતાં કાંમોછે, તેહની મારફતે સરવેથી ચહડતો (બુરાઈનો) દરજ્જો મેલવનારૂં થાએછે. અને (લોકોને) તેહનીથી ઘણું નોકસાંન (પોહચે) છે. કારણ કે તે પોતે દરએક ઠેકાંણે બીજાઓને તેહવો (એટલેજે બુરાઈ કરવાનો) ઉલટ આપનારછે, જે (ઉલટ) થી (આદમીઓના) જે આતમાઓ બદનની અંદરછે, તેઓ દરએક ઠેકાંણે પોતાના આતમાને સારૂં વધારે નોકસાંન કરનાર થાએછે; જેમકે ઘરની અંદર ઘરનાં લોકોનો ઘરધણી, ગાંમની અંદર ગાંમનાં લોકોનો હાકમ, શેહરની અંદર શેહરના લોકોનો રાજા અને દીનની અંદર ધરમગુરૂછે, જેઓની સરદારી હેઠલ ઘણુંએક લોકોને વધારે નીરઉપીઓગી, ઘણી સખ્તી ઉપજાવનાર અને અતીશે નોકસાંન કરનાર તરીકે રેહવુંછે. (અને) જેહને લીધે દુનીઆંનાં લોકો ઈછા મેલવ્વા, તથા (ગુનાહથી) પોતાને અટકાવ્વા, અને પોતાને (સવાબની) સકતી આપવા સારૂં અસકત રેહછે. (કારણ કે) જે બુરી વસતુછે

† પેદાએશની ચાલુ નેકીને લીધે ભલા ઈજદો દાદારને લગતી ભલાઈથી વધારે ભલાછે—તેહની મતલબ એ સમજવી કે, ઈજદોને દાદારની તરફથી ભલી સકતી મલેલીછે, તે સકતીની મારફતે તેઓ અંઘરમેનીઉશ તથા તેહની દેવદરૂજોને લગતી ગેતી સકતીની ઉપર વધારે ફાવી સકનારા, જેઆરે માંણસો હમેશાં નેકીવાલાં હોએ તેઆરેછે.

તે સઘલી પેદાએશનાં સરવેથી ચહડતે દરજેનાં મુલ દાદારને મલવાને મા-
ટેની (વસતુ) કેમ કેહવાએ ? તેમજ (આદમીઓને) ભલાઈ બતલાવેઆ
વગર, બુરાઈ કરવાનો ઉલટ આપનારા ધરમગુરૂઓનો મજહબ, તથા
(તેઓના) ભલાઈના સંબંધને રોકનારા, ભલાઈનો ઘટાડો કરનારા, (માંણુ-
સને) સખતી ઉપજાવનારા અને બારી નોકસાંન કરનારા વચનો, દાદારને
લગતો સંબંધ આપવાને માટેના કેમ કેહવાએ ? (એટલા વાસ્તે કે) જેહની
મારફતે બદીછે, તે દરએક બદીથી અને સઘલા બદકારોથી બુરો કેહવાએછે.



(૭૧) હયાતી ધરાવનારાઓની કેસમ વીસે ભલી 1
દીનને લગતો ખોલાસો.



જાણવું કે, હયાતી ધરાવનારાઓ અગત કરીને આએ (નીચે ૨
જણાવેલી) તરણ તરેહનાછે. (તેહમાં) એક તરેહ જે છે તે જાતે મોત ૩
વગરનીછે, તેહનો પેહરવાસ (ઈઆને કાએઆ) સુખને લગતીછે. બીજી ૪
(તરેહ) જે છે તે જાતે મોતવાલીછે, અને તેહનો પોશાક (ઈઆને કાએઆ)
નાસ પાંમનારીછે. જે અમેશાસ્પન્દો અને ઈજદોછે તેઓ જાતે મોત
વગરના અને આએ દુનીઆંનાં લોકોને અનદિસતાછે. જેઓનો પોશાક ૫
(ઈઆને શરીર) નાસ પાંમનારૂંછે તેઓ જાતે મોતને લગતા જણાએ-
લાછે; પણ તેહમાંથી જેઓ વગર મોતની અને ચહડતે દરજેનાં શુખ સાથની
હયાતી ધરાવનારની પખ્શવાલાછે, અને જેઓનો પોશાક અહુરમજદને
લગતા ભલા વીચાર અને માગ્રેસ્પન્દને લગતોછે (ઈઆને જેઓ આએ
દુનીઆંમાં અહુરમજદને લગતા ભલા વીચારથી અને તેહની દીનને લગ-
તી ઈબાદત તથા બંદગીના તરીકાથી રેહનારછે), તેઓ પોતાનાં રવાંનને
શુખ આપનાર તથા બદનની જાલવણી કરનાર તરીકે માગ્રેસ્પન્દ (ના સં-
બંધ) થી જણાએલાછે. વલી બીજાં (આદમીઓ) અમેશાસ્પન્દોની મી-
શાલે અમરગીને વાસ્તેનાં સુખવાલો જાતી પોશાક ધરાવનારાં કેહવાએછે,
તે ભલા વીચારવાલા અમેશાસ્પન્દોને લગતી ચાલચલણ તથા તેઓનાં
જાતી પોશાકનો (તેઓ સાથે) સંબંધ હોવાને લીધેછે. આએ દુનીઆંમાં
અમેશાસ્પન્દો તેમજ બીજા મીનોઈજદો ભલી દીન ધરાવનારા લોકોને
કીરતી અને ખોરેહ બખશેછે. આએ દુનીઆંનાં લોકોને દેખાઈતી વસતુ ૬

મધે જે અમરગ હયાતીવાલી (વસતુ) છે તે શુરીઅછે; અને તે પોતે આએ
દુનીઆંને શુખ આપનારા પોશાક (ઇઆને જાત) તરીકે હયાતી ધરાવનારછે.
અને જે કાંઈ ચંદર, તથા (બીજા) સેતારાઓ એકસરખી ગોઠવણુથી પરકા-
શનારાછે, તે તેહની (ઇઆને સુરયની) રોશનીએછે. તથા (તેઓ) જાતી
સુખવાલો વગર મોતનો પોશાક ધરાવનારા, સુરયને લગતી હીલચાલે કરી-
છે.* અને તે (સુરય) ના સંબંધને લીધે તેઓ (રોશન) પોશાક (એટલેજે
ચલકતી જાત) વાલા ગણાએછે. સુરય, ચંદર, અને સેતારાઓ દુનીઆંને
રોશની આપેછે, (લોકોની) જાતોને ફઉઅત બખશેછે, અને ખલકને વધારેછે.
૭ જે આદમીઓ તેઓનાં અમરજાતવાલાં રવાંન અને તનની આમેજા-
ગીવાલા પોશાક (ઇઆને આએ દુનીઆંને લગતી કાએઆ) ની અંદરછે,
તેઓ જે કોઈ જાતે વગર મોહતનોછે તેહનો (ઇઆને ઇજદ અમેશાસ્પન્દનો)
શુખ આપનારો પોશાક તરેહવાર રીતે મેલવેછે, અને તે આદમીઓ એક
બીજા સાથના (ઇઆને ઇજદ અમેશાસ્પન્દના) સંબંધને લીધે આએ દુનીઆં-
૮ નાં લોકોમાં ચહડતે દરજેનાં ગણાએછે. આએ દુનીઆંની અંદર આએ
દુનીઆંને લગતા લોકોને અમરગીને લગતા જાતી પોશાકનું મલવું દીનને
લગતી સહમજ તથા ગોસ્પંદને લગતી ચાલચલણુથીછે. અને આદ-
મી તથા ગેતીને લગતી બીજી પેદાએશ તેહવી હાલતને મેલવનાર,
જેઓ જાતે અમરગ હયાતીવાલા ગેબી અમેશાસ્પન્દછે, તેઓની મારફતે
તથા તેઓની બખ્શેશે કરોછે. આએ બાબતમાં આદમીની ચાલચલણ
ગોસ્પન્દના જેવી રાખવાની મતલબ એ ઉપરથીછે કે, તે પોશાકવાલા લોકો
જાતે બેહમનની મીશાલે દરએક આદમીનાં બદનનો સંભાલ કરનાર તથા
૯ આતમાને સુખી રાખનારછે. ગોસ્પન્દનો પોશાક† ધરાવનારૂં (આદમી)
પોતે અહુરમજદના સંબંધ અને તેહના બલા વીચારની સકતીવાલુંછે,
અને એહવાં રવાંનને સુખ આપવાવાલાં આદમીની જાતની મારફતે, લોકો
(આએ દુનીઆંમાં) દાદારની તરફની રોશની અને ચલકાટ મેલવનારાંછે.

---

* ચંદર અને બીજા સેતારાઓ સુરયને લગતી હીલચાલે કરી સુખવાલો—વગર મોતનો પોશાક ધરાવનારાછે—તેહની મતલબ એછે કે, તે ચંદર તથા સેતારાઓને રોશનીનું મલવું તથા તેઓના ફરવાના દોરની અંદર ટકી રેહવું, એ સુરયને લીધેછે. જો સુરયના અસરશણુમાં તેઓ નહી હોએતો તેઓ જાતે દુનીઆને પરકાશ આપવાને તથા આસમાંનના દોરની અંદર હાલની રીતે રેહવાને સકતીવાંન થાઇ નહી સકે.

† પોશાક—આએ બાબતમાં વપરાએલા 'પોશાક' બોલની મતલબ કાએઆ, લબાસ, માએઓ અને હાલતની સહમજવી.

વલી જેઓ જાતે મ્રોત*ને લાએકનાંછે, તેઓ દેવ, વરૂ અને ખફસ્તરનો પો- ૧૦
શાક ધારણ કારનારાંછે. તેહમાંનાં દેવનાં કાલબુદને—આરાધના કરવાજોગ ફરોહરનાં જરતોશતે ભલી દીનને લગતી કઉઅતથી, અને તેહનાં પેહલ્લાં ગાએનની મારફતે (ઇઆને અહુનવરનાં ગાએનરૂપી પઢાંણે કરી) તોડેઆં હતાં.¶ તથા તેમજ તે (દીનની કઉઅતે) કરી વરૂનાં કાલબુદને તોડવા સારૂ

* મોત—આએ શબ્દનો અર્થ આએ દુનીઆંથી મરણ પાંમવાનો તથા આએ અને આવતી દુનીઆંમાં સજા અને હલાકી પાંમવાનો જાણવો.

¶ દેવોનાં કાલબુદને પેગમબર જરતોશતે તોડેઆં હતાં—હેવું ઉપલાં લખાંણમાં જણાવીઉંછે, તેહને લગતું વરણન ઇજશનેના ૯ મા હાના પાક અવસ્તામાં આવેલુંછે. આ પાક અવસ્તામાં હોમઇજદ અને અશો જરતોશત વચે થાએલી વાતચીતને લગતાં બયાંનમાં હોમઇજદ અશો જરતોશતને નીચે જણાવેઆ મુજબ કેહછે:—

[illegible]

'પોરોશસ્પનાં ઘર મધે તું દેવોની માંહમણે થનારો, અહુરમજદી ધરમવાલો, આસેસી સાથનો જરતોશત જનમેઓ. અને વખનાએલાં ઇરાંનવેજ†માં તું જરતોશત પોતે પેહલવેલી (દેવોને) દુર કરવાવાલા ચેઆર અહુનવરને ગાએનરૂપી આવાજે પઢેઓ.‡ અને તે (અહુનવરનાં) બુલંદ આવાજનાં ગાએણ પછી, જે દેવો તે (વખત)ની આગમચ આદમીને રૂપે આએ પુરથવી ઉપર આવતા હતા, તેઓને તું એ જમીનની અંદર છુપેઆ કીધા. ઓ જરતોશત ! તું પોતે મીનોઇ પેદાએશની અંદર ઘણોજ મહડતે દરજેનો, ઘણોજ કઉઅતદાર, ઘણીજ કુશીશવાલો, ઘણીજ જડપવાલો અને ઘણીજ ફતેહવાલોછે.'

† ઇરાંનવેજ—એ અશો અહુરમજદે જે સરજમીન ઉપર પરથમ ગયોમરદ તથા મશિ અને મશીયાને—ને જનમ આપેઓ હતો તથા દુનીઆંનાં આદમીઓની વસતીથી જે પેહલ્લું શેહેર વસીઉં હતું, તેહને કેહછે. અને તે વીસેની સાબેતી વંદીદાદની પેહલી પરગરદના પાક અવસ્તા ઉપરથી આપણને આએ રીતે મલેછે:—

[illegible]

'હું અહુરમજદે સઘલી જગા અને શેહેરોની અંદર પેહલ્લું ભલી પેદાએશ વાલું ઓત્તમ ઇરાંનવેજ પેદા કીધું.'

‡ આએ ચેઆર અહુનવર—અશો જરતોશત પઢેઓ, તેની મતલબ ફકત ચેઆર અહુનવર પઢવાની નહી સહમજવી, પણ પેગમબર જરતોશતે મીનો નાવરની ઇજશને કીધી હતી, તે ઇજશનેની અંદર [illegible] નાં હામાં જે ચેઆર 'યથા અહુ વએરીઓ' હોમ કરવાની કીરીઆ સાથે પઢેઆમાં આવેછે તેહને સહમજવી.

હોશેદર, અને ખ્રફ્સ્તરનાં કાલબુદને તોડવા સારૂ 'હોશેદરમાહ' છે. અને ફરશકન્તને લગતું બલવાંન કાંમ કરનાર ફતેહમંદ સોસીઓશનું આવ્વું તેઓના જેવી સઘલી ઘાતનો નાસ કરવા સારૂછે. અને તે સઘલાંઓનો અંન્ત આવેઆ પછી, આદમીઓને આતમાને લગતી વગર મોતની જાતી કાએઆ, તથા દરએકને સેવટનો ગોસ્પન્દને લગતો પોશાક* મલસે. અને જે કોઈ પસ્ત દરજેનો નથી તે પોતાનાં અમરગ રવાંન, અને પુરતી ખુશી સાથનાં નીરમલપણાંની અંદર ઘાતને પાંમવાનો નથી. અને દુનીઆં હમેશના શુધારાવાલી થાસે. પેદાના કરનારની તરફથી પેદાએશને પાછી નવી કરવા સારૂ જણાવેલુંછે, તેહની મતલબ તે પેદાએશને શુખી કરવા સારૂં શુધારવાનીછે.

1 (૭૧) દીનને લગતા વીચારંથી (માંણસે) પોતાને (આએ દુનીઆંમાં) ચલાવ્વા વીસે (ભલી દીનને લગતો ખોલાસો.)

2 જાણવું કે, જાતી અકલ (ઈઆને કુદરતી દાનાઈ) ની મારફતે ઉતપન થનારો જે વીચાર ભલી દીનની સાથે બાઈ તરીકે એકમલતો હોએ, તેહવા વીચારને (માંણસે) માંનવો, કબુલ રાખવો અને ચાલુ કરવો. જે આદમીની અંદર હમેશાં તેહવી કુદરતી અકલને લગતો વીચાર મલેલો હોએચ, તે આદમી તેથી (આવતી દુનીઆંને માટે) સઘલી રીતનો સનગાર

* સેવટનો ગોસ્પન્દને લગતો પોશાક મલસે—તેહની મતલબ એછેકે આખેરશ સઘલા લોકો ભલા વીચારવાલા ગોસ્પન્દી ખ્વાસના બનસે. કારણ કે જેઓ અશો અહુરમજદની આરાધના અને બંદગી કરવાને લાએકનાછે, તેઓની હાલત હમેશાં ગોસ્પન્દી હોવી જોઈએ. જેમકે ઈજશ્નેના ૩૭ મા હા અને હફ્તંગ યશ્તના ૩ જા ફરદાની અંદર તે આરાધના કરનારો શખ્સ પોતે ઉપલી હાલતથી દાદાર અહુરમજદની બંદગી અને આરાધના કરવા વીસે નીચે જણાવેઆ મુજબની કબુલાત આપેછે:—

[illegible]

[illegible]

'તે (અહુરમજદ) ની હકુમત, મોહટાઈ અને સારી પાસબાંનીને ખાતર (એટલે કે અશો અહુરમજદની હકુમતને તાએબે હમો રેહી સકીએ—તેહની મોહટાઈ મેલવીએ અને તે સાહેબ હમારો સારી રીતે બચાવ કરે તે સારૂ), જેમ તેહની આરાધના કરનારાઓમાં જેઓ ગોસ્પન્દી હાલતથી રેહછે, તેહવી આગેવાંન ચાલથી હમો તેહની આરાધના કરીએ છઈએ.',

પાંમેછે. અને બુરી દીનવાલાઓનો જે કાંઈ વીચારછે, તે મમત, ચોરી અને ઠગાઈને માટેનોછે. તે બુરી દીનને રેવાજ આપનારાઓ, જેમ પઈસાનું ચલણ પાડનારા શુંનાંની જગોએ શીસાંને અથવા શીસાંનો સાથે શુંનું ભેરીને લોકોમાં ચલાવેછે, તેહવી ખરાબી કરેછે; પણ જેહારે તે બુરી દીનના ઉલટા મારગોની પીછાંણ કરનારાઓને તેહના અસલ મુલની સહમજ મલેછે, તેઆરે એકસરખા વીચારના તોલે કરી તેહનો (બુરો વીચાર લોકોમાંથી) તુટેછે. જે ઉલટા તરીકાઓછે તે ભલી દીનના તરીકાની સાથે સરખાવેઆથી (આદમીઓના) વેઆંનમાં આવેછે. અને તેઓને (એટલે જે આદમીઓને) તેમ જણાવું—અહુરમજદને લગતી કુદરતી અકલની ઉતપનતીની સાથે તેઓને એકમલતા થવાને લીધેછે.



(૭૪) જેહનીથી આદમીનો છુટકારોછે તેહની તરફ વગર ઠગાઈએ બરોબર રીતે ચાલવા વીશે ભલી દીનને લગતો ખોલાસો. ૧



જાણવું કે, આદમીએ (આવતી દુનીઆંમાં) પોતાનો છુટકારો મેલ- ૨
ववा સારૂ (અતરે) ચાલવું—એ અહુરમજદની ઈચ્છામાં બરોબર રેહવાએ, તથા અહુરમજદની ઈચ્છાને લગતી સોધ અને ખોલ ભલી દીનની અંદર કરવાએ અને ભલી દીનની અંદરની સહમજથી તેહને સારૂ જે ચીજ કરવાજોગ હોએ તે કરવાએ અને જે ચીજ નોકસાંનકારક તથા પરહેજ કરવાજોગ હોએ તે કરવાથી દુર રેહવાએછે; કારણ કે જેહારે આદમી અહુરમજદના ચહડતે દરજેના તરીકાથી પોતાને શુધારેય અને અકલના હોકમ પરમાંણે રહેય, તેઆરે તે અહુરમજદની મરજી મુજબની વસતુ તરીકે બનેછે.
અને તે સહમજ તેહને મલવાએ, તે આદમી પોતાને લગતી સાચી વસ- ૩
તુને જાલવવાના ઉપાએને સારૂ પુરતો રીતે લાએક થાએછે. પણ સંતોષ ૪
અને અકલ એ બેને લગતી ખાહેશ નહી કરવાથી (આદમીનું કાંમ) બુરા હવસનાં ફરમાંનને લગતી તથા આપમતલબી દીલને લગતી વસતુને પસંદ કરવાનુંછે.



૧ (૭૯) આદમીને ધેઆંન આપવાજોગ ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણુવું કે, દરએક આદમીએ (પોતાનાં) રવાંનને છુટકારો આપવાનો અંદેશો રાખવો જોઇએછે; તેહમાં હાકમો (પોતાનાં રવાંનને છુટકારો મેલવ્વા સારૂં) વધારે કીરતીવાંન કરનાર—દુનીઆંનાં જુદા જુદા લોકોને સુધારવાએ, આરાસ્તગી આપવાએ, ઇજ્જત બખ્શવાએ અને (તેઓ ઉપર) સારી રીતની હકુમત ચલાવ્વાએછે. દીનદારો (પોતાનાં રવાંનને) વધારે કીરતીવાંન કરનાર—(લોકોમાં) મજદીઅસની દીનનો રેવાજ આપવાએ, તેહને લગતો વીસવાસ બેસાડવાએ અને (તેહનો) સાચ્ચો સંબંધ આપવાએછે. અને એ સેવાએ બીજાં સઘલાં માંણસો (પોતાનાં રવાંનને) વધારે કીરતીવાંન કરનાર—તેઓના ધનધાને લગતા જુદા જુદા ઉદીઓગમાં (મજદીઅસની દીનનાં) તાબેદાર રેહવાએછે.



૧ (૮૦) એક વીદીઆર્થીએ (પોતાના) ઊસ્તાદથી ચાહેલા ૭ ખોલાસા.



૨,૩ (સવાલ)—દોલતની અંદર તાજું રેહવું કોણુનેછે? આતમાને લગતું
૪,૫ શુખ કોણુનેછે? પાપથી દુર રાખનાર કોણુછે? ચહડતે દરજેની અકલવાલો
૬,૭ કોણુછે? કીરતીને વધારનાર કોણુછે? જે આદમીને ઘણુંએક માંણસોની
૮ દોસ્તીછે તે કોણુથીછે? કોણુથી તનનો શુધારો અને તેહનાં રવાંનને (દોજખથી) છુટકારો પાંમવોછે?



૧ (૮૧) (ઊપલા સવાલોનો) ઊસ્તાદે ભલી દીનની સહમજથી વાલેલો જવાબ.

૨ જાંણુવું કે, જે કોઈ જાતી ઉલટ અને મેહનતથી ઉદીઓગ કરનાર
૩ હોએથ, તે દોલતની અંદર તાજો રેહછે. જેહની નજર (આએ) ફાંની દુનીઆંની અંદર-હુપાતી આપનારની તરફછે, તેહના આતમાને દાદારની તરફથી

શુખ અને કરારછે. (જેહનાં દીલની અંદર) હરવેસ્પ આગાહીવાલા દા- ૪
દારનું રેહઠાંણુછે, તે પોતાને ગુનાહથી દુર રાખનારછે. (ચેહારૂમની) ૫
હોશબાંમને લગતા અંદેશાની ઘણી સહમજ ધરાવનારો* શખ્સ અકલની
અંદર ચહડતે દરજેનોછે. લોકોને સારી નજરે જોવાથી તાહરી કીરતીનું ૬
વધવુંછે. આદમીઓની સાથે મોહબતથી રેહવાએ અને તેઓની તરફ દે- ૭
ખરેખ રાખવાએ, આદમીઓ તાહરી તરફ ઘણાં હેતવનતાં રેહસે. ખોટા- ૮
રાંને તું બદનમાંથી બાહેર કાહાડસે તો તાહારૂં બદન શુધરેલું અને રવાંન
(દોજખથી) છુટકારો પાંમેલું થાસે.

(૭V) મજદીઅસની દીનને લગતી દાનાઈ—સઘલા મજદીઅસની દીન ધરાવનારાઓને સારૂંછે. તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, મજદીઅસની દીનને લગતી દાનાઈ—તે દીન ધરાવનારા ૨
લોકોને સારૂછે. અને જેઓ ફરેહબુત તથા એબેબુતછે, તેઓને તેથી નોકસાંનછે. (કારણ કે) તે દીનનો સંબંધ પોતે, ફરેહબુતની ગુનાહને લગતી અને એબેબુતની (માંણુસને) નડ કરનારી ઘાતકી દાનાઈની સાંહમણે થનારછે. વલી ભલી દીન ઉપર ઘણો વધારે વીસવાસ રાખવાથી, તે ભલી દીનવાલા (શખ્સ) ને સારી દાંનાઈથી પુરતી રીતે સુધારનારા (મીનો ઈજદો તેહનાં દીલમાં) ઘણું રેહઠાંણુ કરનારાછે, અને તેથી તે ભલી દીન ધરાવનારાઓનું વીચારવું, બોલવું અને કરવું, હમેશાં મજદીઅસની દીનને લગતી દાનાઈ સાથનુંછે. મજદીઅસની દીન ધરાવનારાઓને માંટેની જે દાનાઈછે—તે દરએક દાનાઈ (માંણુસની) વીચાર સકતીથી મલેલી નથી, પણ તે મજદીઅસની દીનને હયાતી આપનાર તથા તેહને જાહેર કરનાર (અશો અહુરમજદ) ની તરફથી જાહેર થાએલીછે.

---

* ચેહારૂમની હોશબાંમને લગતા અંદેશાની ઘણી સહમજ ધરાવનાર—હેવી એબારત ઉપલાં લખાંણમાં આવીછે તેહની મતલબ એછેકે, માંણસ આએ દુનીઆંની અંદર જે કાંઈ સારાં નરસાં કામો કરેછે તે વીસેની તપાસ તે આદમીને આએ દુનીઆંથી ગુજરી ગીઆ પછી તેહની ચેહારૂમની બાંમદાદે થાએછે. અને તે વખતે તેહની નેકી અને બદીનાં પરમાંણ પરમાણે તેહને હમેસનું સુખ તથા શાન ભોગવ્વાને લગતું મકાંન મલેછે. માટે ઉપલા ફેડાવને લગતા અંદેશાની સહમજ ધરાવનારો શખસ જે નેકી સેવાએ બદી કરવાની ખાહેશ મુતલક રાખે નહી, તે ચહડતે દરજેની અકલવાલોછે.

૧ (૭૮) રાજ અને ધરમ વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, શેહરનાં લોકોની જીન્દગી દીનને લગતાં રાજ અને રાજને લગતી દીને કરીછે. અને તે વીસે ભલી દીનને લગતી સહમજથી એમ ખોલાસોછે કેઃ—જેઓનું રાજ દીનને વાસ્તેનું અને દીન રાજને શુધારવાને માટેની હોએતો, ખચીત મજહબ ધરાવનારા લોકોએ તે (રાજ) ને મલતા વીચારથી રેહવું; કારણ કે તે (રાજ) ને લગતો ધારો, ભલી દીનને લગતી સખાવત (ઇઆને કાંમ) કરનારાઓને અહુરમજદની તાબેદારીમાં ઓસ્તવાર રેહવા સારૂ તથા (તેહની) દીનને મોહટાઇ આપવા થકી, એક ખોહલા આધાર તરીકેછે. એકે બીજાનો નાસ નહી કરવો, રાજની તાબેદારી કરવી અને તેહને મોહટાઈ આપવી, એ અહુરમજદી દીનને તાએબે રેહવાથીછે. દીનને ઘણીજ મોહટાઇ રાજથીછે. યજદાંની તરફથી ખલકનાં લોકોને ઘણી દીપક તથા ફાએદો દીનને લગતી ચાલચલણની અસરને લીધેછે. સાચ્ચું રાજ, ભલી દીન સાથનું રાજ હોવાને લીધેછે. ભલી દીનને લગતું રાજ (તેહની સાથે) ભલી દીનનો પુરેપુરો સંબંધ હોવાથીછે. અને એ ઉપરથી રાજ તે દીન અને દીન તે શેહરનાં લોકોનું રાજછે, તે મતલબ ખોલ્લી રીતે (આપણને) જણાએછે. એજ પરમાંણે બુરૂં રાજ તેહની બુરી દીનને લીધે અને બુરી દીન તેહને લગતાં બુરાં રાજને લીધેછે.



૧ (૭૯) આદમીની અંદર સારાં, વધારે સારાં, અને ઘણાંજ સારાં તથા બુરાં, ઘણાં બુરાં અને અતીશ્ય બુરાં (માંણસ) વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, (માંણસ) ભલું ઘણીએક તરેહથી બનેછે. તેમાં ઘણુંકરીને અહુરમજદની દીન ઉપર વીસવાસ રાખવાથી (તે ભલું થાએ) છે, અને તેથી પેદાના કરનાર અહુરમજદનો તે સંબંધ ધરાવનારૂં (બને) છે. આદમી વધારે તથા અતીશય ભલું અહુરમજદની દીન ઉપર વધારે અને અતીશય વીસવાસ રાખવાએછે. અને તેથી તે (માંણસ) સઘલી ભલાઇનું મુલ જે પેદાનો કરનાર અહુરમજદછે તેહનો વધારે તથા અતીશય સંબંધ ધરાવનારૂંછે.

તેમજ (માંણસ) બુરૂં ઘણીએક તરેહથી બનેછે. તેહમાં ઘણું ખરૂં બુરી દીન 3
ઉપર વીસવાસ રાંખવાથી (તે બુરૂં થાએ) છે. અને તેથી ઘનામીનોને લગતો તે સંબંધ ધરાવનારૂં (બને) છે; અને તે વધારે અને અતીશય બુરૂં, બુરી દીન ઉપર વધારે અને અતીશય વીસવાસ રાખવાએછે. અને તેથી તે સઘલી બુરાઈને વાસ્તેનું મુલ જે ઘનામીનોછે, તેહનો વધારે તથા અતીશય
સંબંધ ધરાવનારૂંછે. માટે જે બુરા ધરમગુરૂઓછે, તેઓનું ભલાઈનાં ૪
મુલને લગતા મજહબની અંદર ભેલાવું કેમ હોએ ? એટલેજે જેઓનો મજહબ બુરા તરીકાવાલોછે, તેઓનું ભેલાંણુ ઈજદના સંબંધવાલી ભલી દીનની સાથે સી રીતે હોએ ! (બને) જેમ ભલાઓ ભલાઈનો મારફતે ઈ-જદનો સંબંધ ધરાવનારા કેહવાએછે, તેમ બુરાઓ બુરાઈથી (ઈજદનો સંબંધ ધરાવનારા) કેમ કેહવાએ ?

(૧*) આદમીને લગતી હકુમત અને તે (હકુમત) ને ચલાવનાર વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, બેહદ પેદાએશને પેદાના કરનાર દાદારની તરફથી આ- ૨
દમીને જે કાએઆ આપેઆમાં આવેલીછે, તેહની ઉપર હકુમત કરનાર તેહનો પોતાનો આતમાછે. (માંણસનાં) બદનની અંદર ઈજદોની મદદનું મલવું 'બુદ'* (ઈઆને સાહવચેતી) થીછે. અને તેહની માર-

* બુદ—[illegible]—આએ શબ્દ અવસ્તાના [illegible] બોલ ઉપરથી બનેલોછે, અને પાજંદ અથવા ફારસીમાં તે [illegible]—[illegible] ને નાંમે વપરાએલોછે. બુદ—એ બોલનો અર્થ માંણસનાં બદનની અંદર રેહનારી 'સાહવચેતી' નાંમની ગેબી સકતીનો આપણે સહમજવો જોઈએછે; કારણ કે તેહનું કાંમ 'સાહવચેતી' ને લગતુ છે. જેમકે પાદશાહ નોશીરવાંન આદેલનો વજીર અબુજરચમેહર પોતાનાં બનાવેલાં 'ગંજે શાએગાંન' નાંમનાં પુસ્તકમાં લખેછે કે:— [illegible] એટલેજે બુદ—એ 'સાહવચેતી આપનારી સકતીછે'. તેમજ આએ 'દીનકર્દ'નાં પુસ્તકની અંદર [illegible]—બુદ—શબ્દનો અર્થ આએ રીતે કરેઓછે કે:—

[illegible]

[illegible]

'જેમ દુનીઆં અને ઘરની અંદર (લોકોને) વગર હલાકીએ રાખનારી સુરજ અને ચેરાગની વગર હલાકીવાલી રોશનીછે, તેમ (માંણસનાં) શરીર તથા આતમાને રોશન રાખનારી અને બદનની અંદર આતમાને વગર હલાકીને લગતી નીરનજન સહમજ બતલાવનારી બુદ—(સકતી) છે.'

ફ્તે 'તર્ક સકતી' (ઈજદોથી) કઉઅતને ચાહનાર અને (તેહને) મેલવ-
નારછે. 'હોશ' ની મારફ્તે, (આદમી) બલ ધરાવનાર અને પોતાને પા-
એદાર રાખનારછે. અકલ † ની મારફ્તે (ઈનસાંન) ખોટારાંને જોનાર (ખરાં
ખોટાંની) પીછાંણુ કરનાર અને દરએક કાંમ કરનારછે. ઈજદોનો ઘણોજ
સંબંધ હોવાને લીધે 'અખો' (નાંમની ગેબી સકતી) થી (માંણસનાં) મન-
ની અંદર મીનોને લગતી આંખવાલી (ઈઆને આવતી દુનીઆંને લગ-
તી સહુમજ ધરાવનારી) દાનાઈ, પવીતરાઈ અને ખુસીને મારગ
૩ મલેછે. વલી (માંણસનાં) બદનને બાહેરથી પુરતો સીનગાર આપ-
નારી બીજી અંદામી ૭ ‡ વસતુ પેદા કરેલીછે, તેહમાંની પાંચ ઈન્દરી
(ઈઆને લાગણીની સકતી) ઓછે. આએ (સકતીઓ) ને જે લોકો તેહની
સહુમજ ધરાવનારાછે તેઓ જોવાની, શાંભલવાની, સવાદ લેવાની,
શુંગવાની અને લાગવાની સકતીને નાંમે બોલેછે. જેહને લગતી બારી
(ઈઆને શુરાખ) બદનની બાહેરથી મેલેલાંછે, અને ઘરના માલેકને (ઈ-
આને આતમાને) તેહને લગતો સંદેસો ઘટતી રીતે પોહચાડનારી તે મ-
કાંન (ઈઆને સુરાખ) ની અંદરની નેસોછે. વલી એક (સઘલી બાબતનું)
બઆંન કરનારી ઈન્દરી—જબાંનછે, તે બદનની અંદરથી બદનના માલે-
કને લગતી (સઘલી) સહુમજને બાહેર લાવનાર અને જે કાંઈ તેહની
ઈચ્છા અને વીચાર હોએચ તેહને જાહેર કરનારછે. આએ પરકારે (પાક
ખોદાએતાલાએ) દરએક માંણસને તેહનાં બદનની ઉપર તેહને લગતી ઈ-
ચ્છાનાં છુટાપણાંને સારૂં જાતે હકુમત કરવા થકી બનાવેલુંછે. તેથી જેમ દુ-
નીઆંના રાજાઓ પોતાની મરજી મુજબ લોકોની ઉપર અમલ ચલાવના-

---

† અકલ—બે તરાંહનીછે, એક જાતી અને બીજી એલમ તથા અનુભવથી મેલવેલી. 'ગંજે શાએગાંન' નાંમનાં પેહલવી પુસ્તકમાં લખેછે કે:—"જાતી અકલનું કાંમ—પોતાની જાતને ગુનાહનાં કાંમની ધાસ્તીને લીધે તપાસવાનું, તથા તેહને નકાંમી મેહનતથી જાલવ્વાનું, આએ દુનીઆંની નાંપાએદાર દોલતને તેહને લગતાં આખેરતનાં કાંમમાં વાપરવાનું અને તેથી ફ્રેશકરતને લગતી પોતાની દોલતને (ઈઆને સવાબકારીને) નહી ઘટાડવાનું અને બદકારીનો વધારો નહી કરવાનુંછે. બીજી એલમ તથા અનુભવથી મેલવેલી અકલનું કાંમ—શારા મારગને પીછાંણવાનું અને તે ઉપર કાએમ રેહવાનુંછે, જે ચીજ (પોતાને સારૂ) આએ દુનીઆંથી ગુજરવા પછી ચહડતે દરજેની હોએ તેહને સોધવાનું અને જે નીચ વસ્તુ હોએ તેથી ખબરદાર રેહવાનું, જે કાંમ નહી બની સકે તેહની ખાહેશ નહી કરવાનું અને જે કાંમ પુરૂં નહી થઈ સકે તેહને હાથ નહી ધરવાનુંછે."

‡ જો કે અસલ પેહલવી નકલોમાં ઈન્દરીઓની સંખેઆનો આંક એકસરખી રીતે ૭ નો મલેછે, પણ લખાંણની મતલબ ઉપરથી જણાએછે કે તે આંક ૬ ને બદલે ૭ નો થએલોછે.

રાછે, અને પોતાની સકતીઓનાં સારાં વપરાંણની મારફતે (પોતાનાં) રાજને
દાહપણથી ચલાવ્વાએ ખલકની જાત ઉપર સારા રાજકરતા તરીકે ગણાએછે,
તથા (તેઓની) એ પરકારની હકુમત ઘણાં નાલાએક લોકોને રોશનીવાલાં રા-
જનો (એટલેકે ખોદાઈ હકુમતનો) સંબંધ આપેછે, અને તેથી તેહવો રાજા
(આવતી) મીનોઈ જેહાંનમાં સુખી અને ઈજ્જત ભોગવનારો થાએછે.
પણ જો તે (રાજા પોતાની) સકતીઓને ખરાબ રોતે વાપરનારો, બુરી બુદ્ધિ ૪
વાલો અને (ખલકને) નોકસાંન કરનારો હોએચતો, તેથી તેહનું રાજ એક-
દમ ઉધું વલેછે, અને તે રાજા હમેશની હલાકીવાલાં દોજખની અંદર
ધીકાર પાંમેલો તથા બુરા બદલાવાલો રેહછે, (તેહવી હાલત માંણસનીછે).
આએ દુનીઆંનાં લોકોની અંદર જે જાત પોતે પેદાના કરનાર અહુરમ- ૫
જદની જાત તરીકેની (એટલેકે સઘલી પરકારે અશો અહુરમજદનો
સંબંધ ધરાવનારી) છે, તે 'અપો'ની અંદર ભલા વીચારની સકતીને રા-
ખનારા, દેલની અંદર સ્પેનામીનોની તાબેદારીને જગો આપનારા, મનમાં
સરોશ (ઇઆને અહુરમજદનાં ફરમાંનોને રાખનારા, પુરતી રીતે સેહુન
કરનારા, અને ખોદાના બંદા તથા કાએદાસર ચાલનારા લોકોને દીનનો
ફતવો આપનારા—અશો મરદની જાતછે.* જેહના અચઓ બદનની અં-
દર આતમાને લગતી સકતોવાલા હોએતો, તે અશોનું અંદાંમ 'હોશ'ની
મારફતે આલમનાં લોકોને યજદાંને લગતી ખબર (આપવા) સારૂ આસ-
માંની તરીકાનો સંબંધ ધરાવનાર (ઈજદ) ના જેવુંછે. તથા 'તર્ક સકતી'ની
મારફતે સાચ્ચી દાનાઈ મેલવ્વામાં ગોએઆ આતશની મીસાલની તેજી
વાલુંછે. અકલની મારફતે દાનાઈ સાથનાં કાંમો તથા વસતુઓને સારૂ
(લોકોને) ઘણી સીખાંમણ આપનારૂં, તેમજ ભલી દીનને લગતી સહમજ
આપવાએ (લોકોને) ચહડતે દરજેનાં બનાવનારૂં, અને તે (દીન) ને લ-
ગતી વધારે પવીતરાઈ તથા સંપુરણ વીચારને વાસ્તેની વાત કેહવા અને
કરવા સારૂં ઉલટવાંનછે. અને તે (અશોનું અંદાંમ) દીલની અંદરની
